

કુમાર

સંસ્થાપક • સ્વ. રવિશંકર રાવળ
આદ્યતંત્રી • સ્વ. બચુભાઈ રાવત
વર્ષ ૫૮મું • અંક ૧૨મો
ડિસેમ્બર • ૧૯૮૧
સળંગ અંક ૬૯૬
આવતી કાલનાં નાગરિકોનું માસિક
તંત્રી • બિહારીલાલ ટાંક



જગન્નાથપુરીનો સાગરકાંઠો (ફોટો • અશ્વિન મહેતા)



નખી તળાવ (કલાકાર: સોમાલાલ શાહ) આબુની ગિરિમાળામાં, સમુદ્રની સપાટીથી ચારેક હજાર ફૂટની ઊંચાઈએ આવેલો વિશાળ સપાટ પ્રદેશ ત્યાંનાં ઉત્કૃષ્ટ કલાયુક્ત જૈન મંદિરોના કારણે હવે તો જગવિખ્યાત બની ગયેલો છે. અહીંનું 'ગુરુશિખર' દરિયાની સપાટીથી ૫૬૫૦ ફૂટ ઊંચું હોઈ ઉત્તરે હિમાલય તથા દક્ષિણમાં નીલગિરિની વચ્ચે ઊંચાઈમાં ઊંચું પર્વતશિખર ગણાય છે. આબુનું હવામાન, પ્રાકૃતિક સૌન્દર્ય અને જૈન મંદિરો ઉપરાંત અહીંનું એક મુખ્ય આકર્ષણ છે આ નખી તળાવ. લોકો કહે છે કે દેવોએ તે પોતાના નખ વડે કોરી કાઢ્યું હતું. ત્રણ બાજુની ઊંચી ટેકરીઓની ગોદમાં બહોળા વિસ્તારમાં ફેલાએલું આ તળાવ આસપાસની પ્રકૃતિશ્રીથી અત્યંત સુંદર લાગે છે. ભારતનાં અતિ સુંદર સ્થાનોમાં તેની પણ ગણના થાય છે. ઈ. ૧૮૨૨માં કર્નલ ટોડને તેની ભાળ મળ્યા પછી ઉત્તરોત્તર અહીં વિકાસ થતો ગયો. પ્રથમ ગોરા અમલદારો ગરમીમાં અહીં હવાફેર માટે આવતા. ૧૮૪૦થી અપંગ ગોરા સૈનિકોને ગરમીમાં અહીં લાવવામાં આવતા. ૧૮૪૫માં સિરોહીના મહારાવે અહીં અંગ્રેજોને સૅનિટેરીયમ બાંધવા જમીન આપી હતી. એક કાળે આ નખી તળાવને કાંઠે ગોરા સૈનિકોની છાવણી પણ રહેતી હતી. આમ, ફેરફારો તો થતા રહ્યા, સહેલાણીઓની અવરજવર ઉત્તરોત્તર વધતી રહી, ઘણું બદલાઈ ગયું, પણ નખી તળાવનું સૌન્દર્ય હજી યે સૌને એટલું જ આકર્ષે છે. કલાકારને પણ ત્યાંના આ શાંત એકાંત ખૂણાએ જકડી લીધા છે. આબુના આ ઉચ્ચ વિસ્તારની ઘણીખરી લાક્ષણિકતાઓને સમાવી લેવા સાથે કલાકારે ઊંડાણ ભર્યા ચિત્રસંયોજન દ્વારા ત્યાંના એ નિર્મલ સૌન્દર્યને તાદશ કર્યું છે.

ડિસેમ્બર ૧૯૮૧
સળંગ અંક ૬૯૬

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વર્ષો પછી એને મળતાં / ઉશનસ્

(મંદાક્રાન્તા • સૉનેટ)

જાણું, જાણું : બધું સમજું; શું હું નથી જાણતો કે
મુગ્ધાવેશે ફૂટતી વયને વેગ બેઠાં કરી જે
એવુંને'વું નથી ટકતું કૈં પ્રીતમાં, જેમ બીજે;
ને જાણું છું સમય, પ્રવહે જે બધું તાણતો તે;

ઓછું આંકું બળ સમયનું ના જરી, જે પ્રવાહે
ખેંચી લાવી પડ પર પડો કાંપનાં ઠારી મૂકે;
નીચે પેલી પ્રથમ પ્રીતની બે પળોનું ગજું કે?
સ્હાનુભૂતિ, અગર મુજને પૂર્વવત્ તું ન ચાહે;

જાણું છું હું : ધસમસી કશું આવતું, ફૂલીફાલી
ચાલી ધીમે જતું પછી, કશું ના 'પણે હાથ, વ્હાલી!
–ને તારે તો વળી સજણથી વિસ્તર્યું છે કુટુમ્બ,
વત્સો જેને વળગી પડતાં વ્હાલસોઈ તું અંબ;

ના યાદો'વું, સહજ ગણું છું; હું ન એવો અદમ્ય,
મારી અત્ર સ્થિતિથી સમજું; તારું સૌ તત્ર ક્ષમ્ય.

તબિયત / લલિત ત્રિવેદી

• ગઝલ •

ઘણી વાર સનેપાત પણ ઊપડે છે
નથી સારી રહેતી આ ઇચ્છાની તબિયત.

આ આંખોની રગ પારખી નહીં શકો આપ,
મેં પ્હેરી જ રાખી છે ચશ્માંની તબિયત.

કોઈ એક પથ્થરને ફેંકી તો જોજો
છે સંભવ કે સુધરી અરીસાની તબિયત!

પર્ણો કશું જાતે સમજી ખરી જાય
હલે પણ નહીં સ્હેજ મૂળિયાંની તબિયત.

પ્રસંગોના સુમસામ અંધાર વચ્ચે
કદી જોઉં છું હસ્તરેખાની તબિયત.

કોઈથી ન પકડી શકાઈ બીમારી
બધાએ પૂછી માત્ર પગલાંની તબિયત.

ન જડતું કોઈ ઝાંખી ઝાંખી નજરને
સરે લાકડી ટેકે દાદાની તબિયત.

અજવાળું રમે / લાલજી કાનપરિયા

• ગાન •

આજ અચાનક અજવાળાંનાં ઊઘડ્યાં સાત કમાડ રે અજવાળું રમે,
આજુબાજુ અજવાળાં ને ઝરમર ભીનાં ઝાડ રે અજવાળું રમે.

હું તો મારા મનની સાથે ગાવા બેઠી ગાણું રે અજવાળું રમે,
કમખે ટાંક્યા આભલિયાંમાં ઝલમલ ઝલમલ ટાણું રે અજવાળું રમે.

આંખવછોયું કોઈ અચાનક આવી ઊભું ફળિયે રે અજવાળું રમે
હળવે મુંને સાદ કરી બોલાવી જૂઈની કળીએ રે અજવાળું રમે.

ફળિયા વચ્ચે ઊભી રહી તો વરસે નભનું વ્હાલ રે અજવાળું રમે
હું ને જીવણ એકબીજાથી અડકી બેઠાં ગાલ રે અજવાળું રમે.

છાતી વચ્ચે કોમળ કોમળ ફૂલ જેવું કૈં ઊગ્યું રે અજવાળું રમે
સાત રંગનું પતંગિયું એક લોહી સોંસરું પૂગ્યું રે અજવાળું રમે.

હરખપદુડી ખુદને ભૂલી ક્યાંની ક્યાં હું નીકળી રે અજવાળું રમે
છેવટ મારી સપનાંભીની આંખે રાત ઢળી રે અજવાળું રમે.

તર્યો છું / યોસેફ મૅકવાન

• મુક્તક •

આ જીવનના યુદ્ધમાં રાખી ખુમારી
ઘાવ ઝીલી વાયુ શો થૈને ફર્યો છું
મત્સ્ય સામે નીર તરતું જાય કોઈ
એ રીતે હું કાળની સામે તર્યો છું.

આભ અષાઢી / કિસન સોસા

• ગાન •

આભ અષાઢી વરસે ઘેઘૂર રાતરાતભર ઝરઝર ઝરઝર
નેવેથી સન્નાટો નીતરે રવ નિરંતર ઝરઝર ઝરઝર
ભીંન્યુંના લીંપણમાં હલબલ ઓકળિયુંનાં મોજાં ઊછળે
દીવે ડૂબ્યો સૂરજ ઝાંખો, ઝાંખુંછમ ઘર ઝરઝર ઝરઝર
તંદ્રાના મલમલ પડદાએ ઝાંય સળકતી સપનાંઓની;
સર્પ ગતિએ હવા સરકતી સરસર સરસર ઝરઝર ઝરઝર
મોભ મૂંગો ને સ્તબ્ધ થાંભલા ભીના શ્વાસો ભરે બારણાં
ભીંત છબીમાં મૌન મરકતું એક તરુવર ઝરઝર ઝરઝર.

ત્રણ તાન્કા / રમેશ આચાર્ય

ગિરિનગરે
શિયાળાની સવારે
ભારેપગે જે
વાદળી કરગરે
ટેલિફોનના તારે.

જોયું સવારે
પડ્યું છે રાતે હિમ,
ફળીમાં છોડ
ચીમળાયાં જો ક્યારે
કાઢું ખબર સીમ.

શિયાળે સહુ
તાપણા સામે દીઠ,
કોમળ હાથે
સૂર્ય પસવારે જે
તેના તરફ પીઠ.

સંકલ્પ

બહાદુરશાહ પંડિત

અમેરિકાના કેટલાક વૈજ્ઞાનિકોએ એક પ્રયોગ કર્યો. એમણે ફાંસીની સજા પામેલા એક ગુનેગારને સરકાર પાસેથી માગી લીધો. એની હાજરીમાં એક ઝેરી નાગ લાવવામાં આવ્યો અને એને કહ્યું, 'તને આ નાગ કરડાવીને મારી નાખવામાં આવશે.' કેદીની આંખે પાટા બાંધવામાં આવ્યા અને એના પગે ટાંકણી મારવામાં આવી. કેદી તરત જ મૃત્યુ પામ્યો. એના શબનું પોસ્ટ-મોર્ટમ કરવામાં આવ્યું તો હૃદયમાંથી ઝેર નીકળ્યું.

વિચાર એ એક પદાર્થ છે. એની રાસાયણિક પ્રક્રિયા શરીર પર થાય છે. ઉપરના દાખલામાં કેદીને ખરેખર સાપ કરડાવવામાં આવ્યો નહોતો. છતાં એના મનમાં તો એમ જ હતું કે એને સાપ કરડ્યો. ધાકથી એ મૃત્યુ પામ્યો એટલું જ નહિ, પણ એના હૃદયમાંથી ઝેર પણ નીકળ્યું.

ધૌમ્ય મુનિનો એક શિષ્ય એક વાર દારૂની લતે ચઢી ગયો. દારૂનું બહુ વ્યસન થઈ ગયા પછી એને પસ્તાવો થવા લાગ્યો. એણે ધૌમ્ય મુનિ પાસે આવી આજીજી કરતાં કહ્યું, 'ગુરુદેવ, મને આ વ્યસનમાંથી બચાવો.'

'એ મારું ગજું નહિ.'

'આપ સિવાય મને કોણ બચાવી શકે?'

'તું પોતે જ તારી જાતને બચાવી શકે.'

'એ કેવી રીતે?'

'જે રીતે વિચારથી તારું પતન થયું છે, એ રીતે જ હવે વિચારો વડે જ તારા અભ્યુદય માટે પ્રયત્ન કર.'

આપણા વિચાર બદલાતાં આપણું આખું જીવન અને ભાવિ બદલાઈ જાય છે. વિચાર એ સર્વ કાર્યોનો રાજા છે. વિચાર પ્રમાણે આચાર થાય અને એ મુજબ જીવન ઘડાય.

ચ્યવન ઋષિ સાવ વૃદ્ધ હતા. એમની પત્ની સુકન્યાએ દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોની સાધના કરી. એ પ્રસન્ન થયા, અને પ્રત્યક્ષ થઇને બોલ્યા :

'માગ, માગ; જે માગે તે આપીએ.'

'મારા પતિને યુવાન બનાવો.' સુકન્યા બોલી,

'એ અમારા હાથની વાત નથી.'

'ત્યારે?'

'ચ્યવન ઋષિએ પોતે નિર્ધાર કરવો પડશે કે એમણે યુવાન થવું છે કે નહિ.'

'એમની ઇચ્છા તો છે.' સુકન્યા બોલી.

'સામાન્ય ઇચ્છા ના ચાલે. એમણે તો દૃઢ સંકલ્પ કરવો પડશે.'

અને ચ્યવનઋષિ સંકલ્પથી યુવાન બન્યા, સંકલ્પ એ અનોખું બળ છે. સંકલ્પથી માણસ પોતાના દેહ ઉપર શાસન કરે છે. દૃઢ સંકલ્પથી જ માનવી પોતાની જાતને ઇચ્છા પ્રમાણે ઘડી શકે છે.

દુનિયાના જે માણસોએ અદ્વિતીય અને અદ્ભુત સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. એ બધાની પાછળ આ સંકલ્પનું બળ રહેલું છે. વાસ્કો-ડ-ગામાએ અમેરિકા શોધી કાઢ્યો એની પાછળ સંકલ્પનું બળ હતું અને ગાંધીજીએ ભારતને આઝાદી અપાવી એની પાછળ પણ સંકલ્પનું બળ હતું. પરીક્ષામાં પહેલો નંબર લાવનાર વિદ્યાર્થીમાં પણ સંકલ્પનું બળ હોય છે અને ૮૦ વર્ષે દરિયો તરનારમાં પણ સંકલ્પનું બળ હોય છે.

સંકલ્પ એટલે દૃઢ નિર્ણય, વિચારની ચોકસાઈ. માર્ટિન લ્યુથરે કહેલું, 'છાપરા પર જેટલાં નળિયાં છે એટલા દુશ્મનો હશે તો પણ હું મારા વિચારો પ્રગટ કરતાં ડરવાનો નથી.' અને આ સંકલ્પના બળથી જ એમણે રૂઢિચુસ્ત ધર્માંધતા સામે માથું ઊંચકી એ ધર્મસુધારક બની શક્યા.

આપણે પણ વિચારો તો ઘણા કરીએ છીએ. પણ આપણા વિચારો પાછળ મનોબળ નથી હોતું, આત્મબળ નથી હોતું. સંકલ્પ એટલે વિચાર વત્તા આત્મબળ. જ્યાં સુધી વિચારને મનનું બળ મળે નહિ ત્યાં સુધી એ સંકલ્પ બનતો નથી. એક વાર એ સંકલ્પ બને પછી સિદ્ધિ પ્રાપ્ત થાય છે જ.

રજનીશજી તો ત્યાં સુધી કહે છે કે લૉટરીમાં તમારે પ્રથમ ઈનામ મેળવવું હોય તો પણ એ પ્રમાણેનો સંકલ્પ કરો. તમારા સંકલ્પ પાછળ દૃઢતાનું બળ હશે તો તમને પ્રથમ ઈનામ મળશે જ.

આપણા વિચારોની અસર દરિયામાં નાખેલી કાંકરીની જેમ વાતાવરણ પર અસર પાડે છે. પણ એક નાની કાંકરી કરતાં મોટો પથ્થર પડે તો સાગરનાં પાણી વધારે હિલોળે ચડે એમ નાના વિચાર કરતાં સંકલ્પની વધારે અસર થાય છે. સંકલ્પમાં જે સામર્થ્ય છે એ આણુબૉમ્બ જેટલું છે. સંકલ્પથી એક માણસ હજારોને પાછા હટાવી દે છે.

માનવીનો દૃઢ સંકલ્પ એને જીવાડી પણ શકે. ગાંધીજીને જો મારી નાખવામાં આવ્યા ના હોત તો એમની સવા સો વર્ષ જીવવાની ઇચ્છા અને જાહેરાત સર્વવિદિત છે.

આમ સંકલ્પ એ ચમત્કારનો જન્મદાતા છે, સિદ્ધિનો પ્રેરક છે. સંકલ્પથી અશક્ય કાર્યો પણ સિદ્ધ થાય છે. □

અમને જણાવતાં બહુ જ દુ:ખ થાય છે કે 'વિચાર-વિશેષ'ની આ લેખમાળા તથા અન્ય લખાણોથી 'કુમાર'ના વાચકોમાં સુપરિચિત શ્રી બહાદુરશાહ પંડિતનો ગઈ તા. ૨૫ નવેમ્બરે અમદાવાદમાં એમના નિવાસસ્થાને દેહાન્ત થયો છે. અધ્યાપન ઉપરાંત, અનેક સામયિકોમાં પ્રકટ થતા રહેતા એમના વિવિધ વિષયના લેખો તથા પોતાના મિલનસાર સ્વભાવથી એમણે ચાહક-મિત્રોનું એક બહોળું વર્તુલ રચ્યું હતું. એમનાં કુટુંબીજનો પરની આ આપત્તિ પ્રત્યે અમે અમારી પૂરી દિલસોજી વ્યક્ત કરીએ છીએ અને એમના આત્માને શાન્તિ ઇચ્છીએ છીએ. —તંત્રી

થાકી જવાય તેટલો શ્રમ કરીને પણ રોજેરોજનું જરૂરી તેટલું બધું જ કામ પૂરું કરવાની ચીવટ હોવી એ અલબત્ત સારું છે. પરંતુ એટલું જ પૂરતું નથી. કામ કર્યાનો ખરો સંતોષ તો તેના પ્રત્યેનો તમારો અભિગમ કેવો છે તેના પર આધારિત છે. કોઈ પણ કાર્ય અંગે તમે શું વિચારો છો તેનું પણ તેમાં મહત્ત્વ છે. તે કાર્યમાં તમને કેટલો રસ છે, તેને પૂરું કરવાની જ નહિ, તેને સારી-સુંદર રીતે પાર પાડવાની તમારી ઇચ્છા અને ક્ષમતા પણ તેમાં કારણભૂત બની રહે છે. પણ આ દેખાય છે તેટલું સરળ નથી. કોઈ પણ કાર્ય અંગેનો સંતાપ કે પરિશ્રમ તો તમારી પ્રફુલ્લિતતાને હણી લેશે. એ માટે તો એ કાર્યને તમારા પર સવાર થવા ન દો. તેને પાર ઉતારવાની બધી રીતની લગામ તમારે હસ્તક જ રાખો. ઉત્સાહથી રસ લઇને પૂરા કરેલા કાર્યનો આનંદ કંઈક અનેરો જ છે. એથી દિવસના અંતે તમે થાકેલા-હારેલા નહિ, વિજેતા હોવાનું અનુભવશો. સામાન્ય કામ પણ સારી રીતે – સુંદર રીતે કરવામાં એક આગવું ગૌરવ અનુભવાય છે. એ કર્યા પછીનો આરામ સાચા અર્થમાં શાંતિ આપે છે.

ઈટાલીની ઉત્પીડિત પ્રતિભા

રૂંધાયેલી જિંદગીને આકાશનું પોલાણ પણ ક્યારેક ભીંસતું લાગે છે. ઉપરથી સુખી દેખાતી નેપલ્સ નગરીનું જીવન પણ ત્યારે એવી ભીંસ અનુભવી રહ્યું હતું. અલબત્ત, સૂર્યનો પ્રકાશ એની શેરીઓને સોનેરી રંગે રંગી રહ્યો હતો, પણ એનાં કિરણો નીચે નગરીના ઊંચ-નીચ, ગરીબ-તવંગર સૌ કોઈ એક સરખી યાતના અનુભવી રહ્યા હતા.

સોળમી સદીના વચગાળાનો એ કાળ હતો. માર્ટિન લ્યુથરે વિટેન-બર્ગના આંગણેથી ઉઠાવેલા ધર્મસુધારણાના પોકારનો પ્રભાવ ત્યારે ઓટ પર હોઇને ખ્રિસ્તીઓના ધર્માધ્યક્ષ પોપ એ પ્રભાવને નામશેષ બનાવી દેવા ઉદ્યુક્ત થયા હતા. નેપલ્સ ત્યારે સ્પેઈનની સત્તા હેઠળ હતું. અને એ પરાધીનતાએ એની ઓછી પાયમાલી નહોતી સરજી, પરંતુ રાજસત્તા કરતાં ધર્મસત્તાની સીતમખોરી જરા યે ઓછી ઊતરે તેવી નહોતી. સ્થાપિત ધર્મ સામે માથું ઊંચકનારાંનાં માથાં ટપોટપ વધે-રાતાં જતાં હતાં. તાર્કેમાદા, સેવનારોલા અને બ્રુનો જેવી પ્રકાંડ પ્રતિભાઓને પોપની તપાસસમિતિનો ભોગ બનતાં જીવતી જલાવી દેવામાં આવી હતી, એની અમાનુષિતા હજી જેવી ને તેવી ઉગ્ર રહેલી. બાઈબલની ક્ષતિઓ જનસાધારણની નજરે ન ચડે એટલા માટે જન-સાધારણને તો એ ખ્રિસ્તી ધર્મગ્રંથ વાંચવા સુધ્ધાંની મનાઈ ફરમાવવા-માં આવેલી. તપાસ-સમિતિની સર્વત્ર પથરાયેલી જાસૂસી જાળે સંગીત-ની એ પ્રફુલ્લ નગરીનું સંગીત સૂકવી દીધું હતું. લોકોના ચહેરા પરથી ઉલ્લાસે જાણે દેશવટો લઈ લીધો હતો. સારું યે ખ્રિસ્તી જગત આ સીતમખોરી સામે કબ્રસ્તાનની શાંતિ અનુભવી રહ્યું હતું, અને એ શાંતિ ધીમેધીમે નફરતનું સ્વરૂપ લેતી જતી હતી.

આવા અશાંત યુગમાં ઈ. ૧૫૪૪ના માર્ચની ૧૧મીએ નેપલ્સ નગરીમાં એક એવી પ્રતિભા પ્રસવી જે સમગ્ર ઈટાલીની એક અનન્ય વિભૂતિ બની રહી. એનું નામ તાર્કેતો તાસો. ઈટાલીના અન્ય બે મહા-કવિઓ દાંતી અને વર્જિલ વચ્ચેની સંયોગી કડીરૂપે આ એનો ત્રીજો મહાકવિ પણ એટલો જ વિખ્યાત છે. એની માતાનું નામ પોર્સિયા, પિતાનું નામ બર્નાર્દો, જે સાલર્મોના ઠાકોર સાનસેવેરિનોનો કાર-ભારી હતા. અને એ પોતે પણ એક કવિ અને વિદ્વાન હતા.

પિતાએ પુત્રને નેપલ્સના જેસ્યુઈટોના હાથ નીચે શિક્ષણ માટે મૂક્યો. તાસોએ અભ્યાસમાં એટલી તો પ્રગતિ સાધી કે માત્ર દસ જ વર્ષની વયે તે ચાહે તેવા ગ્રીક ને લૅટિન ગ્રંથોના ભાષાંતર કરવા શક્તિ-માન બની ગયો. તેનો આ વિદ્યાભ્યાસ નિરંતરાય ચાલુ જ હતો ત્યાં એકાએક દુર્ભાગ્યનો ઓળો એ કુટુંબ પર ઊતરી પડ્યો. નેપલ્સના સ્પેનિશ વાઈસરૉય ડૉન પેડ્રોએ પોપમાન્ય ખ્રિસ્તી ધર્મને રક્ષવા જે દમનનીતિ આચરી હતી તે સામે સારી યે પ્રજા તંગ થઈ ચૂકી હતી. પ્રેમધર્મના પ્રચારક ઈસુ ખ્રિસ્તના અનુયાયીઓ આવા ક્રૂરકર્મી બનતાં સાલર્નોનો ઠાકોર જર્મનીના શહેનશાહ પાસે દાદ મેળવવા ઊપડ્યો, સાથે તાસોના પિતા બર્નાર્દોને પણ લીધા.

પરંતુ તેમનો આ પ્રયાસ ડૉન પેડ્રોથી છૂપો રહી ન શક્યો, અને તેણે ન્યુરેમ્બર્ગથી જ તેમને આગળ વધતા અટકાવી દીધા. હવે તેમને માટે નેપલ્સ પાછા ફરવું અશક્ય બની ગયું, કારણ પેડ્રોએ બંનેને બળવાખોર જાહેર કરી એમની મિલકત જપ્ત કરી લીધી હતી. તાસો એક બળવાખોર જાહેર થયેલા પિતાનો પુત્ર હોઈ નેપલ્સમાં એની કોઈ સલામતી નહોતી, પરિણામે ભગ્નહૃદયા માતાને એકલી તજી તેને નેપલ્સ છોડી ગયા વિના છૂટકો ન રહ્યો. પતિ અને પુત્રના વિરહમાં આ નિર્દોષ નારી થોડા જ સમયમાં મૃત્યુ પામી. તાસોના હૃદય પર એ એક કારી



મહાકવિ

તાર્કેતો તાસો

અશોક હર્ષ

ચોટ હતી, પરંતુ એની જિંદગીના ખેતરમાં કમનસીબીના જ ચાસ પડતા જવાના હતા તેનો ત્યારના કિશોર તાસોને ક્યાંથી ખ્યાલ હોય?

કિશોર તાસો જ્યાંજ્યાં જતો ત્યાંત્યાં એની પ્રતિભા સંમાનિત બનતી, પરંતુ આ સંમાન છતાં એનું હૃદય તો બે વરસથી ન જોયેલું પિતાનું મુખ જોવા તડપી રહ્યું હતું. પુનર્મિલનના એના તમામ પ્રયાસો નિષ્ફળ નીવડ્યા હતા, છતાં તેણે એ પડતા મૂક્યા નહોતા. આખરે પેસારો મુકામે બંનેનો ભેટો થઈ ગયો. પિતા બર્નાર્દોની ત્યારનાં રાજ-કુટુંબોમાં સારી ઓળખાણ હતી એટલે તાસોને પેસારોના ડ્યુકને ત્યાં મૂકી દીધો. ડ્યુકે તાસોને પોતાના પુત્રની સાથે શિક્ષણ લેવાની સગ-વડ કરી આપી. અહીં રહીને ડ્યુકના પુત્રની સાથે એણે ઘોડેસવારી, પટાબાજી અને વાદ્યસંગીતની પણ તાલીમ મેળવી.

તાસોની જિંદગીનો આ એક સુખી ગાળો ગણી શકાય. બંને કિશોરો સાહિત્ય, ફિલસૂફી, ગણિત વગેરેનું અધ્યયન કરતા રાજમહેલ-માં એકબીજાની સોબતમાં કલાકોના કલાકો ગાળતા. દરમિયાન એને પિતાને મળવા વેનિસ જવાનું થયું. પિતા બર્નાર્દોએ એ અરસામાં પોતાના કાવ્ય 'આમાદિગી'ના પ્રકાશન માટે પ્રયાસો આદર્યા, પણ કોઈ પ્રકાશક તે માટે તૈયાર ન થતાં તે હતાશ બની ગએલો. એને પોતાનો પુત્ર આવા અપુરસ્કૃત ક્ષેત્રમાં ન પડે તે માટે તેનો ચાલુ અ-ભ્યાસ છોડાવી વકાલતનો અભ્યાસ કરાવવાનો નિર્ણય કર્યો. તાસોને પિતાનો આ નિર્ણય મુદ્દલ ગમ્યો નહિ, છતાં આજ્ઞાંકિત તાસોએ પોતાનું મંતવ્ય વચ્ચે આણવાને બદલે પાદુઆની વિદ્યાપીઠમાં કાય-

દાનાં થોથાં ઉથલાવવા માંડ્યાં. પોતાના નૈસર્ગિક સ્વાતંત્ર્યને નેવે મૂકી રોમન કાયદાના અભ્યાસમાં તે અટવાઈ પડ્યો.

પરંતુ તાસોનું કવિહૃદય આ કૃત્રિમતા લાંબો સમય જીરવી ન શક્યું. એને લાગ્યા જ કરતું હતું કે, કાયદો એ તો માણસને ફરજિયાત નીતિમાન બનાવવા માટેનો એક સાણસો હતો, જ્યારે વકીલાત એ બીજું કશું જ નહિ પરંતુ નીતિની નબળી બાજુ શોધી કાઢવાનો ધંધો હતો. એક વર્ષથી વધુ સમય તે આ શિક્ષણને વફાદાર રહી ન શક્યો. પોતાની પ્રતિભાને જોઇતું પોષણ કાવ્યસાહિત્ય જ આપી શકે એમ હોવાની પ્રતીતિ એને થઈ ચૂકેલી. અને પોતાના પુરોગામી વર્જિલને અનુસરી એણે એની કાવ્યપ્રતિભાના પ્રથમ પુષ્પ 'રિનાલ્દો' મહાકાવ્યનું સર્જન હાથ ધર્યું. આ મહાકાવ્યની હાથપ્રત તેણે જ્યાંજ્યાં વંચાવી ત્યાં બધેથી તેને એ બદલ પ્રશંસા જ મળી.

પુત્રની આ કાવ્ય-ઘેલછાની જાણ પિતાને થતાં તેના સંતાપનો પાર ન રહ્યો. વર્ષભરનું શિક્ષણ કાવ્યની થોડીક પંક્તિઓના સર્જન પાછળ ખરચાતું જોઇને તેનો જીવ કકળી ઊઠ્યો, અને પુત્રને આ બદલ ઠપકો આપવા તે સીધો જ પાદુઆ પહોંચ્યો. તાસોને એણે ભારે ઠપકો આપવા માંડ્યો, પણ તાસો એની સામે એક હરફ પણ ન ઉચ્ચારતાં બહુ શાંતિપૂર્વક સાંભળી રહ્યો. તેની આ અવિચળ શાંતિએ બર્નાર્દોને ઊલટો વધુ ઉશ્કેરી મૂક્યો અને તે બરાડ્યો, 'આખરે તું કહીશ ખરો કે કયા કારણે તું એ તુચ્છ ફિલસૂફી પર આટલો ગરૂર ધરાવે છે?'

'કારણ કે તેણે મને તમારા ઠપકાની કઠોરતા સંપૂર્ણ સમતોલપણે અને મૃત્યુસમયની શાંતિપૂર્વક સાંભળી રહેવાનું બળ આપ્યું છે.' તાસો બોલ્યો. પુત્રના આ ઉત્તરનો પ્રત્યુત્તર પિતા પાસે નહોતો.

તાસો એ પછી કાર્લો સિગોનિયોની 'લીરિક સ્કૂલ'માં જોડાયો અને એરિસ્ટોટલની 'પોએટિકા' પર અપાતાં વ્યાખ્યાનો સાંભળવા લાગ્યો. સત્તર વર્ષની વયે એણે પોતાનાં કેટલાંક કાવ્યો પ્રસિદ્ધ કરાવ્યાં, અને અઢારમે વર્ષે તો 'રિનાલ્દો'ની પ્રસિદ્ધિ સાથે તેણે સાહિત્ય જગતમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું. વર્જિલ જેવી જ હથોટી અને એવા જ કાવ્યગુણો ધરાવતા આ મહાકાવ્યના સર્જનથી ત્યારના મૂર્ધન્ય સાહિત્યકારો પણ તેને માનની નજરે જોવા લાગ્યા.

તાસોના કાવ્ય-સર્જન પર મુગ્ધ બની મહાન પેન્દાઝિયો તેને બોલોના લઈ ગયો. પણ બોલોનામાં એ વખતે લોકમાન્યોનાં માન ને પ્રભાવને ભોંઠાં પાડનાર એક એવી ચુગલખોર વ્યક્તિ હસ્તી ધરાવતી હતી કે તેણે ત્યાંના લોકોનાં મનમાંથી તાસોની મહત્તાને ભૂંસી નાખવાનો જ નહિ, પરંતુ તે કવિ હોવા બાબતમાં પણ શંકા ઊભી કરવાનો પ્રયત્ન આદર્યો, તેને વિષે જાતજાતની વાતો વહેતી મૂકવા માંડી. એક દિવસ વૉરંટ સાથે કેટલાક સિપાઇઓ તાસોના ખંડમાં ઘસી આવ્યા અને તેનું એકેએક પુસ્તક જ નહિ, પરંતુ એકેએક કાગળિયું ઉથલાવી ઉથલાવીને તપાસવા માંડ્યા. તાસો તો આથી દિઙ્મૂઢ બની જઈ પથ્થરના પૂતળા જેમ ખુરસીમાં જ પડ્યો, એને પોતાનાં સઘળાં પુસ્તકો, કાગળિયાં, હકીકતમાં પોતાનું જીવનસર્વસ્વ લૂંટીને ચાલ્યા જતા સિપાઈઓને તે ફાટી આંખે જોઈ જ રહ્યો.

તાસોને ત્યાંથી ઉઠાવી જવામાં આવેલાં તમામ પુસ્તકોને અને તમામ લખાણોને સઘડી પર તપાવીતપાવીને તપાવામાં આવ્યાં-વખતે લીંબુના રસ કે બીજી કોઈ છૂપી શાહીથી પોપ-વિરોધી કશું લખાણ તો કરવામાં નથી આવ્યું ને? જો કે એવું કશું વિદ્રોહજનક લખાણ ન મળ્યું, પરંતુ તાસોને તેની લૂંટાયેલી સંપત્તિ તો પાછી ન જ મળી.

તાસોએ હતાશ દિલે બોલોના છોડ્યું-એવી પ્રતિજ્ઞા સાથે કે સો મિનારવાળા એ શહેરમાં જિંદગીમાં કદી ફરી પગ ન મૂકવો. પરંતુ સ્વર્ગસ્થ માતા અને હદપાર પિતાના વિયોગે ઝૂરતા હતભાગી તાસોને એના જીવનભરમાં ક્યાંય એવી શાંતિ ન સાંપડી જ્યાં તે સ્વસ્થપણે સ્થાયી રહી શકે.

પોતે કાવ્યાભ્યાસની પાછળ ગાળેલાં વર્ષોના પરિપાકરૂપે તાસોએ કાવ્યકલા પર ત્રણ નિબંધો લખ્યા. આથી પ્રભાવિત બનેલા ફરારાના ડ્યુક આલ્ફોન્ઝોના ભાઈ કાર્ડિનલ લુઈજી દેસ્તીએ તેને પોતાને ત્યાં રાખી પોતાની બે બહેનો લીઓનોરા ને લુક્રેસિયાને કાવ્યશિક્ષણ આપવાનું સોંપ્યું. તાસોએ પહેલાં તો હા પાડવાની ખાતર હા પાડી દીધી, પણ પછી જોયું કે બંને કુંવરીઓનું જ્ઞાન ઘણું ઊંડું હતું અને તર્કયુક્ત દલીલો સાથે એમનો વાર્તાલાપ પણ વિદ્વત્સદશ હતો. તાસોને લાગ્યું કે બીજા કોઈના પણ કરતાં આ બહેનો પોતાને વધુ સમજી શકી હતી. તેમનો સહવાસ તેને પ્રેરણારૂપ થઈ પડ્યો.

એક દિવસે ડ્યુકનો કોઈ નોકર કશી ગલતી કરી બેસતાં તાસોએ તેને ફટકાર્યો. બદલામાં એ નોકરે તાસો સામે દ્વંદ્વયુદ્ધનો પડકાર મૂક્યો. તાસો તૈયાર થયો. બંને ગામની ભાગોળે પહોંચ્યા. એકાએક તાસોની સામે ત્યાં બીજા ત્રણ તલવારધારીઓ કૂદી પડ્યા. ચિત્તાની ચપળતાપૂર્વક તાસો થોડાં ડગલાં પાછળ હઠી ગયો અને ચારેની સામે બરાબરનો પેંતરો જમાવ્યો. તેનું કાંડું તલવાર કરતાં યે મજબૂત અને આંખો કરતાં યે ચપળ હતું, દુશ્મનના એક ઘા સામે તેણે ત્રણત્રણ ઘા કરી ચારેને મહાત કર્યા. તેનો આ વિજય લોકવાણીમાં બિરદાવા પામ્યો:

With the sword as with pen
Tasso vanquishes all men.

ડ્યુકે ચારે હુમલાખોરોની મિલકત જપ્ત કરી તેમને દેશનિકાલ કર્યા, અને તાસોને જેલમાં નાખ્યો! કારણ એ હતું કે તાસો હવે તેના દરબારથી કંટાળ્યો હતો અને અહીંના અંધીઆર વાતાવરણથી છૂટવા એણે ફ્લૉરેન્સ પત્રો લખેલા એ ડ્યુકના જાણવામાં આવી ગયેલું. ડ્યુકને એ પરથી વહેમ ગયેલો કે તાસોએ પૂરું કરેલું અને આજે પણ જગતમાં અજોડ ગણાતું મહાકાવ્ય 'યેરૂસલેમ લિબરેતા' તે પોતાને અર્પણ કરવાને બદલે મેડિચીને અર્પણ કરી દેશે. આ વહેમમાં ને વહેમમાં તાસોને જેલમાં પૂરવા ઉપરાંત તેનાં બધાં પુસ્તકો ને હસ્તપ્રતો પણ કબજે કરી લીધાં.

એક વરસ સુધી આ રીતે ફરારાના ડ્યુકની કેદમાં સબડ્યા પછી આખરે એક ખેડૂતના વેશમાં એ નરકાગારમાંથી નાસી છૂટ્યો. જિંદગીનાં દસ વર્ષ તેણે ફેરારામાં લીઓનોરા ને લુક્રેસિયા જોડે ગાળેલાં, પણ હવે?

પોતે ગુમાવેલા એ સ્વર્ગીય સુખની સ્મૃતિઓનો બોજ વેંઢારતો તે શહેરી માર્ગોથી દૂર ધૂળિયા રસ્તાઓ પર ગુમરાહપણે ચાલતો જ રહ્યો. અજ્ઞાતતાનો એવો અંચળો એણે ઓઢી લીધો કે એ ક્યાં હશે એની કોઇને ભાળ જ ન લાગી.

આખરે એક દિવસ તુરિનમાં એ પાધરો થયો. ઈટાલીના સાહિત્ય જગતમાં પોતાની બોલબાલા પ્રવર્તતી હોવાનું તેણે જાતે સાંભળ્યું. પણ એ હવે સર્વથા વીતરાગ બની ગયો હતો. એને કોઇનો કે કશાનો હવે મોહ નહોતો રહ્યો. સૅવૉયના ડ્યુકે તેને માનભેર પોતાને ત્યાં નિમંત્ર્યો, પણ તાસોએ તેની મહેમાનગત માણવાની સાફ ના પાડી દીધી.

નિષ્કંચન અને નિઃસ્પૃહ તાસો તુરિનથી રોમ પહોંચી પોતાના પ્રિય મિત્ર મૉરિસિયો કેતેનિયોને મળ્યો. કેતેનિયો તેને ઓળખી પણ માંડમાંડ શક્યો. વર્ષો બાદ અને કીર્તિના સર્વોચ્ચ શિખરે પહોંચ્યા. પછીના મિત્રના આ પુનર્મિલનથી કેતેનિયોના આનંદનો પાર ન રહ્યો અને એણે રોમના નગરજનોને જાહેર કર્યું કે 'આપણો તાસો હવે રોમમાં છે'. નગરજનોનો ઊમળકો તાસો પ્રત્યે એટલો ઊમટી નીકળ્યો કે પોતે આટલી હદે લોકપ્રિય બની ગયો હોવાનું ખુદ તાસોએ સ્વપ્ને યે કદી ધાર્યું નહોતું.

(અનુસંધાન પૃષ્ઠ ૩૧૦)

મોનાનું ખૂન

પુષ્કરભાઈ ગોકાણીની રહસ્યકથા

ઈન્સ્પેક્ટર કાર્તિકને કૅબરે ડાન્સર મોનાના ખૂન અંગે એક રાતે કોઈ અજાણી વ્યક્તિ ફોન કરે છે. મોના દિલ્હીના નામચીન ઉઠાવગીર શર્વિલકની સાળી હોઈ તેના ખૂનનો બદલો લેવા એ કાર્તિકને કેટલાક પુરાવા પુરા પાડવા સાથે અવારનવાર ખૂનની તપાસમાં સહાય કરે છે. શર્વિલકની ખાનદાની અને સિફત પ્રત્યે કાર્તિકને તથા કાર્તિકની હિંમત તથા બુદ્ધિ પ્રત્યે શર્વિલકને માન છે. મોનાનો ગાઢ મિત્ર હોવાનો દાવો કરતા બાબુલાલ રોહતગી જ મોનાના ખૂની હોવાનું શર્વિલક માને છે અને કાર્તિકની તપાસને પણ તે એ માર્ગે દોરે છે. વળી, બાબુલાલ અને ડીવાય. એસ. પી. પાંડેસાહેબ સાળાબનેવી હોવાની માહિતી આપે છે. તેના આધારે તપાસ કરવા જતાં તેણે પૂછપરછ માટે પકડેલો બાબુલાલ વગ વાપરી છૂટી જાય છે, એટલું જ નહિ, કાર્તિક તેનો પાંડે સાથેનો સંબંધ પુરવાર કરવામાં પણ નિષ્ફળ જતાં તેને પોતાના ઉપરી-અધિકારીઓની ખફગી વહોરવી પડે છે. વળી, શર્વિલક દિલ્હીની જેલમાંથી નાસી આવેલો છે અને તે જ કાર્તિકને બાતમીઓ પહોંચાડે તે જાણી જતાં, તથા એ ભાગેડુ કેદીને નહિ પકડવા બદલ નારાજ થઈ ડી. એસ. પી. આલોકસાહેબ કાર્તિકને તેની ડ્યૂટી પરથી ફારેગ થવા ફરમાવે છે. પરંતુ એ દરમિયાન આ કેસ નવો વળાંક લે છે. બાબુલાલ અને પાંડે સંબંધીઓ છે તથા તેઓ બંને દાણચોરો સાથે સંકળાએલા હોવાની જાણ કાર્તિકને થાય છે. તેનો રિપોર્ટ રજૂ કરતાં કાર્તિકને એની ફરજ પર ચાલુ રાખવામાં આવે છે. શર્વિલક કાર્તિકને ગોવા લઈ જાય છે. ગોવામાં કેફી પદાર્થોની દાણચોરી માટે બાબુલાલ પકડાય છે. બાબુલાલના ખૂનકેસમાં ઉપયોગી થાય તેથી ઘણી નવી માહિતીઓ સાથે કાર્તિક મુંબઈ આવે છે....

સાન્ટાક્રૂઝ ઊતરીને કાર્તિક સીધો ઑફિસે ગયો. આલોકસાહેબ તથા પ્રોસિક્યુટર વાયડાને તેણે બધી વાતોથી વાકેફ કર્યા. સાહેબ પ્રસન્ન હતા, પણ વાયડા નહિ. છતાં તેના રિપોર્ટના આધારે અને લાઇનઅપના સાક્ષીઓ વગેરેની જુબાનીથી વાયડા બાબુલાલને ખૂનના શકમંદ આરોપી તરીકે લઇને કેસ સેસન્સ કરાવી શક્યા. બાબુલાલ ઉપર ગોવાનો દાણચોરીનો કેસ પણ ઊભો જ હતો. પૂનાથી વામનરાવ જુબાની આપવા આવી શકેલા નહિ. એ પરદેશ ગયા હોઇ તેના બદલે તેમના મૅનેજરની જુબાનીથી કામ ચલાવવું પડ્યું હતું.

મોનાના ખૂનનો કેસ હવે સેશન્સમાં આગળ વધી રહ્યો હતો. વકીલ ગણાત્રા અને પ્રોસિક્યુટર મનસૂરની સામસામી દલીલબાજીઓથી અખબારો ભરેલાં રહેતાં હતાં. દરમિયાન શર્વિલકે એક નવી માહિતી પહોંચાડી. જેનાથી કાર્તિક ઘણો ઉત્સાહમાં આવી ગયો.

પરદેશથી આવેલા પ્લેનમાંથી ઊતરી રહેલા પ્રવાસીઓ પર સાદા વેષે ઇન્સ્પેક્ટર કાર્તિક સખારામને સાથે રાખી બરાબર નજર રાખતો હતો. એકાએક તેની આંખો ચમકી. તેણે એક યુવતીની સાથે વામનરાવને પ્લેનમાંથી ઊતરતા જોયા. વામનરાવ પાસે એક નાની ઍટેચી બૅગ અને યુવતીના ખભે એક મોટું પર્સ તથા હાથમાં ઍટેચી હતી. ચોપાસ નજર ફેરવી લઇ વામનરાવ બસમાં બેસી ગયા. પેલી યુવતી તેનાથી અલગ પડી બસમાં ચઢી ગઇ. સખારામને વામનરાવ પર નજર રાખવાનું કહી કાર્તિક પોતાનું આઇડેન્ટીટી કાર્ડ બતાવી કસ્ટમમાં દાખલ થઇ ગયો, અને પોતપોતાનો સામાન ચેક કરાવતા પ્રવાસીઓ પર નજર રાખતો એક તરફ બેસી ગયો. વામનરાવ પોતાનો સામાન બતાવી નીકળી ગયા. તે પછી બે-ચાર પ્રવાસીઓ બાદ પેલી યુવતીનો વારો આવ્યો. સજગ થઇ જઇ કાર્તિક તેની પ્રત્યેક હિલચાલ જોઇ રહ્યો. એણે બરાબર જોયું કે કસ્ટમ ઑફિસરનું લક્ષ તોડવા માટે એ કંઇકંઇ નખરાં કરી રહી હતી. યુવાન ઑફિસરે તેનો સામાન પણ ઉપરઉપરથી તપાસી લઇ તેને છૂટી કરી દીધી. કાર્તિક સમજી ગયો કે જો તેની પાસે કંઇ છુપાવવા જેવું હશે તો તે તેની પર્સમાં જ હશે, જેણે તેણે પોતાના ખભા પરથી અળગી થવા દીધી નહોતી. કસ્ટમમાંથી એ બહાર નીકળી એટલે કાર્તિક પણ તેની પાછળ બહાર આવ્યો. યુવતીએ ટૅક્સી કરી. સ્વાભાવિક રીતે જ કાર્તિકે ટૅક્સીની નંબર પ્લેટ જોઈ. એ જ એમ. આર. આર. ૩૭૫૪ નંબર હતો. કાર્તિકની શંકા દૃઢ થઇ ગઇ. તુરત તે પણ એક ટૅક્સીમાં ગોઠવાઇ ગયો, ને તેના ડ્રાયવર સરદારજીને પેલી ટૅક્સીનો પીછો કરવા સૂચના આપી. આગળની ટૅક્સીમાં પેલી યુવતિને બેસતાં સરદારજીએ જોઇ હતી, અને હવે એનો પીછો કરવાની સૂચના મળતાં સરદારજી કંઇક ગેલમાં આવી ગયા. એણે પોતાની ગાડીને વેગ આપી પેલી ટૅક્સીની આગળ લઇ લીધી ને પછી રીઅરવ્યૂ મિરરમાંથી તેના પર નજર રાખવા માંડી.

શર્વિલકે તો સૂચવેલું કે તે યુવતીને કસ્ટમમાં જ પકડી લેવી, પણ કાર્તિકનો ખયાલ તે સાથે લાવેલો માલ ક્યાં પહોંડે છે તે પણ જાણી લેવાનો હતો. પણ, એમ કરવા જતાં કદાચ માલ વગે થઇ જાય તો? આ એક જોખમ તો હતું જ, પરંતુ હવે તેમાં કંઇ થઇ શકે તેમ નહોતું. કાર્તિકની ધારણા હતી કે એ યુવતી હોટેલ મૅજેસ્ટિકમાં જ જશે, અને એથી એ હોટેલ નજીક આવતાં તેણે પાછળની ગાડીને આગળ જવા દેવા સરદારજીને સૂચના આપી. પરંતુ તેની ધારણા ખોટી પડી. એ ટૅક્સી મૅજેસ્ટિક પાસે ન થોભતાં આગળ નીકળી ગઇ. હવે કાર્તિકે પોતાની ટૅક્સી તેની પાછળ જ રહેવા દીધી. અંતે જ્યારે પેલી ટૅક્સી જ્યાં થોભી તે સ્થળ જોઇ કાર્તિક પણ નવાઇ પામ્યો. એ ગાડી જ્યાં મોનાનું ખૂન થએલું તે મકાન 'પરીજાદ' પાસે ઊભી રહી. ટૅક્સીને છોડી દઈ યુવતી એ મકાનમાં દાખલ થઇ ગઇ. દબાતે પગલે કાર્તિક પણ થોડું અંતર રાખી તેની પાછળ ગયો. આ મકાનથી તો તે હવે પરિચિત હતો જ. તે સમજી ગયો કે પેલી યુવતીએ ઉપર જઇ મોનાના ફ્લૅટની સામેના એકમાત્ર ફ્લૅટની બેલ દબાવી હતી. કાર્તિકને ખબર હતી કે એ ફ્લૅટ મિ. ઝવેરીનો હતો, જેમણે રાતે ઘેર આવતી વખતે દાદર પરથી ઊતરતા ખૂનીને જોયાની જુબાની આપી હતી અને જેમણે લાઇનઅપમાં બાબુલાલને ઓળખી બતાવ્યો હતો. વધુ આગળ ચડવાની હવે જરૂર ન હોઇ કાર્તિક એકદમ નીચે ઊતરી આવ્યો; અને તુરત કસ્ટમ સુપરિન્ટેન્ડન્ટ દીક્ષિતને ફોન જોડ્યો.

કોર્ટ આજે ચિક્કાર હતી. ખ્યાતિને કારણે મોનાના ખૂન કેસમાં લોકો પણ બહુ રસ લેતા હતા. સખારામે મહેનત કરીને અંતે હોટેલ મૅજેસ્ટિકમાં વામનરાવ પર સમન્સ બજાવી લીધો હતો. એટલે આજે વામનરાવની જુબાની હતી. ગોવાના કેસ પછી બાબુલાલ પણ અહીં કોર્ટની કસ્ટડીમાં હતો.

સોગંદવિધિ વગેરે પતાવી વામનરાવ હવે પોતાના જવાબો આપી રહ્યા હતા, પણ એમનું વલણ જરા અક્કડ હતું. તેમના કહેવા પ્રમાણે ૨૯ જાન્યુઆરીએ તેઓ પૂનામાં પોતાની હોટેલ ટિળકમાં રાતે મિત્રો સાથે રમી રમતા હતા ત્યારે તેમાં બાબુલાલ પણ સામેલ હતો. એ જ્યારે રેસ ખેલવા પૂના આવે ત્યારે ત્યાં જ ઊતરતો હતો. તે રાતે રમીમાં એ સતત જીતતો રહેલો એટલે એને હરાવવા તેઓ રાતના ત્રણ વાગ્યા સુધી રમતા હતા. સરતપાસમાં આટલી વિગતો આપીને વકીલ ગણાત્રાએ પ્રોસિ. વાયડા તરફ અદાથી ઝૂકીને કહ્યું, 'મિ. પ્રોસિક્યુટર, હવે આપને કંઇ પૂછવું હોય તો!'

એ જ વખતે કાર્તિકે આવીને પ્રોસિક્યુટરના કાનમાં કંઇ કહ્યું. વાયડા કાર્તિક સાથે વાતમાં રોકાયા એટલે ગણાત્રા બોલી ઊઠયા, 'માય લૉર્ડ, લાગે છે કે મિ. વાયડા કશી ઊલટ તપાસ કરવા ઇચ્છતા નથી, તો પછી અમારો કેસ હું પૂરો કરું છું. મિ. બાબુલાલ ખૂન સમયે...'

આ સાંભળી વાયડા એકદમ ઊભા થતાં બોલ્યા, 'માય લૉર્ડ, અદાલતનો વખત બગડયો તે બદલ દિલગીર છું, પણ મારે વામનરાવને થોડા પ્રશ્નો પૂછવા છે.'

'પ્રોસિડ.'

મિ. વામનરાવ, તમારી અને પૂનાની તમારી હોટેલ ટિળકની પ્રતિષ્ઠા વગેરેથી હું વાકેફ છું. પણ હું જાણી શકું કે તમે હાલ પરદેશમાં કયાં ગયા હતા?'

'આઇ ઑબ્જેક્ટ યૉર ઑનર,' ગણાત્રા એકદમ ઊભા થઇ જતા બોલ્યા, 'આ પ્રશ્નને આ કેસ સાથે કંઇ નિસ્બત નથી.'

'પણ, માય લૉર્ડ, હું તેને આ કેસ સાથે જોડી શકીશ. આપ મને...'

'મિ. વાયડા, તમારો પ્રશ્ન આ કેસ સાથે સંકળાતો નહિ લાગે તો કાર્ટનો વખત બગાડવા માટે તમારે...'

'પ્લીઝ યૉર ઑનર!' વાયડાએ અદાથી લળીને વિનતિ કરી.

'વામનરાવ, જવાબ આપો'.

'હું આમ્સ્ટરડૅમ ગયો હતો.' વામનરાવે ટૂંકો જ જવાબ આપ્યો.

'શા માટે?'

'માય લૉર્ડ, ધીસ ઇઝ નૉટ રીલેવન્ટ ઍન્ડ પર્ટેઇનિંગ ટુ ધ કેસ.' ગણાત્રાએ ફરી પ્રતિકાર કરતાં કહ્યું, 'આઇ ઑબ્જેક્ટ.'

'માય લૉર્ડ, પ્લીઝ બેર વિથ મી ફૉર ફ્યુ મોમેન્ટ્સ...' વાયડા વિનતિ કરતાં બોલ્યા.

'ઑબ્જેક્શન ઓવરરૂલ્ડ.' કોર્ટે જણાવ્યું, અને વામનરાવને જવાબ આપવા ઇશારત કરી.

'હું ત્યાં હોટેલના વિકાસ માટેની એક કૉન્ફરન્સમાં ગયો હતો.'

'પણ કૉન્ફરન્સ તો બે દિવસ પૂરતી જ હતી. તમે ત્યાં ઘણું રોકાયા. એટલે તમે શું બાબુલાલને સજા થઇ જાય ત્યાં સુધી રાહ જોતા હતા?' વાયડાએ સિફતથી પૂછયું.

'ધીસ ઇઝ ટૂ મચ, માય લૉર્ડ!' ગણાત્રા બરાડી ઊઠયા, 'નામદાર કોર્ટ પ્રોસિક્યુશનને ગેરલાભ લેવા દઇ રહી છે.'

'ઑબ્જેક્શન સસ્ટેઇન્ડ. મિ. વાયડા, આ વાત પૂરી થઇ. તમારે બીજું કંઇ પૂછવું છે?'

'યટ, યૉર ઑનર!' વાયડાએ કહ્યું, 'મારે આ સાક્ષી પાસેથી, એણે નીચલી કોર્ટમાં જુબાની ન આપવા માટેનું કારણ જાણવું હતું.'

'માય લૉર્ડ, એ બાબતમાં તેઓ પ્રશ્ન પૂછી શકે છે. પણ તેને અને વામનરાવના વિદેશ-પ્રવાસને કંઇ નિસ્બત નથી. વળી, નીચલી કોર્ટમાં હોટેલ ટિળકના મૅનેજરે હોટેલનું રજિસ્ટર રજૂ કરેલું છે. મિ. દુઆલ, અને રઘુનાથરાવે પણ બાબુલાલ પૂનામાં હાજર હોવાની સાક્ષી આપેલી છે, ત્યાં હોટેલનો બેરર વિઠ્ઠલ પણ...'

'ઓ. કે., ઓ. કે.!' ગણાત્રાને બોલતા અટકાવી વાયડાએ અચાનક વામનરાવને પ્રશ્ન કર્યો, 'પાંચમી ફેબ્રુઆરીએ તમે ગોવાના ઍરપૉર્ટ પર હતા?'

'આઇ ઑબ્જેક્ટ.' ગણાત્રાએ એકદમ વિરોધ રજૂ કરી વામનરાવને જવાબ આપતાં અટકાવ્યા. અને પછી, 'મિ. વાયડા' વકાલતમાં તમે શું નવા છો?'

'ના, મિ. ગણાત્રા, તમારી પાસેથી અનુભવ લઇ રહ્યો છું.'

બંને વકીલોએ માત્ર કોર્ટ અથવા સાક્ષીઓને જ સંબોધવાના છે, આપસઆપસમાં નહિ.' કોર્ટે બંને વકીલોને સૂચના આપી અને પછી ઉમેર્યું, 'ઑબ્જેક્શન સસ્ટેઇન્ડ.'

'માય લૉર્ડ, તે દિવસે જ બાબુલાલ માદક દ્રવ્યોની દાણચોરી અંગે પકડાયા હતા.' ને પછી વાયડાએ વામનરાવને પોતાના પ્રશ્નનો જવાબ આપવા કહ્યું.

'મિ. વાયડા, નામદાર કોર્ટે વાંધો માન્ય રાખ્યો છે.' ગણાત્રાએ ધ્યાન દોરતાં કહ્યું.

'ગોવામાં પાંચમી ફેબ્રુઆરીએ તમે હોટેલ ઝુઆરીમાં બાબુલાલની બાજુની રૂમમાં ઊતર્યા હતા?'

'જવાબ આપશો નહિ, વામનરાવ.' ગણાત્રાએ કહ્યું, 'યૉર ઑનર, આપે મારો વાંધો માન્ય રાખ્યા પછી આ સવાલ પૂછવો એ નામદાર કોર્ટનું અપમાન છે.'

'યૉર ઑનર,' વાયડાએ કોર્ટને આ અંગે મૂંઝવણમાંથી ઉગારતાં કહ્યું, 'મિ. વામનરાવને પ્રશ્નો પૂછવાનો મારો હક્ક કાયમ રાખીને, ઇન્સ્પેક્ટર કાર્તિકને ફરી સ્ટેન્ડ ઉપર લાવવાની પરવાનગી આપો, અને મિ. વામનરાવ કોર્ટ છોડીને ન જાય તે માટે...'

'ધીસ ઇઝ ઇર્રેગ્યુલર, માય લૉર્ડ.' ગણાત્રા બોલી ઊઠયા, 'ઇન્સ્પેક્ટર કાર્તિકની સરતપાસ અને ઊલટતપાસ થઇ ગઇ છે, અને...'

'માય લૉર્ડ, ન્યાયને ખાતર મારી આ રીક્વેસ્ટ છે.' વાયડાએ કોર્ટને વિનતી કરી. 'રીક્વેસ્ટ ગ્રાન્ટેડ.'

'મારો વાંધો નોંધી લેવા વિનંતી.' ગણાત્રા બોલ્યા, 'કદાચ મારે આગળ અપીલ કરવી પડે ત્યારે...'

'અચ્છા, તો મિ. ગણાત્રા, તમને ખાતરી છે કે તમારે કદાચ આગળ અપીલ કરવી પડે?'

'મારો અસીલ બાબુલાલ નિર્દોષ છે, મિ. વાયડા, પણ આજ ભાન ભૂલીને તમે...'

'ઑર્ડર! ઑર્ડર!' કોર્ટે એકદમ વચ્ચે પડી બંનેને બોલતાં અટકાવી કહ્યું, 'તમે બંને સિનીઅર વકીલ છો. કોર્ટ કે સાક્ષીઓ સિવાય એકબીજાને સંબોધવા માટે હું તમને આજ કોર્ટ ઊઠતાં સુધી મનાઇ ફરમાવું છું. મિ. વામનરાવ બીજો હુકમ ન થાય ત્યાં સુધી તમારે કોર્ટ છોડવાની નથી.'

મિ. વાયડાએ પોતાનું કામ આગળ ચલાવ્યું. 'ઇન્સ્પેક્ટર કાર્તિક, તમે અગાઉ સોગંદ લઇ ચૂક્યા છો. આ કેસ પણ તમે જ તૈયાર કર્યો છે. હવે કહો, તમે પાંચમી ફેબ્રુઆરીએ ડયૂટી ઉપર ગોવા ગયા હતા?'

'જી હા.'

'યૉર ઑનર, આ લિડિંગ ક્વેશ્ચન છે. આઇ ઑબ્જેક્ટ.' ગણાત્રા બોલી ઊઠયા.

'માય લૉર્ડ, આ સરતપાસ છે. છતાં હું ખયાલ રાખીશ.' અને પછી કાર્તિકને કહ્યું, 'તમે ત્યાં શું જોયું હતું તે કહો.'

'ત્યાં મેં ઍરપૉર્ટના રેસ્ટોરાંમાં મિ. વામનરાવ તથા એક બીજા ગૃહસ્થને જોયા. ત્યાં તેમને મિ. બાબુલાલ રોહતગી આવીને મળ્યા. તેમની પાસે એક કાળી સૂટકેસ હતી. જરા વારે એક્સ્ટ્રા સપ્લાયર ફાઇટ-માસ્ટર દિલાવર અને એક પરદેશી નાવિક પણ તેમની સાથે જોડાયા. થોડીવાર વાતો કરી ચાનાસ્તો લઇ ઊઠયા, અને ટૅક્સી કરીને હોટેલ ઝુઆરીમાં આવ્યા. પાછળથી મને ખબર પડી એ હોટેલમાં મિ. વામનરાવ અને તેની બાજુની જ રૂમમાં બાબુલાલ તથા દિલાવરનો ઉતારો હતો.' કાર્તિકે પાંડેસાહેબનો ઉલ્લેખ જાણીજોઇને ટાળ્યો હતો. 'થોડી વાર પછી ત્યાંના ઇન્સ્પેક્ટર બાંદોડકરે દરોડો પાડીને બાબુલાલ પાસેથી માદક પદાર્થોનો મોટો જથ્થો પકડી પાડયો હતો, ત્યાર બાદ મેં જોયું કે બાંદોડકરના ચાલ્યા ગયા બાદ વામનરાવ પણ હોટેલ છોડી ગયા હતા.'

'માય લૉર્ડ, કોર્ટનો વખત બરબાદ થાય છે.' ગણાત્રા વચ્ચે જ બોલી ઊઠ્યા, 'બાબુલાલ અવારનવાર હોટેલ ટિળકમાં ઊતરતા હતા એટલે વામનરાવ એમને ઓળખતા હોય તે સ્વાભાવિક છે. ગોવામાં તેઓ અકસ્માત મળી ગયા હોય અને સાથે બેસી ચાનાસ્તો લે તથા તે બેમાંના કોઈ એકના સૂચનથી એક જ હોટેલમાં ઊતર્યા હોય તો તેથી વામનરાવ તથા બાબુલાલની વચ્ચેના બીજા કોઇ સંબંધો હોવાનું સાંકળી શકાય નહિ. વળી, બાબુલાલની સૂટકેસ બદલાઇ ગઇ તેથી...'

'બસ, મિ. ગણાત્રા, તમારે કશો ખુલાસો કરવાનો નથી.'

'ઇન્સ્પેક્ટર કાર્તિક, તમે વામનરાવની ફિંગર-પ્રિન્ટ્સ લીધેલી છે?' વાયડાએ પૂછ્યું.

'ના જી. પણ અમારે એ લેવાની છે.'

'આઇ ઑબ્જેક્ટ, માય લૉર્ડ.' ગણાત્રાએ વળી શસ્ત્ર ઉગામ્યું.

'શા માટે, ઇન્સ્પેક્ટર?' ગણાત્રાના વિરોધનો જવાબ ન આપતાં કોર્ટે કાર્તિકને પૂછ્યું. ગણાત્રા હવે બોલી શકે તેમ ન રહ્યા.

'મોનાના રૂમમાંથી લીધેલી ફિંગર-પ્રિન્ટ્સમાંથી એક પ્રિન્ટ હજી ઓળખી શકાઇ નથી.'

'તે કોઇની પણ હોઇ શકે.' વળી ગણાત્રા બોલી ઊઠ્યા, 'મોના એક બજારુ ઓરત હતી...' વકીલ ગણાત્રાએ પોતાનો કોટ પાછળથી ખેંચાતો અનુભવ્યો. મોના માટે એમણે વાપરેલા શબ્દોથી બાબુલાલ રાતોપીળો થઇ ગયો હતો.

'મરનાર માટે કાંઇ કહેવું અજુગતું છે.' વાયડા બોલ્યા, 'પણ, યૉર ઑનર, વામનરાવને એ માટે શો વાંધો હોય?'

'આ ઇર્રેગ્યુલર છે, માય લૉર્ડ!' ગણાત્રાએ કહ્યું. વાયડાએ તે તરફ લક્ષ ન આપતાં તેમની તરફ વળીને કહ્યું, 'યૉર વિટનેસ.'

'નો ક્વેશ્ચન.' કહી ગણાત્રા બેસી રહ્યા.

હવે વાયડાએ ફરી વામનરાવને બોલાવવા મોં ફેરવ્યું તો જોયું કે સખારામ તેમની પાસેથી પાણીનો ગ્લાસ પાછો લઇ રહ્યો હતો. ગણાત્રાએ પણ એ જોયું, પણ હવે મોડું થઇ ગયું હતું.

'વામનરાવ. તમે મોનાને ઓળખતા હતા?' વાયડાએ પૂછ્યું.

પ્રથમ તો વામનરાવ જવાબ આપતા ખમચાયા, પણ પછી ઉત્તર આપ્યો, 'હા, પૂનાની અમારી હોટેલમાં એ રહી ગઇ હતી. ત્યાં તેનો એક પ્રોગ્રામ હતો.' 'શાને માટેનો પ્રોગ્રામ હતો?'

'ચેરિટી–ધર્માદાના કામ માટેનો.' 'કોણે ગોઠવ્યો હતો?'

'મેં જ ગોઠવ્યો હતો.' વામનરાવે જરા મૂંઝાતાં જવાબ આપ્યો.

'ત્યારે તો તમે મોનાને અગાઉથી ઓળખતા હશો. પ્રથમ પરિચય ક્યારે થએલો?'

'આઇ ઑબ્જેક્ટ. આ પ્રશ્ન અસંબદ્ધ, પાયા વિનાનો...' પણ ગણાત્રા વાક્ય પૂરું કરે તે પહેલાં જ કોર્ટે તેમનો વિરોધ નકારી કાઢતાં એ બેસી ગયા.

વામનરાવે જવાબ આપ્યો: 'મને યાદ નથી.'

'તમે ક્યારેય એને મળવા મુંબઇ આવેલા ખરા?'

વામનરાવ ચૂપ રહ્યા, એટલે વાયડાએ ફરી પૂછ્યું: 'મોનાને મળવા તમે ક્યારે ય મુંબઇ આવેલા? જવાબ આપો.'

'હું યાદ કરું છું.' વામનરાવે લૂલો બચાવ કરતાં કહ્યું.

'હમણાં છેલ્લા બેએક મહિના દરમિયાન તેને મુંબઈમાં મળ્યા હતા ખરા?' 'ના.'

'ફરી યાદ કરો.'

'મોટે ભાગે તો નહિ જ.' વામનરાવના કપાળે હવે પરસેવાનાં બુંદ દેખાવા લાગ્યાં.

'જાન્યુઆરી માસમાં તમે મોનાને મળેલા?'

'માય લૉર્ડ...' ગણાત્રા બોલવા ઊભા થઈ ગયા, પણ કોર્ટે તેમને બેસારી દેતાં કહ્યું: 'નો ઇન્ટરપ્શન, પ્લીઝ.'

'યાદ કરો, વામનરાવ, ૨૯ જાન્યુઆરીએ તમે મોનાને મળેલા?'

'માય લૉર્ડ, મિ. વાયડા કોર્ટનો સમય બગાડે છે. અગાઉ આપે આ પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી નથી.' ગણાત્રાએ ધ્યાન દોરતાં કહ્યું. કોર્ટે એમનો વિરોધ મંજૂર રાખ્યો.

એ જ વખતે કાર્તિકે આવીને વાયડાને એક ચિઠ્ઠી આપી. તેના હાથમાં એક તાજો જ તૈયાર કરેલો ભીનો ફોટોપ્રિન્ટ પણ હતો. એ જોઈ વાયડાએ કહ્યું.

'યૉર ઑનર, જરા આઉટ ઑવ ઑર્ડર મારે એક વિનતિ કરવાની છે. ફિંગરપ્રિન્ટ-એક્સપર્ટ મિ. પરુળેકરને મારે સ્ટૅન્ડ પર બોલાવવા છે. મરનાર મોનાના રૂમમાંથી મળેલી, પણ નહિ ઓળખાએલી ફિંગરપ્રિન્ટ વિષે થોડું જાણવા મળ્યું છે.'

'માય લૉર્ડ, રીસેસનો સમય થાય છે એ તરફ હું આપનું ધ્યાન દોરું છું.' ગણાત્રાએ છેલ્લું બાણ વાપર્યું.

'કોર્ટ રીસેસ પછી મળશે.' ન્યાયાધીશ નાણાવટીએ ઊભા થતાં કહ્યું: 'દરમિયાન મિ. વામનરાવે કોઇને મળવાનું કે પોતાની જુબાની અંગે ચર્ચા કરવાની નથી.'

રીસેસ બાદ ફિંગરપ્રિન્ટ-એક્સ્પર્ટ પરુળેકર સ્ટૅન્ડ પર આવ્યા.

'મિ. પરુળેકર, ફિંગરપ્રિન્ટ-એક્સ્પર્ટ તરીકે તમે છેલ્લાં દસ વર્ષથી આ ખાતા સાથે સંકળાએલા છો, તમે મોનાના રૂમમાંથી મળેલી ફિંગરપ્રિન્ટ્સમાંથી નહિ ઓળખાએલી આ છાપ વિષે કંઈ કહી શકો તેમ છો?' વાયડાએ લંબાણથી પ્રશ્ન કર્યો.

'યસ સર, એ ફિંગરપ્રિન્ટ મિ. વામનરાવની છે.'

'હોઈ શકે જ નહિ.' ગણાત્રા બોલી ઊઠ્યા: 'હજી હમણાં થોડી વાર પહેલાં તો ઇન્સ્પેક્ટર કાર્તિકે એમની ફિંગરપ્રિન્ટ લીધી નહિ હોવાનું કહ્યું હતું, અને હવે આ છાપ ક્યાંથી આવી?'

'સર, એક કલાક પહેલાં કોર્ટ ચાલુ હતી ત્યારે વામનરાવે જેમાં પાણી પીધું હતું તે ગ્લાસ ફિંગરપ્રિન્ટ્સ ખાતામાં આપવામાં આવ્યો હતો. તેના પરનાં ફિંગરપ્રિન્ટ્સના ફોટો લઈ, તેમાંથી એ ગ્લાસ લાવનાર સખારામના આંગળાંની છાપ બાદ કરતાં બાકી વામનરાવનાં આંગળાંની જે છાપ રહી તે, મોનાના પલંગ અને બારણા પરથી મળેલી અને નહિ ઓળખાએલી છાપ સાથે મળતી આવી છે.'

'અશક્ય. મોનાનું ખૂન થયું તે રાતે વામનરાવ પૂનામાં બાબુલાલની સાથે રમી રમતા હતા. તેની ઍલિબાઈ પણ છે.' ગણાત્રા બોલી ઊઠ્યા.

'માય લૉર્ડ,' વાયડાએ જવાબ આપ્યો: 'બાબુલાલે જ્યારે પોતે પૂનામાં હોવાની ઍલિબાઈ ઊભી કરી, ત્યારે એ ઍલિબાઈ આપનારાઓ પણ પૂનામાં હાજર હોવાનો પુરાવો આપોઆપ ઊભો થઈ ગયો. હવે જો બાબુલાલ એ સમયે મુંબઈમાં હોય – અને એ હોવાના સાક્ષીઓ છે – તો વામનરાવ પણ મુંબઈમાં હોઈ શકે છે. આપણે બાબુલાલ માટે ઍલિબાઈ આપનારા બીજા સાહેબો — મિ. દુગ્ગલ અને રઘુનાથરાવને ફરી તપાસીને ખોટી સાક્ષી આપવા બદલ કામ ચલાવવું પડશે.'

'પણ મોનાના રૂમમાંથી મળેલી છાપ તો વામનરાવ અગાઉ એને ત્યાં આવ્યા હોય ત્યારની...'

'મિ. ગણાત્રા, તમે બાબુલાલના વકીલ છો કે વામનરાવના?' ન્યાયાધીશે હસતાંહસતાં પૂછ્યું, અને પછી વાયડાને કામ આગળ ચલાવવા સૂચના આપી. વાયડાએ ફરી વામનરાવને સ્ટૅન્ડ પર બોલાવીને પૂછ્યું:

'મિ. વામનરાવ, બોલો, ૨૯ જાન્યુઆરીએ રાતે તમે ક્યાં હતા?'

'હું જવાબ આપવાની ના પાડું છું. કારણ એ જવાબ કદાચ મારા માટે ગુનેગાર હોવાની ખોટી શંકા ઊભી કરે.'

'મિ. વામનરાવ,' વાયડા હવે ગેલમાં આવી ગયા હતા, 'તમે તે રાત્રે મુંબઈ આવ્યા હતા. બાબુલાલ મુંબઈ આવવાનો હતો અને તે મોનાને મળવાનો હતો તે પણ કદાચ તમે જાણતા હતા. બાબુલાલ માટેની ઍલિબાઈ તમારે માટે પણ ચોક્કસ બેસી જાય તેમ હતી. આ બધો વિચાર કરી બાબુલાલ ઉપર જ ખૂનનો આરોપ આવે તેવી તમે યોજના ઘડી અને તમે જ મોનાને મારી નાખી એ બનવું અસંભવિત નથી.' વાયડાએ ચીપીચીપીને કહ્યું.

'મારે મોનાનું ખૂન કરવાનું શું કારણ હોઈ શકે, મિ. પ્રોસિક્યુટર?' વામનરાવે સ્વસ્થતાથી પૂછ્યું.

'મોના તમારી દાણચોરીની સાંકળમાં એક નબળી કડી હતી, અને તમારો માલ પણ પચાવી બેઠી હતી. ગઈ કાલે પ્લેનમાંથી ઊતરેલી તમારી સાથીદાર મિસ સિતારા પોલીસ તપાસમાં તાજની સાક્ષી બની ચૂકી છે. હવે બોલો. ન્યાયને મદદ કરશો તો કોર્ટ તમારી ઉપર કદાચ રહેમ દાખવશે.'

'મારે વકીલ જોઇએ છે.' વામનરાવે ન્યાયાધીશ તરફ ફરીને કહ્યું: 'હું કોર્ટનું રક્ષણ માગું છું. આ લોકોએ મને ખોટી રીતે બલિનો બકરો બનાવી દીધો છે.'

એ જ વખતે ઈન્સ્પેક્ટર કાર્તિક કોઈક કાગળ લઈ ન્યાયાધીશ પાસે આવ્યો. નાણાવટીએ તેને કહ્યું: 'ઈન્સ્પેક્ટર, તમે મિ. વામનરાવને પકડી શકો છો. આવતી કાલે સવારે એમને કોર્ટમાં રજૂ કરજો. કોર્ટ હવે બરખાસ્ત થાય છે.'

હાજર રહેલા પ્રેસ ફોટોગ્રાફરો કાર્તિકને ઘેરી વળ્યા ત્યારે મિ. વાયડા મલકાતે મુખે વકીલ ગણાત્રાની પાછળ લગભગ દોડી રહ્યા હતા.

બીજે દિવસે સવારે છાપાંઓમાં મોનાના ખૂનની જ ચર્ચા હતી. અને તે પછી પણ જે સમાચારો પ્રકટ થતા ગયા તે પ્રમાણે આ કેસમાં તાજની સાક્ષી બનેલી મિસ સિતારા 'પરીજાદ'માં મિ. ઝવેરીને ત્યાં પહોંચ્યા પછી થોડી જ વારમાં કસ્ટમ ઈન્સ્પેક્ટરે ત્યાં દરોડો પાડીને તેની હૅન્ડબૅગમાંથી દાણચોરી કરીને આણેલા પચાસેક લાખની કિંમતના હીરા કબ્જે કર્યા હતા. મિ. ઝવેરી મિસ સિતારાના મિત્ર હતા, પણ આ હીરાની દાણચોરી અંગે કશું જાણતા નહોતા. મિસ સિતારાની સૂટકેસમાંથી પુરુષને ઉપયોગી કેટલીક ચીજો પણ મળી હતી જે મિ. વામનરાવની હોવાનું તેણે જણાવ્યું હતું. પૂનામાં દુગ્ગલ અને રઘુનાથરાવની પણ ધરપકડ કરવામાં આવી હતી. કસ્ટમ ઈન્સ્પેક્ટર મિ. કદમે મુંબઈ-ગોવા-કોચીન વચ્ચે ફરતી પી. એન. ઓ. લાઈનરના આમ્સ્ટર્ડૅમ સાથે સંકળાએલા કેટલાલ નાવિકોને પણ પકડ્યા હતા. આ કાર્યમાં કસ્ટમે ઈન્ટરપૉલની પણ સહાય લીધી હતી. ડાન્સર મિસ મોના હીરાની દાણચોરીમાં ભળેલી હતી અને છેલ્લા કેટલાક સમયથી એમાંથી એ પોતાનો હિસ્સો મનસ્વીપણે વસૂલ કરી લેતી હતી અને એટલે જ દાણચોરોએ તેને દૂર કરવાનું નક્કી કર્યું હતું. બાબુલાલ પણ આ દાણચોરીમાં સંડોવાએલો હતો, પરંતુ દાણચોર ટોળીને તેના ઉપર શંકા પડી હતી. એટલે મોનાનું ખૂન કરી બાબુલાલ પર તેનો આરોપ આવે તેવી યોજના ઘડી વામનરાવે જાતે જ તે કાર્ય પતાવી એક કાંકરે બે પક્ષી મારવા પ્રયત્ન કર્યો હતો.

અખબારોએ મોનાના ખૂનકેસમાં રસ લઈને દોરવણી આપવા બદલ આઈ. જી. પી. આલોકસાહેબને પણ બિરદાવ્યા હતા, અને શાણા આઈ. જી. પી.એ ઈન્સપેક્ટર કાર્તિકને પણ યશનો ભાગીદાર બનાવ્યો હતો. બાબુલાલને ખૂનના ગુનામાંથી કોર્ટે છોડી મૂક્યો હતો, પણ ગોવાનો દાણચોરીનો કેસ તેના પર હજી ઊભો હતો. પોતાની બધી રમત ઉઘાડી પડી જતાં વામનરાવે આપઘાતનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, ને હાલમાં તે પોલીસની નજરતળે હૉસ્પિટલમાં હતા.

પછીના દિવસોમાં યે આ જ ખબરો પ્રકટ થતા રહ્યા. જેમાં પોલીસ તથા કસ્ટમખાતાએ બીજી વધુ ધરપકડો કર્યાના સમાચારો ઉપરાંત, એક બનાવે ખાસ ધ્યાન ખેંચ્યું હતું: બાબુલાલ પોલીસ કસ્ટડીમાંથી નાસી ગયો હતો. કાર્તિકને જ્યારે આ જાણવા મળ્યું ત્યારે મોનાના ખરા ખૂનીને પકડી પાડવા બદલ બાબુલાલે જાહેર કરેલા ઈનામની આશા તેને છોડી દેવી પડી.

એ પછી આલોકસાહેબને આ કેસ અંગેની બધી જ વિગતો કહી સંભળાવ્યા બાદ કાર્તિકે સૂચવ્યું, 'સર આપ હવે ડાયરીમાં મેં નહિ આપેલી બધી વિગતો પણ જાણો છો. પાંડેસાહેબ ઉપર દબાણ લાવીને હજી આપણે બાબુલાલને ખોળીને પકડી શકીએ તેમ મને લાગે છે.'

'હા, એમ બની શકે ખરું.' 'આલોકસાહેબે કહ્યું', 'પણ એમને હવે નથી સતાવવા. તેઓ રાજીનામું આપી છૂટા થયા છે. અને...' મોં મલકાવતાં સાહેબે ઉમેર્યું, ડી વાય. ઈન્સ્પેક્ટર કાર્તિકને બઢતી આપવામાં આવે છે. એક્સેપ્ટ માય કૉંગ્રેચ્યુલેશન્સ. એસ. પી. મિ. ધીમેધીમે કાર્તિક!'

'થૅન્ક યુ સર, થૅન્ક યુ વેરી મચ.' કાર્તિક ઉત્સાહથી બોલી ઊઠયો. ઊભા થઈ જઈ એણે અદાથી સેલ્યૂટ કરી અને પછી ધીરેથી કહ્યું, 'સર, મારી મદદમાં...'

'યસ, આઈ નો વૉટ યુ વૉન્ટ.' આલોકસાહેબ બોલ્યા, સખારામ અને કરમાકરને પણ બઢતી મળે છે. એ તમારી મદદમાં રહેશે.' પણ કાર્તિક તેનો આનંદ વ્યક્ત કરે તે પહેલાં ટેલિફોન રણક્યો. આલોકસાહેબે તે ઉપાડ્યો અને પછી એ સાંભળતાં એમના ચહેરા પર આશ્ચર્યના જે ભાવ પલટાવા લાગ્યા તે જોઈને કાર્તિકનું કુતૂહલ પણ ઉત્તરોત્તર વધતું ગયુ. છેલ્લે—

'...યસ, આઈ અન્ડરસ્ટેન્ડ ઈટ...ઈટ્સ અવર ડ્યૂટી...યસ થૅન્ક યુ...બાય બાય' કહી જ્યારે એમણે ફોન મૂક્યો ત્યારે કાર્તિકનો ચહેરો કુતૂહલમિશ્રિત પ્રશ્નોથી છવાઈ ગયો હતો.

'કાર્તિક, દિલ્હીથી ફોન હતો.' આલોકસાહેબ કહેવા માંડ્યું, બાબુલાલની તપાસ આપણે માંડી વાળવાની છે. પાંડેસાહેબ અને બાબુલાલ તો સી. બી. આઇ.ના ઑફિસરો છે. હીરાની દાણચોરીની આ આખી પાઇપલાઇન પકડી પાડવાની એક ગુપ્ત યોજના રૂપે જ તેઓ બંને અહીં આવ્યા હતા. એ બંને સાળાબનેવી છે એ વાત ખરી છે. લાંચિયા પોલીસ અમલદાર તરીકે અને દાણચોરીમાં ઑપરેટર તરીકે બંનેએ અજબ પાઠ ભજવ્યો. આમાં યે બાબુલાલે તો ખૂનનો આરોપ ઓઢીને તો ગજબ હિંમત દાખવી. જો એ નિર્દોષ સાબિત ન થાય તો એના માટે ફાંસીનું જોખમ પૂરેપૂરું હતું જ. અને બંને ગયા તે પણ કેવા બુદ્ધિપૂર્વક! એક કસ્ટડીમાંથી નાઠો, બીજો રાજીનામું આપીને. હજી યે એમની આ યોજના પૂરી નથી થઇ એટલે લાંચિયા ઑફિસર અને ભાગેડુ દાણચોર તરીકેની પોતાની આ છાપ સાથે બંને આગળ પોતાનું કાર્ય જારી રાખી શકશે. આપણે આ બધું જ ગુપ્ત રાખવાનું છે.'

બાબુલાલને ખૂની સાબિત કરવા શર્વિલકે પણ કેવીકેવી હિકમતો કરી હશે તે કાર્તિક મનોમન વિચારી રહ્યો. ત્યાં ફોન રણક્યો, આલોકસાહેબે લીધો ને પછી કહ્યું, 'તમારે માટે છે, મિ. કાર્તિક. તમારો ઇન્ફોર્મર લાગે છે. તમે હવે તમારી ઑફિસમાં–આઇ મીન નવી ઑફિસમાં જઇને સાંભળો.' અને પછી હસતાંહસતાં ઉમેર્યું, 'હું અહીં નહિ સાંભળું, પણ તમે એનાથી ચેતતા રહેજો.' (અનુ. પૃ ૩૦૮)

સશસ્ત્ર સ્વાતંત્ર્યજંગનો અ-જાણ અધ્યાય અને આ ષડ્યંત્રો

— વિષ્ણુ પંડ્યા —

એ ને આપણા અ-જાણ ઇતિહાસનું રોમાંચક તથ્ય જ ગણવું પડે કે ૧૮૫૭માં ત્રણ લાખની માનવઆહુતિ પછી પણ, ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જ્યાં વિદ્રોહની આગ સળગતી રહી તે ભારતવર્ષના બે છેડાના પ્રદેશો હતા: પશ્ચિમ સૌરાષ્ટ્રનો ઓખાપ્રદેશ અને પૂર્વોત્તરમાં મણિપુર! ઓખાના વાઘેરોની લડાઇથી તો આપણે પરિચિત છીએ, પણ મણિપુરની સ્વાતંત્ર્યકથાનો આપણને ખયાલ નથી. ૧૯૮૦ના માર્ચમાં મારા ઈશાન ભારતના પ્રવાસ દરમિયાન, પ્રેમલક્ષણા મણિપુરનો એક પર્યાય ક્રાંતિકથા યે છે એ જાણ્યું ત્યારે નવાઈ લાગેલી.

ઈમ્ફાલનું પોલોનું મેદાન—કાંજાઈ. ઈ.૧૮૯૧ની ૧૩ ઑગસ્ટની સાંજે બત્રીસ વર્ષના ટિકેન્દ્રજિત, દીવાન થંગાલ અને અગ્નિસેનને ફાંસીના માચડે ચડાવવામાં આવ્યા. એમનો ગુનો હતો બ્રિટિશ સામ્રાજ્યની આણ ન માનવાનો. સૂર્યાસ્ત સમયે ફાંસીએ ચડેલા મૃતદેહ જોતી, રાજવી પત્ની અને દસ વર્ષના રાજકુંવર સાથે મણિપુરની પ્રજાએ પોતાનાં આંસુ ભેળવી દીધાં હતાં.

એ પછીનાં વર્ષોમાં દેશવ્યાપી 'ષડ્યંત્રો'ની હારમાળા સર્જાતી રહી છે. આપણે તેમાંથી બહુબહુ તો અલીપુર, માણિકતોલા, કાનપુર, લાહોર કે દિલ્હીનાં પ્રકરણોને જાણીએ છીએ, જેમાં અરવિન્દ ઘોષ, કન્હાઈ દત્ત, બારીન્દ્ર, ભુપેન્દ્રનાથ દત્ત, ખુદીરામ બોઝ, માસ્તરદા, ભગતસિંહ, રાજગુરુ, ચંદ્રશેખર આઝાદ, રાસબિહારી અને રામપ્રસાદ જેવા તેજસ્વી પાત્રોએ ભાગ ભજવ્યો હતો.

પણ, એ ઉપરાંત નાનાંમોટાં અનેક 'ષડ્યંત્રો' થતાં જ રહ્યાં, બ્રિટિશ ગૃહખાતાને મન અને પછીથી કોર્ટના ચુકાદાઓમાં તે બધાં 'રાજદ્રોહી બગાવતીઓનાં કાવતરાં' હતાં, અને પ્રજાને માટે એ ફનાગીરી-પંથના યાત્રિકોનાં સાહસો!

શું પ્રાપ્ત થયું આ સાહસોથી? ક્રાંતિકારોને માટે તો, બંકિમબાબુએ છેક 'આનંદમઠ'ની પ્રસ્તાવનામાં લખ્યું હતું તેમ, 'માતૃભૂમિને ચાહવાની એક જ બક્ષીસ હતી—મોત! પણ બ્રિટિશ તંત્રને આ ભાંગફોડ, લૂટ, હત્યા અને ધડાકાઓએ હચમચાવી મૂક્યું હતું. જેમજેમ આ માથા ફરેલાઓને ખતમ કરવા બ્રિટિશ શાસન આકાશ-પાતાળ એક કરવા મથતું હતું, તેમતેમ ખૂણેખાંખરે, હજુ મૂછનો દોર ફૂટયો ન હોય તેવા તરુણો અને ઊગીને ઊભી થતી તરુણીઓ, સૂફી સંતો, દાર્શનિકો અને શસ્ત્ર-શાસ્ત્રના જાણકારોની મંડળીઓ ખુલ્લાં મેદાનમાં અનાયાસ ફૂટી નીકળતા ઘાસની જેમ ઊભી થયે જતી હતી.

આવી થોડીક મંડળીઓ અને તેનાં 'કારસ્તાનો'ની નોંધ લઇએ:

બિધાટી, ભદ્રેશ્વર પોલીસ થાણા હેઠળનું બંગાળી મથક. હુગલી વિસ્તારમાં આવેલા આ થાણે થોડાક યુવકોએ હુમલો કરી સરકારી ખજાનો લૂટયો. તેને માટે ખાસ અદાલતમાં મુકદ્દમો ચાલ્યો અને ૧૯૦૯ની ૧૨ માર્ચે બાર યુવકો સળિયા પાછળ ધકેલાઈ ગયા.

મિદનાપુરમાં ૧૯૦૮માં બાવીસ યુવકો સામે રાજદ્રોહનો કેસ ચાલ્યો. એકને દસ વર્ષ, બીજાને છ વર્ષ અને અન્યને ત્રણથી ઓછી નહિ તેવી સજાઓ સાથે કેદમાં ધકેલી દેવાયા.

૧૯૦૮-૯ના આવા બીજા કેટલાક મુકદ્દમાઓ નારિયા, મોરેહલ, નેત્રા, નાંગલા, રાજેન્દ્રપુર, હલુદાબારી, મહિસા, નાંગલા-ખુલના, ખુલના-૨, મુનશીગંજ, ઢાકા, હાવડા, મિદનાપુર-૨, માલરીપુર, બારીસાલ, રાજાબજાર, આટલાં 'કાવતરાં' તો એકલા બંગાળના સરકારી ચોપડે નોંધાયાં હતાં. આમાં એકસો જેટલા બગાવતીઓ સળિયા પાછળ ધકેલાયા. ઘણાને આજીવન તો કેટલાકને મજૂરી સાથેની કેદ મળી.

બરાબર આ જ સમયે દક્ષિણ ભારતમાં તિન્નેવેલી, મધ્યપ્રાંતમાં ગ્વાલિયર, મહારાષ્ટ્રમાં નાસિકમાં બે વાર, એમ એક પછી એક 'ષડ્યંત્રો' થયાં, પકડાયાં અને તેમાં અનેકનાં જીવન હોમાઈ ગયાં. એ પછીનાં વર્ષોમાં અવધબિહારી, અમીરચંદ, બાલમુકુન્દ અને બસંત વિશ્વાસ વગેરેએ શહાદત વહોરી.

માર્ચ ૨૭, ૧૯૧૩. સિલહટમાં સાડાસાત વાગ્યે એક બૉંબ ધડાકો થયો. પોલીસ અધિકારી મિસ્ટર ગોર્ડોનના બંગલા પાસેથી એક નવયુવકનો મૃતદેહ મળી આવ્યો. ખિસ્સામાં પિસ્તોલ, એક પેનસિલ, થોડેક દૂર બૉંબની કરચો, છાતી-માથું છૂંદાઈ ગયેલું અને કશી યે ઓળખાણ ન મળે તેવો એ મૃતદેહ!

બહુ તપાસ પછી એનું નામ મળ્યું—યોગેન્દ્રનાથ ચક્રવર્તી. સિલ્ચરના જગત્સી આશ્રમમાં ચાલતી પ્રવૃત્તિઓની પાછળ પડેલા ગોર્ડોનને વીંધી નાખવાનું કામ આ બ્રાહ્મણ યુવકને સોંપાયું હતું. આશ્રમમાં પોલીસો સહિત આવીને ગોર્ડોને યુવક-યુવતીઓ પર જે દમન ગુજાર્યું તેમાં એક મહેન્દ્રનાથ ડે તો મૃત્યુ પણ પામ્યો. આનું વેર લેવા નીકળેલા યોગેન્દ્રનાથના હાથમાં અકસ્માત બૉંબ ફાટયો અને તેનો જાન ગયો.

ફિરોઝપુર છાવણીનો વિસ્ફોટ આવાં સાહસોને માટે જાણીતો છે. ઈ. ૧૯૧૪ની ૨૭ નવેમ્બરે છૂપાવેશે જતા શીખ ક્રાંતિકારો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ. કેટલાક તો ત્યાં જ વીંધાયા. પકડાએલામાંથી સાત યુવકોને ફાંસીની સજા થઈ. તેમનાં નામ: જગતસિંઘ, જવાનસિંઘ, કક્ષીસિંઘ, લાલસિંઘ, ધ્યાનસિંઘ, કાશીરામ અને રહેમતઅલી. મોંટગોમરી અને લાહોર જેલમાં આ સાતે ફાંસીએ ચઢી ગયા. ૧૯૧૫ની ૨૦ એપ્રિલે લાહોરની જેલમાં ફાંસીએ ચડેલા સજ્જનસિંઘે અનારકલી બજારમાં જ એક પોલીસ અધિકારીને ગોળીએ વીંધ્યો હતો. જ્યારે મેરઠની સિવિલ જેલમાં, ૨૯ એપ્રિલ, ૧૯૧૫ના રોજ ફાંસીએ ચડેલા ચાર હુતાત્મા સૈનિકો હતા: ઈશરસિંઘ, હઝારાસિંઘ, બીબાસિંઘ અને ફૂલસિંઘ. મેરઠની લશ્કરી છાવણીમાં બગાવત કરવાનો તેમનો ગુનો હતો. લાહોર જેલમાં ફાંસીના તખ્તે ચઢી ગયેલા આવા બીજાઓ બુઢાસિંઘ, બન્ટાસિંઘ ૧૨ ઑગસ્ટે અને આત્માસિંઘ, કાલુસિંઘ, ચન્નનસિંઘ ૯ ઑગસ્ટે—એમ એક જ અઠવાડિયામાં આ અ-જાણ વીરો શહીદ થયા હતા.

આ 'સિંહો'નાં પરિવારોનું શું થયું? કોણ જીવે છે આજે એમના વંશમાં? કોને ખબર! પણ, મરનારાઓએ તેમની ચિંતા નહોતી કરી. વલ્લા રેલવેબ્રિજ પરના મિલિટરી ગાર્ડ સ્ટેશન પર હલ્લો લઈ જનારામાં આવા ચાર 'સિંઘ' (કાલા, હરનામ, આત્મા અને ચન્નન)ને ૧૯૧૫ની ઑગસ્ટમાં ફાંસી અપાઈ હતી. લાહોર ષડ્યંત્રના પગલેપગલે ૨૩ રેજિમેન્ટમાં થએલી બગાવતમાં બાર સિંઘને (એકસાથે ૩ સપ્ટેમ્બર, ૧૯૧૫ના રોજે અંબાલા જેલમાં) વીંધી નાખવામાં આવ્યા હતા.

લાહોર તો અંગ્રેજ સત્તાને પહેલેથી જ ભડકાવનારું થાણું હતું. ઉત્પાત ત્યાંની માટીમાં હતો. ૧૯૧૫ની ૧૪ નવેમ્બરે આવા બીજા સાત બાગીઓ—બક્ષિસસિંઘ, વિષ્ણુગણેશ પીંગલે, ઈશરસિંઘ, સુરેનસિંઘ, હરનામાસિંઘ, જગતસિંઘ અને કરતારસિંઘને ફાંસીએ ચઢાવવામાં આવ્યા. કરતારસિંઘને અપીલ માટે પૂછવામાં આવ્યું તો તેણે સામે

એક વાચકનો પત્ર

યદ્યપિ ઈસ (૮૭ વર્ષ કી) આયુમેં કુછ લિખના પઢના-દુસ્સાધ્ય સા હો ગયા હૈ, આપકી સેવા મેં યહ પત્ર લિખ રહા હૂં. ગુજરાતી પઢ-સમજ લેના તો પૂજ્ય પિતાજીને સિખા દિયા થા, બોલને-લિખને કા અભ્યાસ ન હોને સે હિન્દીમેં હી લિખના પડા હૈ. આશા હૈ આપ ભલીભાંતિ હિન્દી પઢ-સમઝ લેતે હોંગે.

મેરા જ્યેષ્ઠ પુત્ર ચિ. મણિરાજ 'કુમાર' કા વર્ષો સે ગ્રાહક હૈ.

ઈસ વર્ષ કે અગસ્ત માસ કે 'કુમાર' મેં શ્રી વિષ્ણુ પંડયા કા 'આ નામો ઇતિહાસમાં નથી' શીર્ષક લેખ છપા હૈ. ઈસ લેખ મેં પૃષ્ઠ ૨૧૨ કી આરંભકી પંક્તિઓં મેં દો નામ આયે હૈં ઉન્હી કે વિષયમેં યે પંક્તિયાં લિખ રહા હૂં દોનો વ્યક્તિયોં સે મેરા સંપર્ક રહા હૈ.

શ્રી પંડયાજીને જિનકો રાસબિહારી ઘોષ લિખા હૈ વે ઘોષ નહિ બોસ થે, ઔર પ્રતાપસિંહજી તો મેરી સ્વ. સહધર્મિણી ચન્દ્રમણિ કે અગ્રજ હી થે. મૈં, પ્રતાપસિંહજી વ છોટેલાલજી જૈન પ્રસિદ્ધ રાજસ્થાની ક્રાંતિકારી શ્રદ્ધેય શેઠી અર્જુનલાલજી (જયપુર) દ્વારા માસ્ટર અમીરચન્દજી કે પાસ દિલ્હી ક્રાંતિકારી શિક્ષાદીક્ષા કે લિયે, લૉર્ડ હાર્ડિંજ પર બમ ફેંકે જાને કે કુછ સમય બાદ ભેજે ગયે થે. ઈસકા જિક્ર શ્રી શચીન્દ્રનાથ સાન્યાલને અપની પુસ્તક 'બન્દી જીવન' મેં ભી કિયા હૈ.

જૈસા કિ ઉપર લિખા હૈ મેરે લિયે લિખના-પઢના દુસ્સાધ્ય સા હો જાને સે અધિક નહીં લિખ પાને સે પ્રસંગવશ દો પદ્ય હી નીચે અંકિત કર રહા હૂં જિન મેં પહલા સ્વરચિત હૈ ઔર દૂસરા શ્રી અક્ષયસિંહજી રતનૂ (અક્ષય કુટીર...કૉલેજ માર્ગ, બની પાર્ક, જયપુર) કી અપ્રકાશિત પુસ્તક 'કેસરી-પ્રતાપ શ્રદ્ધાંજલિ શતક' કા હૈ.

અમર અમીરચન્દ

આતે દિન યાદ દે હૈં રહા થા તુમ્હારે ઘર,
બાલક-પ્રતાપ, સાથી છોટેલાલ[1] નિર્દ્વન્દ.
એક-ધુન એક સાથ ભારત-સ્વતંત્રતા કી
પ્રેરણા તુમ્હારી રહી કરના ઇસે ન બંદ.
દર્શન હુવે થે વહીં રાસૂદા,[2] શચીન્દ્ર કે ભી
અવધબિહારી ભી રહે થે સાથ દિન ચંદ.
યે સબ શહીદ હુયે, જી રહા અભાગા મેં હી,
તુમ તો શહીદ હો હી અમર અમીરચન્દ.

(૧. છોટેલાલજી દિલ્હી સે વાપસી પર સાબરમતી આશ્રમવાસી હો ગયે થે. મહાત્મા ગાંધીજીને ઉનકે વ્યક્તિત્વ કી ભૂરિભૂરિ પ્રશંસા કી હૈ.
૨. શ્રી રાસબિહારી કો ઉનકે નિકટવર્તી સપ્રેમ 'રાસૂદા' કહેતે થે.)

—રાજસ્થાની ભાષા કા છંદ ઝગાલ—

હિક મૉ માત હસાણુહિત, મૈં બહુબાંસુત માત;
રૂવાણી ન ચહૂં રખી, વીરધીર દઢ બાત.
વીરધીર દઢ બાત, સપૂત સુહાવતે,
'પતે' ન ખોલ્યો ભેદ, પ્રલોભન પાબતે.
બલિવેદી બલિહાર દેહ ઉણ હોય દી,
વસુન્ધરા વિખ્યાત કરી કુળકૌમુદી.

ભાવાર્થ : ધીરવીર 'પતા' (પ્રતાપસિંહ) અપને ઈસ સંકલ્પ પર બરાબર અડિગ રહા કિ મૈં એક અપની માતા કી પ્રસન્નતા વ સુખ કે લિયે બહુત સે સપૂતોં કી માતાઓં કો ક્રંદન કરતી હુઈ દેખના કભી નહીં ચાહુંગા. અનેકાનેક આકર્ષણ પ્રલોભન દિયે જાને પર ભી માતૃભૂ કે ઉસ સુહાવને સપૂતને કોઈ ભેદ નહીં ખોલા. બલિહારી હૈ ઉસ કેસરી-કુમાર પ્રતાપ કી જિસને ભારતીય સ્વતંત્રતા કી બલિ વેદી પર હંસતે-હંસતે અપની દેહ કી આહુતિ દે નિજ કુલ કી કીર્તિકૌમુદી કો વિશ્વ-વિખ્યાત કર દી.

(મેંગરિયા, મેવાડ, રાજસ્થાન) —ઈશ્વરદાન આશિયા (ચારણ)

પૂછ્યું : 'શા માટે? મારાં અનેક સ્વરૂપ હોત તો હું માતૃભૂમિ માટે નિછાવર થવાનો અધિક આનંદ મેળવી શક્યો હોત!'

આટલાં બલિદાનોથી પંજાબને સંતોષ નહોતો. ૧૮૫૭ના સંગ્રામમાં અંગ્રેજોની સાથે રહેવાના કલંકને દૂર કરવાનો જાણે આ મહાપ્રયાસ ચાલી રહ્યો હતો. ૩૦ માર્ચ ૧૯૧૬ના રોજ અદાલતે પાંચને ફાંસીની સજા કરી. પિસ્તાળીસને આજીવન કેદની અને આઠને લાંબી-ટૂંકી સખત કેદની સજા કરી. ૧૯૧૫ના 'પૂરક કાવતરા' તરીકે જાણીતા આ 'લાહોર-કેસ'ના પાંચ ફાંસી-વીરોનાં નામ તો મળે છે: (૧) હરસિંઘ બહુવાલ, હોશિયારપુર–કપુરથલા બળવામાં તેણે ભાગ લીધો હતો, (૨) ઈશરસિંઘ, મોગાનો વતની. એણે દોરાહા બ્રિજ તોડી પાડવાનું કામ કરેલું, (૩) રંગાસિંઘ, ખુરદપુરનો એણે વલ્લા બ્રિજ મંડળી રચેલી, (૪) દૂરસિંઘ તલવંડી. એ જ કાવતરામાં સામેલ હતો, (૫) ઉત્તમસિંઘ, જોરગાંવ પાસેના ગામડેથી આવેલો. લોહતવાડીના ક્રાંતિકારોમાં ભળી બૉંબ બનાવ્યા ને કપુરથલા–પ્રકરણમાં એણે ભાગ લીધો.

લાહોર જેલમાં ૧૨ જૂન, ૧૯૧૬નો ઊગતો સૂરજ જોઇને આ પાંચે ઈન્કલાબીઓએ વિદાય લીધી. તો 'લાહોર પૂર્તિ કાવતરા–૨' તરીકે ચાલેલા કેસમાં બીજા પાંચ જણ ૨૯ માર્ચ, ૧૯૧૭ના દિવસે ફાંસીએ ચઢી ગએલા. એમાંનો બલવિંતસિંઘ તો ગદ્દર પાર્ટીનો સભ્ય હતો. કૅનેડાથી 'કોમાગાટામારૂ' જહાજમાં પ્રવૃત્ત થયેલો. સાનફ્રાંસિસ્કો અને સિયામ રહ્યો. બૅંગકોકમાં પકડાયો અને સરકારે હિંદુસ્તાનમાં લાવીને તેને ફાંસી આપી.

ડૉ. મથુરાસિંઘની કથા પણ જાણવા જેવી છે. પંજાબમાં ક્રાંતિપ્રવૃત્તિમાં સંડોવાયેલા આ યુવાને વધુ સક્રિય થવા માટે લાહોરથી કાબુલ અને ત્યાંથી સરહદ પાર કરીને તાશકંદ પહોંચ્યો. ત્યાંથી તેણે રશિયાના રાજા ઝારને એક પત્ર લખી તેની મુલાકાત લીધી. ઝારે હિન્દુસ્તાનની આઝાદી માટેની લડાઇ પ્રત્યે હમદર્દી વ્યક્ત કરી; પણ આંતરિક કલહને કારણે તેનાથી બીજી કંઈ મદદ થઈ શકે તેમ નહોતું. મથુરાસિંઘ પાછો વળ્યો અને પકડાયો. 'બ્રિટિશ શહેનશાહ વિરુદ્ધના કાવતરા' માટે તેને ૨૭ માર્ચ, ૧૯૧૭ના રોજ ફાંસી મળી. આવા જ એક બીજા યુવક જવાનસિંઘની નિયતિ પણ એ જ રહી. એ જ વર્ષે ૧૦ જૂને તેને ફાંસી અપાઈ.

એમ. એન. રોયના વિપ્લવીજીવનના ગુરુ જતીન 'બાઘ'ની શહીદીથી આપણે પરિચિત છીએ. એમની સાથે સામી છાતીએ ગોળી ઝીલનાર ચિત્તપ્રિય રાયચૌધરીની ઉમર મોટી નહોતી. જ્યોતિષ, મનોરંજન, અને નરેન્દ્રમાંથી બે ફાંસી પામ્યા, જ્યોતિષને આજીવન કેદ મળી.

કેદારનાથની વય બાવીસની. પર્સિયામાં તે હિંદની સ્વતંત્રતા માટે ઝઝૂમ્યો હતો પણ વિશ્વાસઘાતનો ભોગ બન્યો અને બ્રિટિશ લશ્કરે ૧૯૧૭માં ગોળીથી વીંધી નાખ્યો. પર્સિયામાં ક્યાંય તેની સમાધિ હશે?

'કાયદાના શાસન' માટે કેવા ભોગ લેવાતા હતા તેની એક કરુણાંતિકા મખનલાલ ઘોષની યે છે. પંદર વર્ષનો આ તરુણ કલકત્તાની આલમબઝારમાં ભણતો હતો. એક ધાડમાં એ સંડોવાયો હતો એમ માનીને એને પકડવામાં આવ્યો. ન્યાયાધીશે છોડી દીધો તો ફરી પકડવામાં આવ્યો. પહેલાં પ્રેસિડન્સી જેલમાં, પછી જલપાઈગુરી નજીકના કાલચીનીમાં, ત્યાંથી અલીપુર, હુગલી, મિદનાપુર, હઝારીબાગ, બરદ્વાન અને એમ અનેક જેલોમાં ફેરવીફેરવીને એને શારીરિકરીતે ભાંગી નાખવામાં આવ્યો. છેવટે ૧૯૧૯ની ૨૯ ડિસેમ્બરે જેલમાં જ





સશસ્ત્ર સ્વાતંત્ર્ય જંગના વિસ્મૃત શહીદો

(મથાળે ડાબી બાજુથી અનુક્રમે)

(૧) અશોક નાંદી. અલીપુર ષડ્યંત્રમાં સાત વર્ષની સખત કેદ મળી અને ૧૯૦૮માં જેલમાં જ મૃત્યુ થયું. (૨) જ્યોતિષ પાલ. જતીનદાનો સાથી, આજીવન કેદ–ઑકટોબર ૧૯૧૪માં અવસાન (૩) ચિત્તપ્રિયરાય ચૌધરી. જતીન-મુખરજીની સાથે ક્રાંતિની પ્રવૃત્તિમાં સામેલ. અંગ્રેજ પોલીસની ગોળીથી વિંધાયો, સપ્ટે. ૧૯૧૫. (૪) ડૉ. મથુરાસિંઘ. રશિયાના ઝારને મળીને તેની પાસેથી આંદોલન માટે મદદ મેળવવાના પ્રયાસ બદલ માર્ચ–૧૯૧૭માં ફાંસી. (૫) રામરખા. આંદામાન જેલની આહુતિ–૧૯૧૯. (૬) હરિગોપાલ બાઉલ. ચિત્તાગોંગ નજીક જલાલાબાદમાં સામી છાતીએ મૃત્યને વર્યો, ૧૨ એપ્રિલ–૧૯૩૦. બીજી હારમાં (૭) મખ્ખન ઘોષ. ચંદ્રનગરમાં બૉંબપ્રવૃત્તિ દરમિયાન પોલીસે જડતી આણી, એ નાસીને નદીમાં કૂદી પડયો, ગોળી વાગી અને શહીદ થયો. ૨–સપ્ટે. ૧૯૩૦. (૮) જ્યોતિર્મય મિત્રા. અગારિયા (બંગાળ) સ્ટેશને ધાડ પાડી, ગોળીબાર થયા ને શહીદ થયો. ૧૯૩૨. (૯) શૈલેષચન્દ્ર ચેટરજી. બંગાળની સશસ્ત્ર પ્રવૃત્તિમાં ભાગ લેવા બદલ કેદ થઈ, રાજપુતાના (રાજસ્થાન)ની દેવલી જેલમાં શહીદ, ૧૭ ઑકટો. ૧૯૩૩. (૧૦) નિર્મલજીવન ઘોષ. મિદનાપુરનો નવયુવાન કૉલેજિયન, ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટને ગોળીએ મારવા બદલ ફાંસી મળી, ૨૬ ઑકટો. ૧૯૩૪.

એ મૃત્યુ પામ્યો. એ તેનું કુદરતી મૃત્યુ હતું કે અસહનીય ત્રાસને લીધે આત્મહત્યા? કોઇને ય ખબર પડી નથી.

ઈ.૧૯૧૨થી ૧૯૧૫ દરમિયાન બરમાએ પણ સ્વાધીનતા આંદોલનોમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. પહેલો બળવો સપ્ટેમ્બર ૧૯૧૨-માં થયો. બીજો રંગૂનમાં ૧૯૧૫માં. સાનફ્રાંસિસ્કોથી લાલા હરદયાળની પ્રેરણા લઇને આવેલા ગદર ચળવળના યુવકો તેમાં પ્રેરક હતા. એ પછી યે બગાવત ખલાસ ન થઈ. કાચિન, કામેંગ ને નામતી ષડ્યંત્રો એના ભાગરૂપે થયાં હતાં, જેમાં ઘણાએ પોતાના પ્રાણ ગુમાવવા સુધીની ખુવારી વેઠીને ખુમારી જાળવી હતી.

માંડલે ટિળક અને સુભાષના જેલવાસ માટે જાણીતું છે તો ષડયંત્ર માટે પણ. ૧૯૧૫ની ૧૫ ડિસેમ્બરે મળેલી સજા મુજબ માંડલે પ્રકરણ-માં આપણો એક વીર સોહનલાલ પાઠક આ નગરમાં જ જાન્યુઆરી ૧૯૧૭ની એક સવારે ફાંસી પર ચડયો હતો; તેના છેલ્લા શબ્દો હતા: With tyranny and injustice all on their side, it is they who should beg forgiveness and not I.

માંડલેના બીજા ષડ્યંત્રમાં ૧૯૧૬માં સોહનલાલના અનુગામી બનનારાઓમાં હરનામસિંઘ, છલિયારામ, નારાયણસિંઘ, બસવાસિંઘ, નિરંજનસિંઘ, પલ્લાસિંઘ, અને એક અ-નામ એમ સાત જણ ફાંસીએ ચડયા. ત્રીજા ષડયંત્રમાં આજીવન કેદ પામનાર રામરખાએ આંદામાનની કાળકોટડીમાં જ આંખો મીંચી હતી.

પહેલા વિશ્વયુદ્ધમાં સિંગાપુરમાં અંગ્રેજ ફોજમાંના હિંદીઓએ વિપ્લવનો પ્રયત્ન કર્યો. ચીની નવા વર્ષે (ફેબ્રુ. ૧૫, ૧૯૧૫) બળવો ફાટી નીકળ્યો. એક આખી લાઈટ ઈન્ફન્ટ્રી તેમાં સામેલ હતી. આખું નગર હચમચી ઊઠયું હતું, પણ છેવટે પરાજય મળ્યો. છ જણને તો લશ્કરી મેદાનમાં જ ઊભા રાખીને ગોળીએ વીંધવામાં આવ્યા. બીજાઓના મુકદ્દમા ચાલ્યા. એક રૂલાહસિંઘને વીંધી નાખ્યો હતો પણ બાકીનાઓનું શું થયું એ વિષે દસ્તાવેજો ચૂપ છે.

સૂરતના કાસિમ ઈસ્માઈલ મનસૂર. હા, સૂરતને કદાચ તેનો ખયાલ નહિ હોય, પણ સિંગાપુરની જેલે તેની સ્મૃતિ સાચવી છે. જૂન, ૧૯૧૫ના પહેલા સપ્તાહના કોઈ એક દિવસે તેને ફાંસીનો ગાળિયો પહેરાવવામાં આવ્યો હતો. ગુનો રાજદ્રોહનો. પહેલા વિશ્વ-યુદ્ધમાં કાસિમ મનસૂર સિંગાપુરમાં એક શ્રીમંત વેપારી તરીકે જાણીતા હતા. પણ ક્રાંતિકારો સાથે તેમનો સંબંધ હતો. જર્મન કૉન્સલને તેમણે એક પત્ર લખીને બે વહાણ વિષે જણાવેલું. જાસૂસોના હાથમાં પત્ર આવી જતાં કાસિમ મનસૂરને પકડવામાં આવ્યા. ૩ માર્ચ ૧૯૧૫. કોર્ટ માર્શલે એને ફાંસીની સજા ફરમાવી અને પોતાના વતન સૂરતથી દૂર સિંગાપુરમાં એણે એ હસતે મોંએ સ્વીકારી લીધી.

સિયામથી આવેલો એન્જિનીઅર અમરસિંઘ પણ માંડલે જેલમાં ફાંસીએ ચડયો હતો. ૧૯૧૫ના વર્ષમાં ક્યારે તેને ફાંસી અપાઈ તેની વિગતો મળતી નથી, પણ એ 'હેન્રી—એસ' જહાજમાં વિસ્ફોટક શસ્ત્રો સાથે રંગૂનમાં ઊતર્યો હતો એ તેનો ગુનો હતો. (ક્રમશ:)





જ્ઞાનાંજલિ બચુભાઇએ ઈ. ૧૯૧૮માં શરૂ કરેલા હસ્તલિખિત માસિક પત્રના આ બે મુખપૃષ્ઠ છે. પ્રથમ મુખપૃષ્ઠ છે. જ્ઞાનાંજલિના બીજા વર્ષના બીજા-ત્રીજા (ઑગસ્ટ-સપ્ટેમ્બર, ૧૯૧૯) અંકનું. તેના પર રુદ્રમાળ જેવા કોઇ ભગ્નાવશેષનું રેખાંકન કરી તેની એક ભીંત ઉપર ટૉમસ કાર્લાઈલનું એક અંગ્રેજી અવતરણ અને તેની નીચે શ્રી 'વિશ્વવંદ્ય'નું અવતરણ 'સુખ અચલ જ્ઞાન વિના નથી, છે જ્ઞાનમાં સહુ ઉન્નતિ' લખ્યું છે. મથાળે મધ્યમાં ૐ અને તેની નીચે કવિ ન્હાનાલાલની બે પંક્તિઓ : 'અસત્યો માંહીથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા, ઊંડા અંધારેથી પ્રભુ! પરમ તેજે તું લઈ જા' મૂકી છે. ચારે ખૂણે સદ્વર્તન, અભ્યાસ, સ્નેહ અને દેશભક્તિ એ ચાર શબ્દો મૂકી 'જ્ઞાનાંજલિ'ના પ્રકાશન સાથે સંકળાએલી ભાવનાનું સૂચન કર્યું છે. આ જ અંકમાં બચુભાઈનું 'વંદન જય ગુજરાત' કાવ્ય પ્રથમ વાર પ્રકટ થએલું છે. બીજું મુખપૃષ્ઠ અમદાવાદ આવ્યા પછી બચુભાઇએ 'જ્ઞાનાંજલિ'ને ત્રિમાસિકનું સ્વરૂપ આપ્યા પછીના બીજા અંકનું છે. ત્રિમાસિક 'જ્ઞાનાંજલિ' પોષી પૂનમ, ચૈત્રી પૂનમ, અષાઢી પૂનમ અને શરદ પૂર્ણિમાએ પ્રકટ કરવાની એમની યોજના હતી, પણ તે દરમિયાન અનેક કારણો સર આ અંકો નિર્ધારિત તિથિએ પ્રકટ થઈ શકતા નહોતા. પોષી પૂનમનો અંક પણ દોઢ માસ બાદ માઘની અમાવાસ્યાએ બહાર પડચો હતો. આ અંક 'દલપતરામ જયંતી અંક અને સાહિત્ય પરિષદ અંક' રૂપે બહાર પડેલો. મુખપૃષ્ઠ પરના 'જ્ઞાનાંજલિ' નામની નીચે 'હસ્તલિખિત ત્રિમાસિક' લખવામાં 'હ' અને 'ક'ના નીચલા વળાંકની ચાતુરી નોંધપાત્ર છે. આ સાથે પશ્ચાદ્ભૂમાં કરેલા વૃક્ષાચ્છાદિત મંદિરના રેખાંકનમાં પાછળ બતાવેલા પૂર્ણ ચંદ્રની અંદર અંકના પ્રકાશન-માસનો ઉલ્લેખ પણ એમણે ગોઠવી દીધો છે. તંત્રી તરીકેના પોતાના નામોલ્લેખમાં 'બચુભાઇ પોપટ રાવત'ના બદલે હવે 'બચુભાઇ રાવત' લખ્યું છે. અમદાવાદ આવ્યા પછીનો આ ફેરફાર ત્યાર બાદ કાયમી બની ગયો હતો.

ગોંડલમાં બચુભાઈ 'જ્ઞાનાંજલિ' નામનું હસ્તલિખિત માસિક પત્ર કાઢતા હતા, જેને જોઇને રવિશંકર રાવળના મનમાં ઘોળાઈ રહેલી સચિત્ર સામયિક પત્રના પ્રકાશનની યોજનાને પુષ્ટી મળી. એ કાર્યમાં પોતે બચુભાઇનો સારો સાથ પામી શકશે એમ ધારી પોતાની એ યોજનાને સાકાર કરવા તેઓ વધુ પ્રવૃત્ત થયા. બચુભાઈ પોતે પણ એક સામયિક પ્રકટ કરવા વિચારતા હતા, પણ એક મિત્રની સલાહથી તે માટેની માનસિક ભૂમિકા તૈયાર કરવા એમણે જે કેટલુંક વિશેષ વાચન કર્યું તે પછી 'જ્ઞાનાંજલિ'ના પ્રથમ અંકમાં એમણે લખ્યા પ્રમાણે '...માસિકોના વાચનથી તથા એવા પ્રકારના બીજા અનુભવો પછી મ્હને લાગ્યું કે એક માસિક ચલાવવું તે એક મ્હોટું સાહસ શિર પર વહોરવા જેવું છે. ત્યાર બાદ અર્વાચીન યુરપીય મહાયુદ્ધના પ્રારંભ પછી કાગળ અને છપામણના ભાવ વધવાથી તથા મ્હારા બેએક મદદગાર મિત્રોએ પરદેશગમન કરવાની મ્હારી વાન્છના અધુરી રહી ગઈ –ધીમેધીમે પડી ભાંગી.' અને તે પછી કેટલોક સમય તેમણે મિત્રો સાથે મળી પત્રવ્યવહાર દ્વારા અરસપરસ જ્ઞાનવર્ધનની પ્રવૃત્તિ ચલાવી. પછી જૂનાગઢ કૉલેજમાંથી એમના એક મિત્ર ભાઈશંકર ત્રિવેદીના એ અરસામાં નીકળતા 'જ્ઞાનજ્યોતિ' નામના હસ્તલિખિત વિષે જાણી એવી યોજનાથી '...વધારે ફાયદો થઈ જ્ઞાનમાં અધિક વૃદ્ધિ થવા ઉપરાંત મિત્રોમાં તેનો વધારે બ્હોળો ફેલાવો થશે અને પરિણામે અધિક શ્રેય થશે' એમ જણાતાં 'માસિક કહાડવાની સ્ફુરણાનું પુનઃ સ્મરણ' થયું.

'કહો કે માસિક કઢાડવાની ધૂન લાગી.' જૂના લખી રાખેલા લેખો એકઠા કર્યા, નવા શરૂ કર્યા. મિત્રોને યોજના જણાવી. તેમણે 'અનુમોદન આપ્યું' અને પૂરતી મદદ આપવાનું કબૂલ્યું.' અને આમ 'જ્ઞાનજ્યોતિ' પરથી એમણે હસ્તલિખિત કાઢવાની પ્રેરણા લીધી. 'જ્ઞાનજ્યોતિ' અને 'જ્ઞાનાંજલિ' નામ વચ્ચેના સામ્યમાં પણ તેનો અણસાર વર્તાય છે. આ હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ' માસિકનું દરેક પુસ્તક 'અન્જલિ' અને દરેક અંક 'બિન્દુ' તરીકે ઓળખાતો.

આમ, બચુભાઇના હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ' માસિક પત્રનો પ્રથમ અંક (અંજલિ-૧, બિન્દુ-૧) જુલાઈ ૧૯૧૮માં પ્રકટ થયો. તેના પૂઠા પર ટૉમસ કાર્લાઈલનું એક અવતરણ હતું: **'That there should one man die ignorant, who has capacity for knowledge, this I call a tragedy'**. સંપાદક અને તંત્રી તરીકે નામ હતું 'બચુભાઈ પોપટ રાવત'.

અંક પ્રકટ થયા પછી તેના સભ્ય બનેલા મિત્રોને એ મોકલાતો, અંકમાં જ એ મિત્રોની નામાવલિ તથા તેમનાં સરનામાં અપાતાં ને તેની સામે આપેલી તારીખે મિત્રએ ક્રમાનુસાર બીજા મિત્રને તે અંક પહોંચાડવાનો, ને આ જ રીતે બીજા મિત્રે ત્રીજાને એમ વ્યવસ્થા વિચારી હતી. 'જ્ઞાનાંજલિ'ની વાચનસામગ્રીમાં યા ચિત્રસામગ્રીમાં નિયમિત ફાળો આપનાર તેના સભ્ય ગણાતા. પાંચ ગોંડલના અને જૂનાગઢ, વડોદરા તથા કલકત્તાના એકએક મળી કુલ આઠ સભ્યો ત્યારે હતા.

ગોંડલમાં બચુભાઇએ 'જ્ઞાનાંજલિ' શરૂ કર્યું ત્યારે ચરોતર કેળવણી મંડળની શાળાના વિદ્યાર્થીઓમાં અને ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં તથા અન્યત્ર પણ આ પ્રકારના પ્રયોગો તો થતા જ હતા, પરંતુ 'જ્ઞાનાંજલિ'માં ચિત્રકળા અને સાહિત્યની સુંદર યોજના સ્પષ્ટતઃ પ્રથમ નજરે જ આગળ તરી આવતી એમ રવિભાઇએ નોંધ્યું છે. સામયિકના સંપાદનમાં બચુભાઇને જે ઊંડો રસ હતો તેમાં ગોંડળમાં જોવા મળેલાં વિદેશી સામયિકો દ્વારા પણ પ્રેરણા મળી જ હશે. એમની કલાદષ્ટિ, કાર્યનિષ્ઠા અને ચીવટ વગેરે થકી એમના 'જ્ઞાનાંજલિ'ને વિશેષ ઓપ મળ્યો હોય એ પણ સ્વાભાવિક છે. 'જ્ઞાનાંજલિ'માં વિવિધતાભર્યા લેખો, કાવ્યો, ચાતુરીયુક્ત અક્ષરાલેખનો અને ચિત્રો તથા બીજી કેટલીક સુંદર નવીનતા અને લેખ-સામગ્રી ઉપરાંત કલામયતાથી તેની આગવી સજાવટ થતી હતી. 'વીસમી સદી'ના સંપાદનમાં હાજીમહમદે કરેલા પ્રયોગોનો પણ તેમાં પ્રભાવ હતો. પરંતુ બચુભાઇએ ધીરેધીરે બીજી છાયાઓ દૂર કરીને સ્વયોજનાનો પ્રકાર બતાવેલો જોવા મળે છે. નવીનત્રી સંસ્કારી યોજનાઓ દ્વારા અંતે એમણે પત્રકાર તરીકેની આગવી સૂઝ અને દષ્ટિને પ્રકટ કર્યા હતાં.

પછી તો બચુભાઇને અમદાવાદ આવવાનું થયું અને 'જ્ઞાનાંજલિ'–અન્જલિ ૩, બિન્દુ ૧, પોષ ૧૯૭૬નો અંક એમના અમદાવાદના નિવાસ-સ્થાન, નં. ૫૭૮, બદવા પોળ, રાયપુર, અમદાવાદથી બહાર પડયો અને અમદાવાદમાં વધુ કાર્યરત રહેવાને કારણે એમણે 'જ્ઞાનાંજલિ'ને ત્રિમાસિકનું સ્વરૂપ આપ્યું. છતાં એમણે એક સ્થળે નોંધ્યા પ્રમાણે 'હસ્તલિખિત માસિકની પ્રવૃત્તિ એ મારા જીવન સાથે જડાએલું એવું લક્ષણ છે કે જે અત્યંત બાળપણથી લહાએલા જીવનના ગમે તે કાળે પણ, જરા ફાવટ મળતાં ફૂટી નીકળ્યા વિના રહે તેવું નથી. એ સર્જન કરવાની સિસૃક્ષા છે. પોતાનો માર્ગ એ અનેક રીતે ને સ્વરૂપે મુખ્ય પ્રવૃત્તિ બંધ થતાં કરતું આવ્યું છે.' અને એથી આ જ રીતે બચુભાઇએ સં. ૧૯૭૯ની વસંતપંચમીએ 'સાધારણ લખીવાંચી જાણનાર કુટુંબની સ્ત્રીઓ નવરાશનો સમય આનંદમાં ગાળી શકે અને એ મસે તેમને વાચન અને વિકાસ મળે એવા હેતુથી' સ્ત્રીઓ માટે 'ગૃહલક્ષ્મી' નામક એક હસ્તલિખિત પણ પ્રકટ કર્યું હતું. 'ધ્વનિ' નામે 'સાહિત્ય અને કલાનું હસ્તલિખિત પત્ર' પણ કાઢયું હતું. 'નેપથ્યમાંથી' નામના એક હસ્તલિખિતમાં તેઓ તત્કાલીન નોંધનીય ઘટનાઓ–સમાચારો આપતા. 'સંગ્રહ અને સર્જન' નામે પણ પ્રયોગ કરેલો જેમાં સારાં ચિત્રોનાં કાટગ્સ, કુમાર કાર્યાલયમાં રવિભાઇએ કરવા ધારેલાં ચિત્રો ને કવરડિઝાઇન વગેરેને માટે કરેલા ખસરા, મુદ્રણ વ્યવસાયને ઉપયોગી વિધવિધ માહિતી અને તેના ટૅકનિકલ શબ્દોની સમજ, મુદ્રણ અંગેના પ્રયોગોની નોંધ અને સૂચનો વગેરે આપવાનો ખયાલ રાખ્યો હતો.

હસ્તલિખિત પત્રોની પ્રવૃત્તિનું એ સમયમાં સારું એવું આકર્ષણ હતું. ઊમરેઠમાં યોજાએલા એક પ્રદર્શનમાં લગભગ ચાળીસ જેટલાં હસ્તલિખિત સામયિકો રજૂ થયાં હતાં, અને એથી યે વિશેષ હસ્તલિખિત પત્રો ત્યારે ચાલતાં હતાં. પણ આ બધાંમાંથી મોટા ભાગનાં હસ્તલિખિતોમાં જે ન્યૂનતા જણાતી તે હતી એકસરખી સુંદર લખાવટની. સુઘડતા, એકધારું સુવ્યવસ્થિત લેખન અને વિવિધતાભરી અક્ષરોની યોજના તથા પત્રની સમગ્ર માંડણી ઉપરાંત વૈવિધ્યસભર વાચનસામગ્રી તથા ચિત્રાત્મકતામાં 'જ્ઞાનાંજલિ' અદ્વિતીય હતું. તેમાંની કેટલીક વાનગી અને બચુભાઇનાં હસ્તલિખિત સામયિકો વિષે એક સચિત્ર લેખ હવે પછી. —સં.

'વિનોદ'ની લઘુકથા

ઉત્તમ ઉપાય!

વિનોદ ભટ્ટ

રાવણ ચિંતામાં પડી ગયો. સીતાજીનું અપહરણ તો એ કરી લાવ્યો; પરંતુ કોઈ પણ રીતે સીતાજી માનતાં નો'તાં. રાવણે તેમને પટરાણી બનાવવાની લાલચ આપી, શિર ઉડાવી દેવાની ધમકી આપી ...ટૂંકમાં, શામ, દામ, ભેદ દંડ,–બધું ય અજમાવી જોયું. પણ સફળતા ના મળી. આ બધી જ પળોમાં સીતાજી રામ સિવાય કશું ય બોલતાં જ નહિ. માત્ર રામનું જ રટણ. બીજી કોઈ વાત નહિ.

રાવણે પોતાના અંગત મંત્રી આગળ હૈયાવરાળ કાઢી: 'આ જડ સ્ત્રી કોઈ વાતે માનતી જ નથી. બસ, રામ-રામ જ બોલ્યા કરે છે. શી ખબર રામમાં એવું તે શું બળ્યું છે!...થાકી ગયો હું તો...શું કરવું. એ સમજાતું નથી...'

'એક ઉપાય છે...' મંત્રીએ કહ્યું.

'શો?' રાવણે અધીરાઇથી પૂછયું.

'તમે તો માયાવી શક્તિ ધરાવો છો...રામનું રૂપ ધરીને તમે સીતા પાસે પહોંચી જાવ...પછી જુઓ, સીતા તાબે થાય છે કે નહિ!'

આ ઉત્તમ ઉપાય સાંભળીને રાવણ પ્રસન્ન થઈ ગયો. જલ્દીથી રામનું રૂપ ધરીને તે સીતાજી પાસે ગયો.

પણ ગયો એવો જ પાછો દોડી આવ્યો. તેનો શ્વાસ ભરાઈ ગયો હતો. કપાળમાં પરસેવો વળી ગએલો. તેની રાહ જોઇને ઊભેલા મંત્રીને તેણે કહ્યું: 'શું આ સ્ત્રીને પામવા હું ધમપછાડા કરી રહ્યો છું?'

'શું થયું, મહારાજ?' મંત્રીએ રાવણને કુતૂહલથી પ્રશ્ન કર્યો.

જવાબમાં રાવણે કહ્યું: 'તારી સલાહ પ્રમાણે રામનું રૂપ લઇને હું સીતા પાસે ગયો તો મને સીતાને બદલે મંદોદરી જ દેખાઈ.' □

બચુભાઇ-બુધસભાના કવિઓની નજરે

મિલનનાં અ-મર સુખ

પ્રજારામ રાવળ

શ્રી બચુભાઈ રાવત! ઘણી વાર યાદ આવે છે, વારંવાર યાદ આવે છે. કેમ ન આવે? કેવો સ્નેહાળ સ્વભાવ! મળતાં જ બોલે; 'કેમ છો!' મોંની રેખાઓ સુકોમળ, હસતી ને આંખમાં ચમક. યાદ આવે છે, ને ચિત્ત ખિન્ન થઈ જાય છે; કે હવે, એ કદી જોવા મળશે નહિ! ફિલસૂફીભર્યા ખુલાસા કૈં કામ આવતા નથી. આ આંખોથી એ આંખો જોવી છે. એ હતા તેવા; બેસતા તે ઢબમાં જોવા છે; એમની સાથે 'કુમાર કાર્યાલય'માં વાતો કરવી છે. અને માણસનો માણસ સાથેનો નિષ્કારણ, ગાઢ સ્નેહ માણવો છે. મૃત્યુલોકનું અમૃત પીવું છે. પણ, એ ગયા. હવે એ સ્મરણોની સૃષ્ટિના રહેવાસી. સ્મરતાં જ સાદ દે, હાજર થાય. પણ આ આંખોથી એ ન દેખાય. કો અન્ય આંખો એમને જોઈ રહે. એમના અવાજને કો અન્ય કાન સાંભળે. એમનું સ્મિત, સ્મિત સાથેનો સ્નેહ; સ્નેહભીની વાણીને ઝીલી રહું છું, હૃદયમાં એમને પહેલી વાર જોયા ત્યારથી તે છેલ્લી વાર જોયા ત્યાં સુધી એક જ સ્વરૂપ; બાહ્ય અને આંતર.પારદર્શક; સરળ, ખુલ્લું. દીવાલો વિનાનો જાણે કોઈ ખંડ, અ-ખંડના મહાલયમાંનો.

સ્મરણો પાછાં પગે ચાલતાં જાય છે, ઈ. સ. ૧૯૩૪માં મે માસ હશે. 'કુમાર'ના શતાંકમાંથી 'કુમાર કાર્યાલય'નું રાયપુરનું સરનામું મેળવી, હું પહોંચ્યો એક સવારે બચુભાઈ રાવત પાસે. મારી સાથે ખિસ્સામાં હતી મારી બધી માયા-મૂડી, ફુલ્સકેપ ચોથિયા કાગળોમાં પેન્સિલથી લખેલાં પાંચ-છ કાવ્યો. 'આવો' બચુભાઈ બોલ્યા. પાસે બેસીને મેં મારાં કાવ્યોવાળા કાગળો આપ્યા. એમણે ધ્યાન દઇને, ઝીણવટથી વાંચ્યા, અને બોલ્યા; અક્ષરો પરિચિત છે. મારા મનમાં હું બોલ્યો; 'અક્ષરો કેમ પરિચિત ન હોય? મેં તમને ટપાલમાં અનેક વાર કાવ્યો મોકલ્યા કર્યાં છે. અને તે તમે 'પાછું' લખીને મને હમેશાં પાછાં મોકલ્યાં છે. અહીં મારે લખવું જોઇએ કે એ બે અણગમતા અક્ષરોવાળા એક શબ્દ પછી એમણે એમના ઝીણા, સુવાચ્ય, ગોળ અક્ષરોમાં ઘણી પ્રેરણાત્મક, કેટલીક લીટીઓ તો લખી હોય જ. એ લીટીઓને, અક્ષરોને હું લાંબા સમય સુધી જોઈ રહું. કાવ્યો મોકલવાનું ચાલુ રાખું. ઉત્સાહ ઘટે નહિ, મેં મારું નામ, રહેઠાણ કહ્યા પછી એમણે કહ્યું, 'બુધવારે સાંજે આઠ વાગ્યે અહીં આવો. ત્યારે અહીં કવિ-મિલન થાય છે. રમણિક અરાલવાળા, નંદલાલ જોષી, અશોક હર્ષ, બાલમુકુન્દ દવે, વેણીભાઈ પુરોહિત, મોહિનીચન્દ્ર વગેરે આવે છે. સુન્દરમ્ પણ આવે છે.'

'આવીશ' કહીને હું ગયો. બીજા જ દિવસે બુધવાર હતો. સાંજના આઠ વાગતાંવાગતામાં જાણે અનેક દિવસો વીતી ગયા! હું પોણા આઠે પહોંચ્યો હોઈશ. થોડીક વાર થઈ ત્યાં જ રમણિક અરાલવાળા સ્મિત સાથે પ્રવેશ્યા. થોડા સમયમાં સહુ ગોઠવાઈ ગયા નજીકમાં. પછી સુન્દરમ્ આવ્યા. બચુભાઈ એમની ખુરસી પર જ હતા. બચુભાઇએ થોડી વાર પછી મારાં કાવ્યોવાળા કાગળો સુન્દરમના હાથમાં આપ્યા. એમણે પેન્સિલથી ઝાંખા અક્ષરે લખેલાં મારાં એ કાવ્યો આંખ ખેંચીને વાંચ્યાં. સ્રગ્ધરા છંદનું એક સૉનેટ વાંચીને કહે: 'આ પંક્તિ સારી છે.' એ પંક્તિ મને યાદ રહી ગઈ છે. સૉનેટની આઠમી પંક્તિ એ હતી, આ પ્રમાણે:

'ને વીંઝી પાંખ, ઊડાં જીવનવન મહીં ઘોર ઝંઝાનિલો બ્હે.'

પછી પૃથ્વી છંદમાં લખેલું એક મુક્તક વાંચ્યું. અને બોલ્યા: 'આ સરસ છે.' બીજાં કાવ્યો પણ મૂગામૂગા વાંચ્યાં, વિવેચન વિના. આ પછી વઢવાણ શહેરની લાઇબ્રેરીમાં 'કુમાર'નો તાજો (૧૩૭મો) અંક જોયો, વાંચવા માંડયો. પાનાં ફેરવાવા લાગ્યાં 'માધુકરી' પાસે પહોંચ્યો ત્યાં તો આનંદનાં મુખવાળું આશ્ચર્ય! મારું એ મુક્તક છપાયેલું. નામ હતું, પૂરું. ગ્રામોફોનની રૅકર્ડની રેખાએ-રેખાએ પિન ફરી વળે એમ મારી દૃષ્ટિ મારાં એ બધા સ્વર-વ્યંજનોમાં ફરી વળી, એકથી વિશેષ વાર. મુક્તક યાદ જ હતું; છતાં યે બે-ત્રણ વાર તો વાંચ્યું હશે જ. શો આનંદ! મારાં કાવ્યો માસિકોમાં છપાવાની શરૂઆત ત્યારથી જ થઈ. કાવ્યોવાળી એ જાડી નોટ તો ખોવાઈ ગઈ છે; પણ, હજી એ મુક્તક યાદ છે; આ પ્રમાણે:

વાંછા

નથી મમ વિરાટ બાથમહીં વિશ્વને ભીડવું;
નથી યુગોયુગો સુધી અમર નામ વા રહાવવું;
નથી ઝળહળાટ જ્યોતિ થઇને બધાં આંજવા;
મથી રહું, મનુજ હું મનુજતા પૂરી પામવા.

કવિતામાં એ જમાનો હતો 'કાવ્યમંગલા' અને 'ગંગોત્રી'નો. 'કુમાર'માં ઊઘડતા પાને મોટા ટાઈપમાં છપાતાં સુન્દરમ્, ઉમાશંકર, રામપ્રસાદ શુક્લનાં કાવ્યોનો. અને એ કાવ્યોની નીચે 'બ. રા.'ની સહીથી એ કાવ્ય સમજાવતું વિશદ વિવેચન હોય. એ વિવેચન મારા માટે ખાસ અભ્યાસનો વિષય. વિવેચનના ગ્રંથો તો પછી જ વાંચ્યા. એ કાવ્યો અને એ વિવેચનો ગ્રન્થસ્થ થાય તો કવિતાનું એક નક્કર કાર્ય થાય. ૧૯૩૯માં ઉમાશંકર જોશીને રણજિતરામ સુવર્ણચંદ્રક મળેલો. તે નિમિત્તે 'કુમાર' તેમના વિસ્તૃત પરિચય સાથે યુવાન ઉમાશંકરની સરસ છબી જોવા મળેલી.

હા, એક વાત લખવી રહી ગઈ, ઘણી જ અગત્યની. કવિતા લખવાની મારી મહત્ત્વાકાંક્ષા અતિ તીવ્ર, સતત, અખૂટ, દિવસે દિવસે વૃદ્ધિંગત, છંદના ગુરુ-લઘુનું માપ તો ક્યાંકથી શીખી ગયેલો. પણ, મોટી મુશ્કેલી હતી, પહાડ જેવી, પ્રાસ મેળવવાની. પ્રાસ મેળવતાં ન આવડે! 'જો કવિતામાં પ્રાસ મેળવવા પડે જ એમ હોય તો તો આપણે કવિતા લખી રહ્યા' એમ ખાતરી હતી. એટલે બચુભાઇને અમારા પ્રથમ મિલન-પ્રસંગે મારો બળબળતો પ્રશ્ન પૂછેલો કે 'કવિતામાં પ્રાસ હોવા જ જોઇએ?' બચુભાઈ કહે, 'ના; પ્રાસ ન હોય તો ચાલે.' હાશ. ઘણી હૈયાધારણ મળી. હવે કવિતા લખાશે એમ હૈયાને થયું. બીજો પ્રશ્ન પણ હતો જ. 'અને, છંદમાં જેટલા અક્ષરો હોવા જોઇએ; તેથી વધુ અક્ષરો હોય તો ચાલે?' મારા મનમાં એમ કે, 'ચાલતું હોય તો ઠીક', કારણ કે, એ વખતે મારો મંદાક્રાન્તા છંદ દીર્ઘદેહી હતો. સત્તર અક્ષરોને બદલે વીસ અક્ષરોથી પણ એ શોભતો હતો. બચુભાઈ કહે, 'ના એ ન જ ચાલે; અક્ષરમેળ છંદમાં અક્ષરો ઓછા-વધુ ન જ ચાલે.' વળી, સવાલ કર્યો, આશાપૂર્વક, 'એક-બે અક્ષરો વધુ હોય તોય ન ચાલે?' 'ના; ન જ ચાલે.' થોડી વાર મારું મૌન. બચુભાઈ શાંતિથી મારા સામું જોતા બેઠા હતા, જાણે કે મારી અન્ય કોઈ સમસ્યાની રાહ જોતા હતા. મેં પૂછ્યું; 'લઘુ-ગુરુ બરોબર છંદના માપ પ્રમાણે જ જોઇએ?' 'ના; ગુરુ અક્ષરને લઘુ તરીકે અને લઘુ અક્ષરને ગુરુ તરીકે ઇ ઈ અને ઉ ઊમાં

વાપરી શકાય. પણ, જો છંદના માપ પ્રમાણે જ લખાય તો ઉત્તમ...' છંદના માપ પ્રમાણે જ જો લઘુ-ગુરુ અક્ષરો હોય તો તેઓ બહુ પ્રસન્ન થતા. રસથી એક વખત રામપ્રસાદ શુક્લનું એક સૉનેટ એમણે મને સંભળાવેલું, લઘુ-ગુરુ અક્ષરો પર વજન મૂકીમૂકીને ઘણાં જ રસપૂર્વક; 'કુમાર'માં પછી છપાયેલા એ સૉનેટની પ્રથમ પંક્તિઓ યાદ છે.

હવે ન વખ ઘોળવાં ફરીફરી ગમે આ વિભો!
લગીર વિષ જે ચડી ઊતરી જાય, એથી વધે
મહા દરદ, ને પછી ન પ્રતિકાર એનો રહે;
મને જલદ એ થકી ગરલ-પ્યાલી આપો જ કે,
લગીર વણઆંચ એ ગટગટાવી, ઉન્નતમુખે
ફરીશ, અથવા પડીશ ધરણી પરે હું ઢળી.'

કાવ્યની પંક્તિઓમાં પ્રવાહિતા એમને બહુ ગમતી. એક વાર રાયપુર દરવાજાથી આસ્ટોડિયા તરફ જતાંજતાં રસ્તામાં પ્રવાહિતાના નમૂના તરીકે સુન્દરમની આ પંક્તિઓ એ બહુ રસપૂર્વક બોલેલા:

પ્રશાસ્ત તારાં ચરણે પ્રભાવતી
ઉષા, અમારી ઢળતી છ અર્ચના.

મને 'કહે, જુઓ, કેવો પ્રવાહ છે!'

એ જો રાજી થાય તો 'કવિતા' નહિતર, કેવળ 'પદ્ય'; એમ અમે એ વખતે માનતા.

એમની હવેની શાશ્વત ગેરહાજરીનું એ દુઃખ મૂકી ગયા! પણ ના, એમની સાથેનાં અનેક મિલનોનું અ-મર સુખ પણ એ આ હૃદયમાં ભરી ગયા. એ સુખ અનેકગણું થઇને, એમને એ જ્યાં હો ત્યાં મળો. □

ગુજરાતની સુરુચિના પ્રશિક્ષક

ઉશનસ્

કુમાર'ની સકર્મક કારકિર્દી એ ગુજરાતના સંસ્કારજીવનની એક નોંધપાત્ર ઘટના ગણાશે. આ ઘટના એટલે 'કુમાર' તેના સંભવ પછી, એના નામ પ્રમાણે એક કુમારશાળામાં પરિણમી હતી તે છે. 'કુમાર' શીર્ષક સૂચવે છે તે વયના સર્વાંગીણ વિકાસ માટે તેણે કંઈક શાળેય પ્રવૃત્તિથી પણ વિશેષ પ્રવૃત્તિઓ કરી છે, જેવી અન્ય ભારતીય ભાષાઓમાં પણ જવલ્લે જ જડશે; આ બધાંનો સ્થિરપણે વિચાર કરીએ છીએ ત્યારે 'નેપથ્ય'માં રહેલા સ્વ. બચુભાઇએ જે બહુશાખી પ્રવૃત્તિ આદરી હતી તેનો સબહુમાન ખયાલ આવે છે. તેઓ માત્ર તંત્રી કે સંપાદક જ લાગતા નથી; નૂતન ગુજરાતના એક ઘડવૈયા પણ લાગે છે, જેની ગુજરાતના સાંસ્કારિક ઇતિહાસકારે નોંધ લેવી પડશે. બચુભાઇએ જાણે કે એક સામયિકને ચલાવી, આવતી કાલના નાગરિકો ઘડવા 'આજે' જાણે ઘરઘરમાં પ્રભાવ પાડતી એક પ્રશૈક્ષણિક ઝુંબેશ જ ચલાવી હતી. એક સામયિક માત્રને આધારે જાણે એમણે એક નાની સરખી યુનિવર્સિટી ચલાવી હતી, ને તેય બહુવિદ્યાશાખી!

'કુમારે' માત્ર માનવવિદ્યાઓમાં જ રસ લીધો નથી, પણ એમાં સમાજશાસ્ત્રો, વિવિધ વિજ્ઞાનની માહિતી ઉપરાંત ચિત્રાદિ લલિત કલાઓ તથા ફોટોગ્રાફીને પણ લલિતકલાની કક્ષાએ ઊંચકવામાં ફાળો આપ્યો છે. 'કુમાર'ના અંકોને સતત સેવતો વિદ્યાર્થી સરેરાશ શિક્ષણથી વધુ પ્રશિક્ષિત તે પ્રદીક્ષિત કળાઈ આવવાનો, નોખો પડી જવાનો.

આ બધાં કામનું સરવૈયું કાઢવામાં આવશે ત્યારે, એનું અંતિમ મૂલ્યાંકન થશે ત્યારે આપણે ત્યાં મુંબઈ યુનિવર્સિટી દ્વારા પ્રસ્તુત થયેલા રેનેસાં – નવજાગરણને આ એક માણસે આ એક સામયિક દ્વારા કેવું તો પોષણ આપ્યું છે તેનો કંઈ અંદાજ આવશે; 'કુમાર' દ્વારા પ્રશિક્ષિત વિદ્યાર્થીનું રુચિતંત્ર કોઈ રીતે એકાંગી કે અપરિષ્કૃત રહી ગયાનું જણાશે નહિ.

એમાં ય ગુજરાતી સાહિત્યરુચિ ઘડવામાં તો 'કુમાર'નો ને તેની સાથે સ્વ. બચુભાઇનો ફાળો વિશિષ્ટ નોંધને પાત્ર છે. 'લઘુકથા'નો નવો સાહિત્ય-પ્રકાર તો સંભવ છે કે 'કુમાર'ની જ નીપજ છે; ચરિત્ર, નિબંધ, પ્રવાસ, સાહસકથા વગેરે ગદ્યપ્રકારોની ખિલવણીમાં પણ એનો ફાળો નોંધપાત્ર છે; 'અથાણું' રૂપે રમૂજી ટુચકા તો તેમાં હોય જ, પણ પછી તો બકુલ ત્રિપાઠી ને વિનોદ ભટ્ટને પરિપક્વ રૂપે નિબંધિકા સ્વરૂપ સહિત ગુજરાતને એમણે આપ્યા. પરંતુ ગુજરાતી કવિતાને 'કુમાર' અને 'કુમાર' દ્વારા બચુભાઈનું જે અર્પણ છે તે ઐતિહાસિક રીતે અવિસ્મરણીય છે.

સ્વ. બચુભાઇએ શ્રી સુન્દરમ્, ઉમાશંકર આદિની આખી ગાંધીયુગીન કવિતાનાં, અનુગાંધીયુગીન રાજેન્દ્ર–નિરંજન યુગની કવિતાનાં અને તે પછીની ય ગીત-ગઝલ પ્રવૃત્તિનાં પારણાં ઝુલાવ્યાં છે ને એમને માટે યોગ્ય રીતે કહેવાયું છે તેમ 'બાળોતિયાં' ધોયાં છે. આમ, ત્રણ-ત્રણ પેઢીની ગુજરાતી કવિતાનું આયાકર્મ, ઉપનયન સંસ્કારકર્મ કર્યું છે. આમ તો જે તે સમયનાં સામયિકોમાં તેના તંત્રી મહાશયો જે તે સમયની પ્રતિનિધિરૂપ કૃતિઓને પ્રગટ કરે તે તો સ્વાભાવિક છે; 'કુમાર' ઉપરાંત તે વખતના રામનારાયણ પાઠકના 'પ્રસ્થાને' આવું પુરસ્કરણકાર્ય કર્યું જ છે; પણ બચુભાઈ માત્ર તંત્રી ન હતા. (અલબત્ત, તે કંઈ આમ જોઇએ તો 'શેષ' જેવા કવિ પણ ન હતા.) 'શેષે' 'પ્રસ્થાન'માં કવિની કૃતિઓ પ્રગટ કરીને તથા તેના પ્રવાહોનું અવલોકન–વિવેચન કરીને ઘણું ઉપયોગી કાર્ય કર્યું છે. પણ બચુભાઈ તો કવિતાની અમુક એક રુચિના પ્રશિક્ષક—વર્ગો ચલાવતા પ્રશિક્ષક હતા. એમણે 'કુમાર કાર્યાલય'ના જે એક અંગભૂત એવી 'બુધવાર-સભા' સ્થાપી અને પેઢીઓ સુધી ચલાવી; તથા એનાં બુધકાવ્યસત્રો પણ ભર્યાં. આ બુધસભામાં નૂતન કવિજીવો હાજરી આપતા; તેમની કૃતિઓનો પાઠ થતો ને બચુભાઈ એને વાંચતા સાંભળતા ને પછી વખાણતા કે વખોડતા, ભૂલ કાઢતા કે શાબાશી આપતા. ગેરહાજર કવિને પત્ર લખી ઊણપો જણાવતા ને સુધારીને ફરી મોકલવા કહેતા. આવેલી કૃતિને 'કુમાર'માં પ્રસિદ્ધ થતાં પૂર્વે 'બે-ત્રણ વાચન'માંથી પસાર થવું પડતું. પ્રથમ વાચન કરીને અમુક સમય સુધી રાખી મૂકતા; બીજે વાચને ગમે તો યે રાખી મૂકતા ને પછી ત્રીજે વાચને ય ગમે ત્યારે 'કુમાર'માં સંભવ થતો. તે નૂતન કવિને હમેશાં લખતા કે 'સિદ્ધિ પૂર્વે પ્રસિદ્ધિ ઠીક નથી.' ત્રણેક વાચનની મેં વાત કરી છે તેવું દરેક વખતે ન યે થાય. ક્યારેક તો પ્રથમ વાચને સંતોષ આપતી કૃતિને તરત પ્રગટ કરી દેતા, પણ જો પ્રથમ વાચને સંતોષ ન થાય તો તે તેને તરત 'અસ્વીકાર્ય' કહી દેતા નહિ. એમ કહેવા વારો આવે ત્યારે ય 'કુમાર'માં લેવાનું મન થતું નથી. ખોટું લગાડશો નહિ, એમ વિવેકથી લખે.

મારી સાથે એમનો આ રીતભાતનો પત્રવ્યવહાર ચાળીસથી ય વધુ વર્ષ–એમના નિધનના વર્ષમાં ય રહ્યો હતો એને હું મારું પરમ સૌભાગ્ય ગણું છું; મેં મારો 'આર્દ્રા' કાવ્યસંગ્રહ એમને નીચેની પંક્તિઓ સાથે અર્પણ કર્યો છે:

'હે આદ્ય ઋત્વિજ! યજ્ઞોપવીત
તમે જ દે આ મુજ શબ્દગીત કર્યું દ્વિજ.'

વત્સલ ટપલી સાંભરે....

—જયન્ત પાઠક—

તા. ૧૯-૩-'૮૦નો, લગભગ ચોરસ એવો એક પીતવર્ણ પત્ર છે: 'સ્નેહી ભાઇશ્રી, કૃતિ 'પ્રાર્થના' મળી છે અને 'કુમાર' માટે રાખી છે. કુશળ હશો.-બચુભાઈ'. મુ. બચુભાઈ રાવતનો મારા પરનો એ છેલ્લો પત્ર, મારા કાવ્યનો 'કુમાર' માટે એમને હાથે એ છેલ્લો સ્વીકાર. પહેલો સ્વીકાર આ સદીના પાંચમા દાયકાના આરંભમાં, યાદ છે ત્યાં સુધી તો ઈ. સ. ૧૯૪૨માં, એક મુક્તકનો હતો. પછી લગભગ ચાર દાયકા દરમિયાન એમણે મારાં અનેક કાવ્યો 'કુમાર' માટે રાખ્યાં ને પ્રકટ કર્યાં, ન છાપ્યાં તે પરત કર્યાં. મારે માટે તો જાણે એક રીતસરની તાલીમશાળા જ શરૂ થઈ. કાવ્યો, ક્યારેક તો જથ્થાબંધ મોકલું ને કેટલાંક સંભાળથી મુ. બચુભાઈ પાછાં મોકલે, થોડાંક રાખે. ક્યારેક પરત કરાતી કૃતિ સાથે ટીકા આવે: 'તમારે માટે અપેક્ષિત એવા ધોરણની નથી'; તો ક્યારેક વળી વખાણનાં વેણ આવે: 'તમારી સફાઈદાર કૃતિ મળી, સરસ છે.' ક્યારેક કોઈ બૉર્ડર લાઈનનો કેસ પણ હોય; ત્યારે લખે: 'અમુક પંક્તિઓનો અર્થ બરાબર બેસતો નથી, ખુલાસો કરશો'. આપણી સ્પષ્ટતા મનમાં બેસે તો કાવ્ય એવું ને એવું છાપી દે. કવિ કરતાં કવિતા માટે એમને વધારે આદર, એટલે પ્રસિદ્ધ કવિ પણ કવિતામાં ઝોકું ખાઈ ગયેલો લાગે તો એ ચલાવી ન લે. કાવ્યના કડક પરીક્ષક ખરા, પણ તેથી આર્દ્રહૃદય કાવ્યરસિક ઓછા એવું નહિ જ. સરસ કવિતા પછી ભલેને તે શિખાઉની હોય, વાંચી સાંભળીને એ ડોલી ઊઠવાના ને પ્રશંસાનાં બે વેણ પણ બોલી ઊઠવાના. સ્કોલરની ઝીણવટ અને ક્રિટિકની ઊંડી ને વ્યાપક સહૃદયતા એમનામાં સુભગ સમન્વય પામ્યાં હતાં. હા સુભગ, સુભગતાનો એમનો આગ્રહ કોઈ પણ કલાકારથી રતિભાર ઓછો નહિ.

મારો ચોથો કાવ્યસંગ્રહ 'સર્ગ' મેં મુ. બચુભાઇને અર્પણ કર્યો છે. એમની પૂર્વસંમતિ મેળવીને. અર્પણ-પંક્તિ આમ છે: 'ઘડાયું જેની વત્સલ ટપલીએ કાવ્યનું શિશુ.' કાવ્ય-શિશુએ મુ. બચુભાઈની ઘણી ટપલીઓ ખાધી છે – ઘડો પ્રજાપતિની ખાય એટલી ને એવી. પણ મારાં કાવ્યોને એમનું જેટલું સાન્નિધ્ય સાંપડ્યું તેટલું મને નહિ. એમના સંદર્ભમાં મારું શિષ્યત્વ એકલવ્યના જેવું ગણાય; નવી શિક્ષણ-વ્યવસ્થાના સંદર્ભમાં કહીએ તો 'ઍક્સ્ટર્નલ સ્ટુડન્ટ' જેવું ગણાય. આ લખનારને થાય છે તેવું આશ્ચર્ય કદાચ આ વાંચનારને પણ એ જાણીને થશે કે મુ. બચુભાઇને બુધસભામાં હું કદી મળ્યો નથી. બુધસભામાં મારી જિંદગીમાં હું એક જ વાર સાઠીનાં વર્ષોમાં ગયેલો ને તે દિવસે મુ. બચુભાઈ નાદુરસ્ત તબિયતને કારણે આવેલા નહિ તે મને બરાબર યાદ છે. તે દિવસે ભાઈ પિનાકિન ઠાકોર અને ભાઈ નલિન રાવલ હતા એ પણ મને યાદ છે. મેં મારાં થોડાંક કાવ્યો વાંચેલાં જે પૂરતી હાજરીના અભાવે ને ઘેર જવાની ઉતાવળમાં ઉપસ્થિત મિત્રોથી વિવેચાયેલાં નહિ, એ પણ મને બરાબર યાદ છે. તે પછી તો પરીક્ષાને કારણે અમદાવાદમાં ૨૦-૨૨ દિવસ રહેવાનું થતું ત્યારે એક વાર એમને મળવા 'નેપથ્ય'માં ગયો હતો એ જ. ઉનાળાનો દિવસ હતો; ઘરમાં અંધકાર સાથે સરસ ટાઢક હતી એવી લાગણી થયાનું બરાબર યાદ છે.

ગુજરાતી કવિતાના ઇતિહાસમાં કવિતાના વિવેચક તરીકે નામ ન હોય ને છતાં કવિતાની બેત્રણ પેઢીની માવજત કરવામાં જેમણે જીવનનાં ઉત્તમ વર્ષો અને શક્તિ નિયોજ્યાં હોય એવા પુરુષોમાંના એક તે સદ્ગત બચુભાઈ. એમની તાલીમશાળામાં, કસોટીપત્રમાં ઉત્તીર્ણ થઇને નામના મેળવનાર કવિઓ એમનો આટલો બધો આદર કરતા હોય તો એમ માન્યા વગર છૂટકો જ નહિ કે મુ. બચુભાઈમાં કાવ્યમીમાંસકની સજ્જતા ને સૂઝ હતાં. કાવ્ય વિશે નિબંધો લખીને ભલે એમણે એમની કાવ્ય-સમજ પ્રગટ ન કરી હોય, ઉત્તમ કવિઓ અને કાવ્યોનો સમાદર કરીને તો એમણે એ સમજ પ્રગટ કરી છે જ. હું તો આ પહેલાં ક્યાંક કહી ચૂક્યો છું કે મુ. બચુભાઇએ 'કુમાર'માં મારાં કાવ્યો છાપીને નહિ તેટલું, કાવ્યો ન છાપીને મારું ને મારી કવિતાનું ઘડતર કર્યું છે, ને છેલ્લે રેડિયો ઉપરથી ('અતીતને આરે'ના કાર્યક્રમમાં) એમણે કવિતાની એમની વિભાવનાની, કવિતાની કલા ને તેના કાર્યની વાત કરેલી તે સાંભળતાં એમણે જીવનભર કવિતા માટે પ્રીતિ અને સમજ કેળવવાના કેવા નિષ્ઠાભર્યા પ્રયત્નો કરેલા તેનો ખ્યાલ આવ્યો. 'કુમાર'ને પોતાની અંતિમ ઘડી સુધી 'આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક' રાખી શક્યા એ હકીકત જ એમની નિષ્ઠા, શક્તિ, લક્ષ્યગામી દૃષ્ટિ, ઉત્તમ કલ્પનાશક્તિ અને સ્વસ્થ વિચારની શાખ પૂરે છે. એ એમના જીવનની એક ઉત્તમ સિદ્ધિ ને સાર્થકતા છે. □

અને આ ત્રણત્રણ પેઢીની આધુનિક ગુજરાતી કવિતાને ઉપનયન-સંસ્કાર આપી દ્વિજ કરવા સ્વ. બચુભાઈની સેવા વિશિષ્ટ ઉલ્લેખનીય છે.

હવે એ તો સુવિદિત છે કે ગાંધીયુગની કવિતાનું કલેવર ઘડવામાં પ્રો. ઠાકોરનો સિંહફાળો છે; એમાં ય ખાસ તો તે સૉનેટ કાવ્યસ્વરૂપના આદ્ય પુરસ્કર્તા હતા તે નિર્વિવાદ છે. સાક્ષરપેઢીના બીજા બે પ્રમુખ કવિઓ કાન્ત અને ન્હાનાલાલ પણ એમની રીતે ગુજરાતની કાવ્યબાની ઘડી રહ્યા હતા, છતાં સૉનેટ સ્વરૂપને લોકપ્રિય કરવામાં ને ગુજરાતમાં દૃઢમૂલ કરવામાં રામનારાયણના 'પ્રસ્થાન' સાથે 'કુમાર'નો પણ એટલો જ ફાળો છે. ઠાકોર-પ્રભાવિતયુગમાં પણ અને પછી અનુઠાકોરયુગમાં પણ ગુજરાતી સૉનેટના છંદો અને બાની ઠાકોરશાઈ ન રહેતાં સૂક્ષ્મ રીતે તે સૉનેટના બીજા પ્રમુખ આદ્યપુરસ્કર્તા 'કાન્ત'ની કમનીયતા તરફ વળતાં દેખાય છે તેની પાછળ બચુભાઈની બુધસભાનું સુકાનીકર્મ અને 'કુમાર'નું સંપાદકકર્મ પડેલું દેખાય છે; ઉમાશંકર-સુન્દરમ્, રાજેન્દ્ર-નિરંજન જેવા સુઘડ છંદોબાનીના કવિઓના કવિકર્મને ઓછું આંક્યા વગર પણ આટલું તો બચુભાઈના સંપાદકકર્મને ન્યાય આપવા કહેવું પડશે.

બચુભાઈની કાવ્યબાની માટે અમુક એક શિષ્ટમાન્ય રુચિ હતી. અમુક રીતે કેળવાયેલી શ્રુતિ હતી; એ છંદોબદ્ધ કવિતાની બહાર અછાંદસતા સુધીની રુચિ કેળવી શક્યા ન હતા એ ખરું, એ એમની મર્યાદા પણ કહી શકાય એ પણ ખરું; પણ આ છંદોબદ્ધ કવિતાની બાની માટે, પ્રાસાદિ માટે ને પ્રસાદાદિ માટે એમને કાન્ત-ન્હાનાલાલીય સંસ્કારવાળી રુચિ હતી; પરિણામે એમના સંપાદકકર્મની દેખરેખ ને કાળજી નીચે અનુઠાકોરયુગીન છંદોબદ્ધ કવિતા ને તેમાં ય સૉનેટ ઠાકોરશાઈ બરછટતાથી ઊગરી ગઈ તે ઊગરી જ ગઈ; ઠાકોરી બરછટતાની વગર બોલ્યે જ અપ્રતિષ્ઠા થઈ ને નિરંજનમાં છંદપ્રાસની અમુક રીતની ચુસ્તીને તથા રાજેન્દ્રમાં તો ઊડીને આંખે વળગે તેવું પ્રસાદમાધુર્ય નિખરી આવ્યું અને ત્યાર પછીની પેઢીય બાની પરત્વે બરછટતા તરફ ન વળી તે ન જ વળી ! આ ત્રણ પેઢીની છંદોબદ્ધ કવિતાનો ઇતિહાસ લખાશે ત્યારે ઠાકોરયુગમાં ય ને તે પછી તરત જે કવિતાવાણી વિકસી તેમાં નાગરિક સુઘડતાની શિક્ષાદીક્ષા આપવામાં અને એ રીતે ગુજરાતી કવિતાને પ્રસાદમાધુર્યના રાજમાર્ગે રાખવામાં બચુભાઈના સંપાદકીય પ્રશિક્ષણકર્મનો વિશિષ્ટ યશ ગણાશે. □

કવિઓ તો ઘણા જોયા છે,

પણ બચુભાઈ જેવા કોઈ કાવ્યરસિક જોયા નથી

—લાભશંકર ઠાકર—

મારા ગામ પાટડીમાં, આઠમા ધોરણમાં ભણતો હતો ત્યારે, રોજની સરેરાશ ચાર-પાંચ કવિતા ઊતરતી. નાની-મોટી વયના મિત્રો 'કવિરાજ' કહીને બોલાવતા. પાઠ્યપુસ્તકોમાં આવતાં કાવ્યો બધાં કંઠસ્થ. ગામના પુસ્તકાલયમાં એકમાત્ર કાવ્યસંગ્રહ 'કલાપીનો કેકારવ.' એનો એકમાત્ર વાચક હું. પ્રાણ સમો પ્યારો એ ગ્રંથ. ૧૯૫૧માં અભ્યાસ અર્થે અમદાવાદ આવ્યો. ખાડિયાની શાળા શ્રી ભારતી વિદ્યાલયમાં ૯મા ધોરણમાં દાખલ થયો. શાળાના વાચનખંડમાં પહેલી વાર 'કુમાર' જોયું. બીજાં પણ અનેક સામયિકો આવે. બપોરે બાર વાગ્યે શાળા શરૂ થાય. જમીને સાડા દસ વાગ્યે શાળામાં આવી જઉં. અક્ષરેઅક્ષર બધાં સામયિકો વાંચું, નિઃશેષ.

સારંગપુરમાં મારા પિતાશ્રીનું દવાખાનું. ત્યાંથી રાયપુર તરફ જઇએ એટલે વચ્ચે કુમાર કાર્યાલયનો ડેલો આવે. બહાર ઊભો રહી કુમાર કાર્યાલયનું બૉર્ડ વાંચું. અંદર પ્રવેશવાની હિંમત નહિ.

શનિ–રવિ પિતાશ્રી પાટડીથી અમદાવાદ આયુર્વેદિક પ્રૅક્ટિસ માટે આવે. પ્રૅક્ટિસ એમની ધમધોકાર ચાલે. દવાખાનાની અગાશીમાં કવિતા, વાર્તા, નાટકનું મારું લેખન પણ ધમધોકાર ચાલે. મારી અઠંગ સાહિત્યોપાસના પ્રીછી પિતાશ્રીના એક દર્દી શ્રી રમણભાઇએ મને 'કુમાર'ની વ્યવસ્થિત બાઈન્ડ કરેલી ઘણાં વર્ષોની ફાઇલો વાંચવા આપી. રોમાંચક દિવસો હતા એ. સતત વાચન. 'કુમાર'માં પ્રકાશિત થએલી સર્વ સામગ્રી વાંચું. કવિતા તો એકાધિક વખત.

ઘણું કરીને ૧૧મા ધોરણમાં હોઈશ. ત્યારે બચુભાઇએ અનિયતકાલિક 'કવિતા'ના મણકાનું પ્રથમ પ્રકાશન કરેલું. કાર્યાલયમાં, અલબત્ત, બહારના ભાગમાં, જઈ મણકો ખરીદ્યાના આનંદનું સ્મરણ છે. સુમુદ્રિત, અતિ સુંદર ૧૬ પાનાંનું એ લઘુ અનિયતકાલીક.

સાયકલ પર ગુજરાત કૉલેજ જતો હોઉં ત્યારે, વિક્ટોરિયા ગાર્ડન પાસે, એલિસબ્રિજના ઢાળ પરથી મધ્યમગતિએ આવતા સાયકલસવારને મુગ્ધતાથી જોઈ રહું. ખાદીનો સફેદ સુરવાળ, સફેદ કોટ, સફેદ ટોપી, ઊંચી પાતળી દેહયષ્ટિ, શ્યામ વર્ણ. આ બચુભાઈ રાવત છે તેની ખબર. કૉલેજના પ્રથમ વર્ષમાં હતો. મૂછનો દોરો ફૂટી ગયેલો. છતાં બુધસભામાં જવાની હિંમત નહિ. ટપાલથી કાવ્યો મોકલ્યાં. બચુભાઇનો સ્વચ્છ, મરોડદાર, મિતાક્ષરી જવાબ આવ્યો. 'બુધસભામાં આવો.'

કુમાર કાર્યાલયમાં, બચુભાઈની બેઠકમાં, રાત્રે ૭ાા–૮ વાગ્યે બુધસભા ભરાય. હાજર કવિઓનાં તથા ટપાલમાં આવેલાં કાવ્યોનો બચુભાઈ પાઠ કરે. બચુભાઈની પઠનરીતિની શ્રવણસ્મૃતિ આ ક્ષણે પણ કાનમાં ગુંજે છે. કાવ્યના પાઠ પછી સહુ પોતાનો સ-કારણ, સ્પષ્ટ અભિપ્રાય આપે. અને એમ કાવ્યની પસંદગી થાય. અસિદ્ધ–સિદ્ધ–પ્રસિદ્ધ સહુ કવિઓનાં કાવ્યોનું આ રીતે મૂલ્યાંકન થાય. કોઈ ભેદ-ભાવ નહિ. એકાદા શબ્દના અર્થ વિષે આશંકા હોય તો બચુભાઈ સ્ફૂર્તિથી ઊભા થઈ, ભગવદ્ગોમંડળનો કોશ કાઢી, તત્ક્ષણ નિરાકરણ કરે.

ભલભલા કવિનું કાવ્ય પરત થાય. મારા જેવાએ તો સાત દિવસ મથીમથીને ધાટદાર કવિતા લખી હોય. સ્વચ્છ અક્ષરે કાગળમાં ઉતારી હોય. બચુભાઈ વાંચે. વાંચવાનું પૂરું થતાં 'શું થશે?'નો ફફડાટ શરૂ થાય. કાવ્ય સામે એક પછી એક વાંધા શરૂ થાય. પરત થયેલી હસ્તપ્રતને, નતનેત્રે, ગડી વાળીને ખિસ્સામાં મૂકીએ. નિયમિત, પ્રતિ બુધવારનો આ એકધારો અનુભવ. પણ અમે હાર નહિ ખાધેલી. બુધસભામાં જઇએ એટલે બચુભાઈ આંખ ઊંચકે, આંખમાં પરિચયનો ચમકારો આવે, ચહેરા પર સ્મિત પ્રસરી જાય, ગાલ પર બે રેખાઓ અંકાય અને પ્રેમભર્યો ઉદ્ગાર સંભળાય: 'આવો...'. બચુભાઈ પ્રત્યેક નવા કવિમાં વ્યક્તિગત વિશેષ રસ લે. છંદ શિથિલ હોય, કાચા હોય તો પાકા કરવાની સલાહ આપી, પાકા છંદવાળા કવિનો સધિયારો ગોઠવી આપે. આ ઉપરાંત, મુ. શ્રી પિનુભાઈ, મુરબ્બીવટના ભાર વિના નાની વયના અમારા જેવાઓને નિર્વ્યાજ મૈત્રીની હૂંફ આપે. પ્રિયકાન્ત જેવા કવિની નિયમિત હાજરી હોય, ક્યારેક ભગતસાહેબ આવે. નલિન રાવળ, ઇન્દુકુમાર ત્રિવેદી, દિનેશ કોઠારી હોય. પછીથી ચિનુ મોદી, મનહર મોદી, આદિલ વગેરે કવિઓ પણ બુધસભામાં આવતા થયેલા. ચન્દ્રકાન્ત શેઠ ને રઘુવીર પણ ખરા. બુધસભાની કાવ્યગોષ્ઠિની લગની રહે.

બચુભાઈ કાવ્યોના કડક પરીક્ષક. સ્વ. કવિ 'વિવિત્સુ'એ એક દોહરો લખેલો. આખો દોહરો તો યાદ નથી. એનો ચતુર્થ ભાગ યાદ છે: 'રાવતગઢનો કાંકરો.' રાવતગઢનો કાંકરો એમ ન ખરે. બચુભાઇને રીઝવી ન શકાય સહેલાઈથી. રીઝે તો નિખાલસ બનીને, સહજ ભાવથી આનંદની લાગણી વ્યક્ત કરે. બચુભાઈ સ્વીકારે તો આપણી રચના 'કવિતા' કહેવાય. મારી તો આવી જ મનઃસ્થિતિ હતી. ઈન્ટર આર્ટ્સમાં અર્થશાસ્ત્રનું પેપર ખરાબ ગયેલું. નાપાસ થવાનાં નગારાં સંભળાય. નાપાસ થઈશું તો પિતાશ્રીને શું જવાબ આપીશું એની વ્યથામાં અંતર વલોવાય. રિઝલ્ટ આવવાના થોડા દિવસો પૂર્વે અનિયતકાલીક 'કવિતા'ના એક મણકામાં બચુભાઇએ મારી અઢી પંક્તિની એક કવિતા પ્રકટ કરી. મારા જીવનમાં આ એક 'ઇવેન્ટ' હતી. હું નકામો માણસ નથી. કવિ છું. નાપાસ થઈશું તો પિતાશ્રીને કહી દઈશ, મારે અમદાવાદમાં રહેવું નથી, ભણવું નથી. મને પાટડી મોકલી દો. ત્યાં તમારી ફાર્મસીમાં દવા ખાંડીશ, ખલ ઘૂંટીશ, ગમે તે કામ કરીશ. પણ મને એક પણ કડક શબ્દ કહેશો નહિ. હું નકામો માણસ નથી. કામનો માણસ છું–કવિ છું.

પછી તો વળી ઈન્ટરમાં પાસ થઈ ગયો. પણ ઉપર લખી છે તે માનસપ્રક્રિયાએ ભણતર–ગણતર–માન-મોભો બધું જ મારામાંથી ભૂંસી નાખ્યું હતું. કવિ હોવું એટલી વાત મારે માટે પર્યાપ્ત હતી. પછી હું કંઈ પણ કામ કરીને મારો યોગક્ષેમ ચલાવી શકું. કશું જ આરાધ્ય નહિ. આરાધ્ય એક કવિતા. પણ અંગત વાત વિષે અલમ્.

બચુભાઈ દુરારાધ્ય હતા, પણ શુષ્ક ન હતા. કાવ્યરસિક હતા. કવિઓ તો ઘણા જોયા છે, પણ બચુભાઈ જેવા કોઈ કાવ્યરસિક જોયા નથી. એક વાર અન્ય પ્રાન્તના પ્રવાસેથી તાજેતરમાં આવેલા. મને જોઇને તરત સહજ રીતે કહે, 'તમને યાદ કર્યા હતા.' પછી યાદ કરવાનું કારણ કહ્યું તો એમણે કોઈક સ્થળે દિવસ-રાત્રીના સાંજના સન્ધ્યાકાળે પ્રકાશ-અંધકારના અભિન્ન સૌન્દર્યને જોયું હતું. મારા બે પંક્તિના એક લઘુ કાવ્યમાં આવા સમયના શ્યામ–ગૌરના એકરૂપ સૌંદર્યનું, કૃષ્ણ-રાધાના આશ્લેષમય રૂપનું વર્ણન હતું. એ કાવ્ય એમણે પસંદ કરીને રાખ્યું હતું.

બચુભાઈના નાના પુત્ર અનંતભાઈનું અવસાન થયેલું. અમે કવિઓ બચુભાઇને ઘેર ગયા હતા. સહુ એમની પાસે બેઠા હતા. અચાનક મારી સામે જોઈ ભીના અવાજમાં એ કંઈક બોલ્યા. મારું એક

કાવ્ય 'ચક્રપથ' 'કુમાર'માં પ્રકટ થયેલું. સ્વજનરહિત વૃદ્ધની એકલતાની કરુણતા એમાં મુખ્ય ભાવ રૂપે છે. શોકસંતપ્ત સ્થિતિમાં એમણે એ વાંચ્યું હતું. બચુભાઈ શિસ્તના આગ્રહી હતા. સવારથી રાત્રિ સુધી એ કાર્યશીલ રહેતા. આમ છતાં સુખ-દુઃખના પ્રસંગોમાં, નિત્યજીવનમાં પણ, એમની ચેતનાનાં આધાર કવિતા, કળા હતાં.

બચુભાઈ એટલે પળપળનો હિસાબ-ચેક-ભૂંસ વિનાનો ચોખ્ખો હિસાબ. બચુભાઈ એટલે સ્ફૂર્તિ, આળસનો અભાવ. બચુભાઈ એટલે સાક્ષાત્ સન્નિષ્ઠા. મારા પિતાશ્રી તો વૈદ્ય. બચુભાઈ સાથે એમનો કોઈ સીધો સંપર્ક નહિ. રાજસભામાં બચુભાઈની નિમણૂક થયેલી. વર્તમાનપત્રમાં એમની છબિ સાથે સમાચાર આવેલા. મને યાદ છે, સમાચાર વાંચી, પિતાશ્રીએ કહ્યું હતું તે : 'આ બચુભાઈ કર્મયોગી છે.'

બચુભાઇને રાયપુર દરવાજા બહાર, બસની રાહ જોતા હોય તે સમયે વાંચતા જોયા છે. બસમાં બચુભાઇને મૅટર વાંચતા કે પ્રૂફ વાંચતા જોયા છે. કાર્યાલયમાં હોય કે ઘેર હોય કે પ્રવાસમાં હોય બચુભાઈ 'કુમાર'નું કામ કરતા હોય. બચુભાઇને મોટા પગાર સાથે એક દૈનિકનું તંત્રીપદ સંભાળવાની ઑફર પણ આવેલી પણ બચુભાઈ આજીવન 'કુમાર'ના પાલક-પોષક રહ્યા. નજીવા પગારમાં એમણે જીવનભર ચલાવ્યું. ઘી મોંઘું પડતું તો ખીચડીમાં તેલ નાખીને ખાતા. આ બધી પણ કંઈ દુઃખની વાત નહિ. એમણે સુખથી, આનંદથી કામ કર્યું. અત્યાધુનિક મોંઘાદાટ મશીનોવાળા પ્રેસમાં થતા મુદ્રણ કરતાં ઓછી સગવડવાળા 'કુમાર'માં વધુ સુંદર, સુરેખ, સ્વચ્છ મુદ્રણ થતું તેમાં બચુભાઈની દેખરેખ અને આગ્રહ કારણભૂત હતાં. બચુભાઈ એટલે સુઘડતા, સુંદરતા, સુરેખતા. એ પળેપળ સૌંદર્યના ઉપાસક હતા. 'કુમાર'નું પૂઠું સુંદર, પાનેપાનાનું મુદ્રણ સુંદર, કોથળી સુંદર, કાવ્યની ઑફ પ્રિન્ટ આપે તે પણ માપસર વ્યવસ્થિત, કપાયેલી સુરેખ, સુંદર હોય. બચુભાઈ પલંગ નીચે કંતાનનો કકડો રાખતા. પગ ધોઈ, લૂછી, કંતાન પર જ ઘસી, પછી પગ ઉપર લેતા. 'કુમાર'માં આવી, માથા પરની ટોપી ઉતારી, ખુરસી નીચેની ગાદી તળે એ મૂકી દેતા. એમની સાંકડી નાની બેઠકમાં બધું ભરચક છતાં વ્યવસ્થિત, સુયોજિત રીતે ગોઠવાયેલું હોય. લઘરવઘરથી સાવ ઑપોઝિટ વિશેષણ બચુભાઈના વ્યક્તિત્વ માટે વાપરવું પડે.

મનુષ્ય એ જાતિ છે. મનુષ્ય જાતિમાં પણ અનેક જાતિ (સ્પિસિસ) હોય છે. બચુભાઈ વિરલ મનુષ્ય જાતિના પ્રતિનિધિ હતા. સર્વત્ર લઘરવઘર, અગડંબગડં, બેડોળ, અસુંદર ઘોંઘાટ સંભળાય છે. એમાં બચુભાઈ જેવા સુરેખ, સુંદર, સન્નિષ્ઠ વ્યક્તિત્વની તો કલ્પના જ કરવાની રહી.

પંચશીલ પત્રકાર

—રઘુવીર ચૌધરી

પત્રકાર તરીકેની બચુભાઈની ખાસિયતોથી 'કુમાર'ના વાચકો અજાણ્યા નથી. આ લઘુલેખનો આશય એમના સુપરિચિત ગુણોનું સ્મરણ કરી એમને વંદન કરવાનો છે.

એમના પત્રકાર-વ્યક્તિત્વને મુખ્યત્વે આ પાંચ લક્ષણોમાં ઓળખાવી શકાય: (૧) તથ્યથી સત્ય ભણી, (૨) વ્યાપક કેળવણીની દૃષ્ટિ, (૩) રજૂઆતની કળા, (૪) માધ્યમનાં તમામ અંગોનું જ્ઞાન અને (૫) ઓછી જરૂરિયાતો : નિજત્વ.

આ પાંચેય લક્ષણોને વિગતે જોઈએ તો બચુભાઈને એક પત્રકાર તરીકે ઘટનાઓ અને તથ્યોમાં જે રસ હતો એ ત્યાં જ પૂરો થતો ન હતો. વ્યાપક જીવનસત્યનો સંકેત ન કરે એ ઘટના ગમે તેટલી રોમાંચક હોય તો પણ શા ખપની? એમ તો સૃષ્ટિમાં અનેક ભુલભુલામણીઓ છે, પણ પોતાના વાચકને એમાં વહેતો મૂકી દેવા માટે એમણે કશું છાપ્યું નથી.

'કુમાર'માં રમત-ગમત વિષેનું લખાણ પણ જુઓ. રમત સાથે બૌદ્ધિક કસોટી થાય એ જરૂરી. વિવિધ વિભાગો જીવનના કોઈ ને કોઈ પાસાને સ્પર્શતા હોય એની એ કાળજી રાખતા. કઈ વસ્તુની બજારમાં માગ છે એ જાણવું તો સહુથી સહેલું હોય છે: બચુભાઈ સદા બજારના ભાવતાલથી દૂર રહ્યા, ચોક્કસ હેતુ વિનાનું, માત્ર મોજ ખાતર એમણે કશું છાપ્યું છે ખરું? આપણને ન દેખાતા પ્રયોજનમાં પણ એમણે કશુંક જોયું હશે એમાં મને શંકા નથી.

'કુમાર' માસિક ચલાવવા પાછળ વ્યાપક કેળવણીની દૃષ્ટિ છે એ વાત એમણે કદી છુપાવી નથી.

'આવતી કાલનાં નાગરિકોનું માસિક' આ સૂત્ર આજે પણ છપાય છે.

શાળા-મહાશાળાઓ પણ અવારનવાર જે લક્ષ્ય ચૂકી જતી લાગે છે એનું જતન 'કુમાર'માં સતત થયું છે.

એમણે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને 'કુમાર'માં સ્થાન આપ્યું, અનેક વિષયોની લેખમાળાઓ આપી, પણ એ બધાંમાં એમણે જીવનચરિત્રને તરતું રાખ્યું. એની પાછળ એમની દૃષ્ટિ હતી.

માણસ ઉપદેશ અને સંકેતથી પણ જરૂર શીખે છે, પણ દૃષ્ટાંતથી તો એ શીખવાની સાથે શીખવતો પણ થઈ જાય છે.

કોઈ અભ્યાસીએ આ કામ કરવા જેવું છે: ગુજરાતી સામયિકોમાં જીવનચરિત્ર કોણે વધુ છાપ્યાં? વૈવિધ્ય અને ગુણવત્તાની દૃષ્ટિએ 'કુમાર' પ્રથમ આવશે.

કવિતા અને ચિત્રકળા માટે તો 'કુમાર' એક ધોરણ રહ્યું છે. પછી તો સગવડો વધી, સામયિકો વધ્યાં. પણ છઠ્ઠા દાયકા સુધી તો કવિતા અને ચિત્રકળાના પ્રોત્સાહન અને મૂલ્યાંકનની બેવડી જવાબદારી 'કુમારે' અદા કરી છે.

'સંસ્કૃતિ'એ પૂર્વેના 'પ્રસ્થાન'ની ખોટ પૂરી અને 'બુદ્ધિપ્રકાશે' પોતે બંધ ન પડીને ખોટ પડવા ન દીધી. ઘડી માટે કલ્પના કરો કે આ બંને સામયિકો એકએક વર્ષ માટે બચુભાઈએ ચલાવી આપ્યાં હોત તો? ઉમાશંકર અને યશવંતભાઈની બૌદ્ધિક ક્ષમતા બચુભાઈ કરતાં ઘણી જ વધારે, પરંતુ પત્રકાર તરીકેની દૃષ્ટિ કેળવાઈ હતી બચુભાઈની. એમની પાસે શિસ્ત હતી, આયોજન હતું, વ્યાપક કેળવણીની દૃષ્ટિ હતી. શિથિલતા અને બાંધછોડને સ્થાન ન હતું.

માત્ર સાહિત્ય અને કલાના નહિ, વિજ્ઞાનના ક્ષેત્રના માણસને પૂછો અને 'કુમાર' વિશે એનો અભિપ્રાય સાંભળો. 'કુમાર'ની આજ સુધીની ફાઇલોને ગુજરાતી જ્ઞાનકોશની સામગ્રી (એનસાઈક્લોપિડિક ડેટા) તરીકે ઓળખાવી શકાય.

લેખ કે કૃતિનું શીર્ષક, એને વિશેની સંપાદકીય નોંધ, ટાઈપનું માપ

એક પૃષ્ઠ પર કેટલી કૉલમ કરવી. જાડીપાતળી રૂલ વાપરવી તો કેવી રીતે, કાયમી વિભાગો પણ એકવિધ ન લાગે એની કાળજી લેવી. લેખોની ભાષા સુધારવી. કાપકૂપ કરવી, પ્રૂફ વાંચવું, મશીનની કામગીરીનો ખ્યાલ રાખવો, બ્લૉક બનાવવાનું શાસ્ત્ર જાણવું, ચિત્રના બધા બ્લૉક ધારેધાર છપાય અને ધાર્યું રંગસંયોજન થાય એની કાળજી લેવી, જાહેરખબર પણ સુઘડ રીતે છપાય એ જોવું, ટૂંકમાં, જેમ ખેડૂત એના ખેતરને લગતું બધું જાણે તેમ બચુભાઈ પોતાના ક્ષેત્રનું બધું જાણે, હાથમાં લીધેલા કામને પૂરેપૂરી ચોકસાઈથી કરે, સાંધો કે રેણ રહેવા ન દે.

બચુભાઈ જેમ મોટા તંત્રી હતા તેમ મોટા મુદ્રક પણ હતા અને એમણે સામયિકના પ્રકાશન સાથે પુસ્તકપ્રકાશનને જોડવા પણ પ્રયત્ન કર્યો હતો. મૂડી પૂરતી હોત તો એમણે પ્રકાશક તરીકે પણ પ્રભાવક કામગીરી મૂકી હોત, તેમ છતાં કેટલાંક પ્રકાશનોની આવૃત્તિઓ થઈ છે અને કેટલાંક પુસ્તક-નિર્માણની કળાની દૃષ્ટિએ ઉત્તમ ઠર્યાં છે.

બચુભાઈ મુદ્રક પરિષદના પ્રમુખ ચૂંટાયા હતા. ગુજરાતના મુદ્રણઉદ્યોગના વિકાસમાં એમનો પ્રત્યક્ષ-પરોક્ષ ફાળો હતો. એમણે રચેલા 'રાવત-મરોડ'નું પણ અહીં સહેજે સ્મરણ થાય. નાગરી અને ગુજરાતી બેઉ લિપિઓનો આ સમન્વય કરી રાષ્ટ્રીય લિપિનો વિકલ્પ બની શકત. મેં મારી પ્રથમ નવલકથા 'પૂર્વરાગ' નવજીવન પ્રેસમાં છપાવેલી. ત્યારે અમદાવાદમાં 'કુમાર' અને 'નવજીવન' એ બે પ્રેસની કામગીરી વખણાતી. નવજીવન પાસે વધુ મોંઘી યંત્ર-સામગ્રી હતી. બચુભાઈ સસ્તી અને જૂની યંત્ર-સામગ્રીથી પણ સારું પરિણામ લાવતા. અમુક પ્રકારના ટાઈપ, એમની સઘન ગોઠવણી (ક્લોઝ કૉમ્પોઝ) વગેરે કામ એ મન મૂકીને કરાવતા. તેથી છપાવનારને થોડુંક ખર્ચ વધુ આવતું.

જેમ એક ઉત્તમ અધ્યાપકમાં વિદ્વત્તા અને વાણીની કળા બંને હોય છે તેમ બચુભાઈ પત્રકાર તરીકે લેખિત સામગ્રી અને મુદ્રણ બેઉ પર સમાન અધિકાર ધરાવતા હતા. વળી, જેમ સાહિત્યનાં વિભિન્ન સ્વરૂપોની એમને સમજણ હતી, બલ્કે એ વિશે આગ્રહો હતા, મઠારી આપવાનો ઉત્સાહ હતો તેમ મુદ્રણનાં તમામ અંગોમાં એમની પોતીકી પહોંચ પણ હતી.

એમને કોઈ મહાન મુદ્રક કહીને અટકી જાય તો એ સભાન થઈ જતા પણ એમને પત્રકાર તરીકે બિરદાવતાં એમની મુદ્રક તરીકેની સજ્જતાની ઉપેક્ષા થઈ શકે એમ ન હતી. 'મુદ્રણકવિ' (ઉ. જો.) એમના માટે શોભતો સમાસ છે.

બચુભાઈ ગાંધીયુગના આદર્શો અને રજવાડી રીતભાતથી ઘડાયેલા હતા. એમનું સ્વાભિમાન એમના પ્રેમાળ-વત્સલ વ્યક્તિત્વમાં ગોપિત રહેતું પણ એમણે કોઈની શેહમાં કામ ન કર્યું.

એમણે પત્રકાર તરીકે જે કારકિર્દીની કલ્પના કરી હતી એમાં વ્યાવસાયિક નફાની શક્યતા ન હતી. કાર્યની ગુણવત્તાથી જ એમણે અને કંપનીના શેર-હોલ્ડરોએ સંતોષ મેળવવાનો હતો.

એમણે બહુ ઓછા વેતનથી-અન્યત્ર મળ્યું હોત એથી પાંચમા ભાગના વેતનથી કામ કર્યું. ગુજરાત બહાર તો કદાચ એમને દસગણા વેતનથી કામ કરવાનાં આમંત્રણ મળી ચૂક્યાં હતાં. પણ જે દેવ કર્યા તે કર્યા. ઓછા વેતનથી કામ કરી શકાય માટે એમણે એક જીવનપદ્ધતિ પણ વિકસાવી હતી : જરૂરિયાતો જ ઓછી રાખવી. એનો એક જ દાખલો પૂરતો થશે :

એ એમની ટોપીને ખુરશીની ગાદી નીચે રાખે. ટોપીની એક પણ ધાર સહેજ પણ વળેલી હોય તે તો કેમ ચાલે? પણ ઇસ્ત્રી કરાવવાની નહિ, પોતાના જ વજનથી કામ લેવાનું.

જેમણે એમને સભાઓમાં સાંભળ્યા છે એ જાણે છે કે બચુભાઈ સારા વક્તા પણ હતા. મને યાદ છે ત્યાં સુધી એમના વક્તવ્યમાં કશું બિનજરૂરી આવતું ન હતું.

જેટલું જરૂરી હોય એથી મોટી જરૂરિયાત જ નહિ! એની મદદથી બચુભાઈ પોતાપણું ટકાવી શક્યા. ❑

સૌજન્યમૂર્તિ બચુભાઈ—પત્રે અને પ્રત્યક્ષે

—હેમન્ત દેસાઈ—

ફૂલને જેમ તમે એમ કહી શકો નહિ કે 'તારી સુગંધ અહીં કે અત્યારે પ્રસરાવીશ નહિ', તેમ જ સજ્જનને એનું સૌજન્ય ફેલાવવા વિશે કોઈ બાધ ફરમાવી શકાય નહિ. ફૂલ તો દેવમંદિરે કે રાજદ્વારે, લગ્નમંડપે કે સ્મશાને, સવારે ઊઘડતાં કે સાંજે ખરતાંબિડાતાં એકસરખી સુગંધ વેરે છે. તેમ કેટલાંક સજ્જનો ય સ્થળકાળના પ્રપંચને વશ થયા વિના સદા સર્વથા સૌજન્ય-સત્ત્વ દાખવે છે. બીજા એવાય સજ્જનો હોય છે, જે અમુક પાત્ર, પ્રસંગ કે પરિસ્થિતિ પરત્વે સૌજન્યપૂર્ણ ખરા; પણ વિપરીત વ્યક્તિ કે સ્થિતિ અંગે અન્યથા પણ બની રહે. મતલબ, સજ્જન રહી શકાય ત્યાં સુધી ને ત્યાં જ સજ્જન; નહિતર નહિ. બચુભાઈ પ્રથમ વર્ગના સજ્જન હતા. સૌજન્ય છોડવું પડે એવા સમયે ને સ્થળે પણ સજ્જન રહેતા. એ ફૂલના સ્વભાવના માણસ હતા એ મેં જોયું છે. અને એટલે જ એમના સાન્નિધ્યમાં હમેશાં પ્રસન્નતા અનુભવી છે.

કવિતાનો રસ મને ૧૯૫૪માં અમદાવાદ ખેંચી લાવ્યો. નવસારીની ગાર્ડા કૉલેજમાં કવિ મા. 'ઉશનસ્'ના સાન્નિધ્યમાં કૉલેજશિક્ષણનું પહેલું વર્ષ પૂરું કરી બીજે વર્ષે ઈન્ટર આર્ટ્સમાં અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં હું દાખલ થયો. હોસ્ટેલમાં રહીને ભણતા નવી કૉલેજના અને નવા શહેરના નવા વાતાવરણમાં ગોઠવાવા કરતાં ગામડાના વિદ્યાર્થીનું પ્રથમ સત્ર તો કેમ ગયું તેની ખબરે ન રહી. બીજા સત્રમાં 'કુમાર કાર્યાલય'માં મળતી 'બુધસભા'માં એક દિવસ હું જઈ ચડયો. ને મેં મારાં કાવ્યો બચુભાઈના હાથમાં મૂક્યાં ત્યારથી એમની સાથે સંબંધ બંધાયો તે એમના અવસાન સુધી મારી પ્રકૃતિ અને પરિસ્થિતિને કારણે એકસરખો ગાઢ નહિ, પણ સાતત્યપૂર્વકનો રહ્યો.

એ સાંજે કુમાર કાર્યાલયમાં એમની આગવી બેઠકમાં સ્થિત એ સૌજન્યમૂર્તિ સમક્ષ હું જઈ ઊભો તે પહેલાં તેમની સાથે પત્ર-સંબંધ તો થયો હતો, એક વાર પ્રત્યક્ષ મુલાકાત પણ થઈ હતી. તે બધું સંભારીને ખબરઅંતર પૂછી 'બુધસભા'માં નિયમિત આવવા-કાવ્યો લઈને આવવા આગ્રહ કર્યો, અને બીજા જ બુધવારથી એમની કાવ્યકસોટીએ ચઢયા આ રામ; તે છેક ૧૯૬૦ સુધી. દરમિયાન મારાં કાવ્યો ૧૯૫૫થી 'કુમાર'માં ચાલુ છપાતાં રહ્યાં પણ બચુભાઈ જેવું નામ એ મહા કાવ્યભાવકે પ્રત્યેક રજૂ થતી કૃતિને સતત ચકાસ્યા કરી છે. અને તેના વિષેનાં હરએક ઉચ્ચારણમાં એમની કાવ્યપ્રીતિ પ્રકટયાં કરી છે.

બચુભાઇને જેના પ્રત્યે અપાર મમત્વ તેમાં 'કુમાર' પછીને નંબરે આવે 'બુધસભા'. બુધસભાનું સ્વરૂપ તેના નવા-જૂના સભ્યો, તેનાં બદલાતાં રહેલાં રૂપ અને બચુભાઈનું તેનું સંચાલન-એ બધું હવે તો સારી પેઠે જાણીતું થયેલું છે, તેને વિષે સારી-માઠી વાતો ય થયેલી છે. તેની વિગતો ભુલાઈ ગઈ, ભુલાશે (જો કે તેના સિલસિલાબંધ ઇતિહાસસહિત તેના સભ્યોનાં સંસ્મરણોનો સમાવેશ કરતું બુધસભા વિશેનું એક નાનું પુસ્તક તૈયાર કરી શકાય, કરવું જોઈએ.) પણ 'બુધસભા'માં બચુભાઇને કાવ્ય વાંચતા સાંભળવા-જોવા એ એક લ્હાવો હતો, જે મારી જેમ આપણા અનેક કવિજનો અને કાવ્ય-પ્રેમીઓએ માણ્યો છે. બચુભાઈનું શ્રેષ્ઠ સ્વરૂપ પ્રકટતું 'બુધસભા'ના કાવ્યપઠન વખતે. એ 'છબિ'—એ મુદ્રા કોઇ કૅમેરાની આંખમાં ઝડપાઇ જાણી નથી. પણ અનેક જીવતી આંખોમાં અદ્યાપિ અકબંધ અંકાયેલી પડી છે.

એમનો અવાજ સુસ્પષ્ટ, હલક મનોહર અને પઠન સાદ્યંત પદ્ધતિસરનું. રાજેન્દ્ર શાહનું કે બાલમુકુન્દ દવેનું ગીત હોય, ઉશનસ્ કે જયન્ત પાઠકનું સૉનેટ હોય, અમૃત ઘાયલ કે રતિલાલ અનિલની ગઝલ હોય કે હોય પ્રિયકાન્તનું પરંપરિત છંદોબદ્ધ કાવ્ય; તેના શબ્દે શબ્દને સંભાળીને, તેના લયને બરોબર જાળવીને તેમ જ તેના ભાવને અનુભવતા જઇને એ કાવ્ય વાંચે, અને ત્યારે સાંભળનાર માટે તેમાંનું ભાગ્યે જ કશું અણપીછ્યું રહે. એમને ગમતું-ગમી ગયેલું કાવ્ય પઠનનું પુનરાવર્તન પામતું. વળી, રંગમાં આવીને કોઈ કોઈ કાવ્યનું તો ત્રીજી વારે પઠન કરતા ત્યારે એ કાવ્ય માટેનો તેમનો પક્ષપાત જણાઈ આવતો. મોટે ભાગે એકાધિક પઠનનું માન સુંદર કાવ્યને જ મળતું. એટલે એ જ વખતે (ત્યાં હાજર હોય તો એના કવિ સહિત) સહુ શ્રોતાને ખાતરી થઈ જતી કે એ કાવ્ય 'કુમાર'માં અવશ્ય પ્રકટ થવાનું. અન્યથા કાવ્યના સ્વીકાર-અસ્વીકાર વિશે કે તેના પ્રસિદ્ધિસમય વિશે એ એકદમ કશું કહેતા નહિ; સભામાં તો નહિ જ.

કાવ્ય માણવાની, સારાં કાવ્યનું ઉત્તમ અનુભાવન કરવાની એમની શક્તિ, એમની આરત અપાર અદ્‌ભુત હતી. એમનો કાવ્યરસ એમના જીવનરસથી જરાય ઓછો નહોતો. રાજશેખરે દર્શાવેલ ભાવયિત્રી પ્રતિભાનો ખરેખરો આવિષ્કાર એમનામાં થયો હતો. બચુભાઈમાં મહિમા કરવા જેવા ઘણા ગુણો હતા, પરન્તુ એમની કવિતાપ્રીતિનો મહિમા તો જેટલો કરીએ એટલો ઓછો છે. કવિતાએ બચુભાઈને અનેક મિત્રો—કવિમિત્રો મેળવી આપ્યા. કવિતાએ અનેક કવિઓને બચુભાઈ-બચુભાઈ જેવા સંમિત્ર મેળવી આપ્યા. કવિતા નિમિત્તે મળેલા બચુભાઈમાં મને ય એક મિત્ર મળ્યા-પરમ મિત્ર. એમના જેવા વડીલ મિત્ર મને બીજા કોઈ મળ્યા નથી. ઈ. ૧૯૫૨માં એમની સાથે પત્રસંબંધ બાંધ્યો ત્યારથી અનેક સૂચન, સલાહ અને માર્ગદર્શન એમણે વડીલભાવે આપ્યાં; પણ મિત્ર તરીકે જ. એ બધું રૂબરૂ વાતચીતમાં, ક્યારેક વાતવાતમાં થતું અને કેટલુંક પત્રમાં લખાતું. એમના શબ્દો-બોલાયેલા તો સંભારવા પડે, પત્રોમાં લખાયેલા એમના એમ સચવાયા છે. એમને મળ્યો તે પૂર્વે અને મળવાનું ઓછું થતું ત્યારે અમે પત્રોથી ઘણું મળ્યા છીએ. આ લખવા બેઠો છું ત્યારે એમના ડઝનેક મહત્ત્વના પત્રો મારી સમક્ષ છે, બીજા પણ ઘણા પત્રોના બંડલોમાં હશે, પણ તે હું અત્યારે શોધી શકતો નથી.

કવિતા લેખનનો આરંભ મેં ૧૯૫૦ની શરૂઆતમાં કરેલો. પણ 'કુમાર' માટે કાવ્યો મોકલવા માંડયાં ૧૯૫૨થી. એ વર્ષની આખરનો (તા. ૨૬-૧૨-'૫૨નો) એમનો એક પત્ર-જેનો એમણે પોતે પણ એકબે જગ્યાએ ઉલ્લેખ કર્યો છે, હું અહીં આખો જ ઉતારું છું:

ભાઇશ્રી,

લાંબા પત્ર સાથે ચાર કાવ્યો મળ્યાં હતાં (૩ કાવ્યો+૧ ગીત) અગાઉ કરતાં આ વખતે પ્રગતિ દેખાય છે. ઊજળા ભાવિ માટેની તૈયારી આમાં છે. પણ હજી પ્રસિદ્ધિ યોગ્ય એકે નથી એમ લખું તો નિરાશ ન થશો. કાચી કૃતિને પ્રસિદ્ધ કરાવવાથી કદાચ મનની કામના સંતોષાય, પણ પ્રગતિને એ સરવાળે હાનિકારક નીવડે છે. એથી પ્રસિદ્ધિ મળે, પ્રતિષ્ઠા નહિ. એના કરતાં લાંબે કાળે સર્વાંગસુંદર કૃતિ પ્રસિદ્ધ થાય એ જ ઇચ્છવા યોગ્ય છે,—એવી કે જે આપણા નામને જેબ આપે.

કાવ્યોમાં જેવી તૈયારી છે તેવી ગીતમાં નથી. એમાં ઘણી કચાશ છે. આમે ય ગીતની રચના ભલભલા માટે મુશ્કેલ છે. છંદોબદ્ધ કરતાં ગીત રચવાં સહેલાં એવી સામાન્ય માન્યતા બહુ ભૂલભરેલી છે. ગીતનું વ્યાકરણ પકડવું અને તત્ત્વને આત્મસાત્ કરવું અઘરું છે.

'રમત' નામના તમારા કાવ્યમાં નવું રૂપક છે, પણ કાવ્યની ચમક નથી. વળી લંબાણ વધારે છે. તેને સુઘટ્ટ કરીને ટૂંકાવ્યું હોય તો સારું થાય.

પ્રગતિ ઇચ્છું છું. શુ. બચુભાઈ રાવત

આ પત્રમાં આમ છે તો નવા કવિતા-લેખકને માર્ગદર્શન, પણ બચુભાઈની કાવ્ય સાથેની ભારે નિસબત પ્રકટ થાય છે. એમનો કવિતાનો અને કવિતાને કારણે જ કવિતાલેખકમાં ય જાગતો રસ જણાઈ આવે છે. ઉત્સાહ પ્રેરવા જ આ લખે છે, પણ સાચી વાત કેવી દૃઢતાથી કહે છે. ઉપરાંત, કૃતિઓ વિશે સ્પષ્ટ અભિપ્રાય આપતાં ગીત અંગેનું પોતાનું મંતવ્ય વ્યક્ત કરે છે.

આ દોર ૧૯૫૪ના પૂર્વાર્ધ સુધી ચાલે છે. કોઈ કોઈ પત્રોમાં આવું લાંબું લખવું એમને પાલવતું નથી. તે જણાવે છે કારણ 'કામનું દબાણ બહુ રહે છે, અને બીજી જંજાળોમાં દરેક કાવ્યના ગુણદોષ તપાસી તેના પર વિવેચનાત્મક સૂચનો રોજ આવતાં પંદર-વીસ કાવ્યો વિશે લખવાં શકય પણ નથી...' વગેરે. વળી, દરેક પત્રમાં, કારણ જણાવ્યા સહિત પત્ર લખવામાં વિલંબ થવાની દિલગીરી દર્શાવી છે. અને કાવ્ય-પ્રગતિ વાંછી છે; બિરદાવી પણ છે. 'પૂના, મુંબઈ, દિલ્હી વગેરેની મુસાફરીઓમાં તમને વહેલો ઉત્તર લખી ન શકવા બદલ દિલગીર છું.' 'પ્રગતિ માટે અભિનંદન.' વગેરે. બીજા પણ થોડાક પત્રઅંશો નોંધું :

'...તમારી હથોટી સારી છે. ક્વચિત્ છંદમાં કચાશ આવી જાય છે. 'કુમાર'નાં કાવ્યોની કક્ષા સમજીને સારી ચીજ મોકલવાનું રાખશો તો ઉચિત થશે.' (તા. ૧૯-૩-૫૩)

'...ગીતો મળ્યાં છે. ત્રણેમાં 'કેતકી ફૂલ' સૌથી સારું છે. પણ 'કુમાર'માં લેવા જેવું નથી લાગ્યું. 'અવ તો'માં આંતરામાં તાલમાન બરોબર નથી, પણ તમારા પ્રયત્નો જોઈ આનંદ પામું છું...'(તા. ૧૮-૧૦-૫૩)

'...કાવ્યો જોઇને આનંદ થયો, પ્રગતિ ધીમી પણ ચોક્કસ છે. પ્રકટ કરવા જેવાં હજી નથી; પણ સમજ પાકતી જાય છે. છેલ્લામાં શરમાય ને અકળાય સરખાં કેમ ગણ્યાં ?

અર્ધનારીશ્વરની કલ્પના સારી છે, પણ ચોટ તીણી જોઇએ. બીજાં મોકલતા રહેશો.' (તા. ૨૬-૫-૫૪)

આમાં એમનાં સંતર્પક કાવ્યની અપેક્ષા કાવ્ય અંગેના ચોક્કસ આગ્રહો અને ઉત્કટ કાવ્ય-પ્રતીક્ષા જોવા મળે છે. એમનાં આ ને આવાં ઘણાં સૂચનો છતાં હું નબળાં કાવ્યો સુધારી મઠારી શકતો નહિ, તેને રદ કરતો ગયો, પણ નવાં રચાય તે એમની અપેક્ષા સંતોષે એવાં થાય તે અંગે સભાન થતો ગયો. વળી, કાવ્યનું શાસ્ત્ર બરોબર ભણવાનો ય મેં સંકલ્પ કર્યો અને તેના પ્રયત્નો આરંભ્યા.

બચુભાઈમાં સહજોપલબ્ધ કાવ્યસૂઝ અને કાવ્ય-પરીક્ષણશક્તિ હતી. કાવ્યની એક વિશિષ્ટ રુચિ હતી. એ કાવ્યરુચિ સાથે મને અને બીજાઓને ય મતભેદ નથી થયા એમ નહિ, પણ એ રુચિ આમ કાંઈ બહુ સંકુચિત નહોતી. એનાં પ્રમાણ આપવાની જરૂર જ નથી. 'કુમાર'માં

પ્રકટ થયેલાં આપણા ઉત્તમ કવિઓનાં અમર થવા સર્જાએલાં ને અમર થઈ ચૂકેલાં કાવ્યો જ એની સાખ પૂરે છે. સમયના વિસ્તીર્ણ પટને વ્યાપી વળેલા એમના અવિરત કાવ્યયજ્ઞમાં અનેક નાનામોટા કવિજનો સહભાગી બન્યા છે. એમાં સુન્દરમ્–ઉમાશંકરથી માંડીને માધવ રામાનુજ અને તે પછીના ય કેટલા બધા કવિઓ આપણા ધ્યાનમાં તરે છે! કાવ્યસર્જન અને / અથવા પ્રકાશન અંગે બચુભાઈના પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ-સંપર્કમાં આવનાર બહુ કોઇને મારી જેમ જ એમના સહકાર અને સૌજન્યની સંપ્રાપ્તિ થઈ છે. એ હકીકત પણ સ્વયં સ્પષ્ટ છે. કાવ્યસંગ્રહોનાં અર્પણ કદાચ સૌથી મોટી સંખ્યામાં બચુભાઇને થયાં છે અને એમના વિશે બોલતાં કવિઓ આજે પણ થાકતા નથી.

અમદાવાદમાં એમને ૧૯૫૪માં મળ્યો તે પહેલાં એમની સૂરતમાં મુલાકાત થઈ હતી, બેપાંચ મિનિટ ફક્ત. ૧૯૫૩ના મે વેકેશનમાં સૂરતમાં લેખક-મિલન યોજાયું હતું. એ પ્રસંગ મારે માટે ઘણો યાદગાર છે. આપણા ઘણા પ્રતિષ્ઠિત સાહિત્યસર્જકો અને કવિઓનાં પ્રથમ વાર પ્રત્યક્ષ દર્શન ત્યારે મને થયાં; અહોભાવપૂર્વક મેં કર્યાં. એ માટે જ તો હું ત્યાં એક દિવસ–એક સવાર પૂરતો, બીલીમોરાથી પહોંચી ગયો હતો. કેટલાકને મળવાનું યે થયું. જો કે બધાએ મારામાં કાંઈ રસ દાખવ્યો નહિ. અને તે સ્વાભાવિક છે, પણ અપવાદરૂપ અને આશ્ચર્યકારક રસ દર્શાવનાર હતા બચુભાઈ રાવત, રાજેન્દ્ર શાહ, પિનાકિન્ ઠાકોર અને ઈન્દુકુમાર દેસાઈ. એ સહુનાં સભર સંસ્મરણો રસદાયક છે. પણ તેની વિગતોમાં ઊતરવું અહીં અપ્રસ્તુત ગણાશે. હા, એટલું કહીશ કે એ બધા સાથે ને તેમની દ્વારા અનેકો સાથે ભવિષ્યમાં કેવાકેવા સંબંધો રચાયા તેની ત્યારે તો કલ્પનાય નહિ, અને સુભગ અકસ્માતો સર્જવાની ક્ષમતાવાળી જીવનની રચના જોઇને આજે મંત્રમુગ્ધ થઈ જવાય છે. રાજેન્દ્રભાઇએ ત્યાં જ તત્કાલ કવિ ઉશનસ્‌ને મારી ભાળવણી કરી અને એ મારા કવિતા–ગુરુ થયા. વર્ષ માટે વિદ્યાગુરુ પણ ખરા; તો બચુભાઈ– એમણે કવિતા જ નહિ, જીવનના ય મારા પ્રશ્નોમાં રસ લીધો. મિત્રવત્ સલાહ-સૂચનો કર્યાં.

ઘરેથી સૂરત જવા નીકળ્યો ત્યારે મનમાં ઊગેલું બચુભાઇને મળાય તો સારું. પણ તેમને ઓળખવા શી રીતે? ‘કુમાર’માં રણજિતરામ સુવર્ણચન્દ્રક વિજેતાઓના સ્કેચ આવેલા. તે અંક જોઈ એમની મુખમુદ્રા મેં મનમાં ગોઠવી હતી. માણસની નાની ઇચ્છાઓ ક્યારેક અદ્‌ભુત રીતે ફળે છે અથવા કેટલીક ઇચ્છાઓ ફળીભૂત થવા જ ઊગતી હોય છે. તેમ થયું. એમ. ટી. બી. કૉલેજના દરવાજામાં પ્રવેશી હું આગળ ચાલતો હતો ને બચુભાઈ સામા મળ્યા; મેં ઓળખી લીધા. મોટી દીવાલવાળી ગાંધી ટોપી, લૉંગ કોટ અને સુરવાળ. ટટ્ટાર વ્યવસ્થિત ચાલ અને ધારદાર આંખો. એ બાહ્ય આકૃતિ અને ખાદીનો એ વેશ છેવટ સુધી રહ્યાં. કોઈ પરિવર્તન, કોઈ વૈવિધ્ય નહિ. સાહિત્ય, કલા અને વિજ્ઞાનમાં ‘કુમાર’ને વર્ષો સુધી સતત વૈવિધ્યસભર રાખનાર તંત્રી પોતે જીવનની ઘણી બાબતમાં એકવિધ હતા! એ જ એમનો વિશેષ ગુણ હતો. ગુણવિશેષે સ્થિરતા ને ગુણવિકાસે સાતત્ય એ જ તો સજ્જન લક્ષણ. મેં ફક્ત મારું નામ જ કહ્યું અને એ મારો હાથ પકડી લઈ વાત કરવા લાગ્યા.

માણસમાં–એની નાની મોટી તમામ બાબતોમાં રસ લેવાની વૃત્તિ અને તત્પરતા મેં બહુ ઓછા માણસોમાં જોઈ છે. મોટે ભાગે તો ‘કામ પૂરતું કામ’ એવી ઉપલક દૃષ્ટિ જ હોય છે, પણ બચુભાઈ જેવા કામઢા માણસે મારામાં લીધો છે તેવો જ રસ બીજા ઘણામાં લીધો છે તે હું જાણું છું. વિશાળ માનવ-સમભાવ વિના એ ન સંભવે. એવા સમભાવના મૂળમાં મૂળભૂત સૌજન્ય. એ સૌજન્યે જ એમના તરફનું મારું આકર્ષણ એ જીવ્યા ત્યાં સુધી ટકાવી રાખ્યું. સૌજન્ય પોતે જ સ્નેહ પ્રકટાવવાનો કીમિયો છે એમ કહીએ તો ખોટું નહિ.

એમના મિત્રવત્ વ્યવહારમાં મારા તરફનાં સવિશેષ મમત્વ ને મમતા મેં હમેશાં જોયાં છે અને એથી જ મારા સમોવડિયા મિત્રોનેય ન કહી હોય એવી મારી અંગત વાતો મેં એમને કહી છે. સામે એ પણ અત્યંત નિખાલસ રહ્યા છે. એમને મળતાં થતી વાતો ખૂટતી જ નહિ. એમાં અંગત બાબતો જ નહિ, દુનિયાભરના વિષય આવતાં, વ્યક્તિઓ પણ આવતી. અમુક વ્યક્તિઓના એમના અનુભવ–નિરીક્ષણ અને તદ્‌જનિત અભિપ્રાયો એમણે મને કહ્યા છે. ક્યારેક મને ચેતવવા તો ક્યારેક સહજભાવે. કાળજીપૂર્વક તે બધું મેં મનમાં જ રાખ્યું છે. એ વિચારતાં આજે લાગે છે કે એમને ય એમના રાગદ્વેષ હતા; તીવ્ર હતા. પણ એ તેનાથી દોરવાયા જાણ્યા નથી. દોરાયા હશે ક્યારેક રાગથી; માણસ હતા; પણ દ્વેષથી તો નહિ જ. બચુભાઈ સભાન વ્યવહારદક્ષ શિષ્ટ માણસ હતા.

વાતો બધી એમની સાથે ગમે ત્યારે ગમે ત્યાં થતી, પણ મુખ્યત્વે થઈ છે ‘કુમાર કાર્યાલય’માં અને ‘નેપથ્ય’માં. હા, રસ્તામાંય બહુ વાતો કરી છે. પણ ત્યારે મારી સાથે ક્યારેક બીજું કોઈ હોય પણ ખરું. કુમાર કાર્યાલયથી એલિસબ્રિજના છેડા સુધી. બુધસભામાંથી પાછા વળતાં સાઈકલ પર એમની સાથે આવવાનું થતું. કેટલીયે વાર હું બુધવારે, બુધસભા શરૂ થતાં પહેલાં કલાક-દોઢકલાક વહેલો પહોંચી ગયો હોઈશ. કામ બાજુએ રાખીને એ વાતે વળગે. એ વાતો ચાલે મિત્રો આવવા માંડે ને સભા શરૂ થાય ત્યાં સુધી. એ સિવાય પણ કાર્યાલયમાં જવાનું થાય ત્યારે એમને મળતો. વર્ષો સુધી એમ ચાલ્યું. એમને મળ્યો હોઉં અને કલાકથી ઓછા સમયમાં છૂટા પડવાનું હોય એવો તો એકે પ્રસંગ મને યાદ નથી. અંગત જીવનમાં મને એમના તરફથી પુષ્કળ માર્ગદર્શન, હૂંફ અને આશ્વાસન મળેલાં છે. મને સામાન્ય લાગતો નોકરી છોડવાનો પ્રસંગ હોય કે હોય પુત્રના મૃત્યુ જેવો ખૂબ આઘાતક પ્રસંગ, બચુભાઈ મારાં ઘણાં દુઃખના સમભાગી થયા છે. પણ આવા સામાન્ય કથનને બદલે મારે અમુક પ્રસંગો જ વિગતે નહિ આલેખવા જોઇએ? પણ પ્રસંગો અનેક છે, કયો લઉં કયો ન લઉં? એક પ્રસંગ યાદ આવે છે જે મારા કરતાં એમને જ વધુ સ્પર્શે છે:

મારાં લગ્ન થયાં નહોતાં. અનેક કન્યાઓનાં માગાં મેં નકારેલાં, નકાર્યે જતો હતો. બચુભાઈ એ જાણે. એક વાર મને કહે: ‘તમારે હવે યોગ્ય પાત્ર જોઈ લગ્ન કરી લેવા જોઇએ. પછી સારી કન્યા નહિ મળે. મારા અનંત માટે એક સરસ કન્યાનું માગું આવેલું. અમે તે જતું કરેલું. આજે ય એ ખટક્યા કરે છે.’ મેં કહ્યું–ના, મારાથી કહેવાઈ ગયું: ‘બચુભાઈ, મારી વાત જવા દો, પણ અનંતનું તો લગ્ન ન થયું તે સારું છે. શી ઉતાવળ છે?’ એમની આંખો ઝીણી થઈ. અનંતની તબિયત ત્યારે બહુ સારી રહેતી નહિ. પૂછ્યું: ‘કેમ તમને કાંઈ આશંકા છે?’ ‘ના રે! આ તો અમસ્તું.’ કહી મેં વાત ઉડાવી દીધી. પણ એ ત્યારે ખૂબ ગંભીર થઈ ગયેલા, અંતરમાં ઊંડા ઊતરી ગએલા; ત્રણેક મિનિટ મૌન રહેલા. (બચુભાઇને કોઈ વાતે દુઃખ થાય ત્યારે મૌન થઈ જતા, માઠું લાગે ત્યારે મોં ફેરવી જતા. બે મિનિટમાં પાછા પૂર્વવત્–આ એમની ખાસિયત.) કારણ? અનંત સ્હેજ માંદો હતો ત્યારે મેં તેનો હાથ જોયેલો. બચુભાઇએ જોવા આગ્રહ કરેલો. એમને મેં નહોતું કહ્યું પણ કોઇકોઈ કિસ્સામાં બન્યું છે તેમ અનંતનો હાથ જોઇને એની ટૂંકી જિંદગીનો મને ખયાલ આવ્યો હતો. (એવો ખયાલ મણિલાલનો હાથ વારંવાર જોવા છતાં આવેલો નહિ એ બંને પૂર્વજ્ઞાત-અજ્ઞાત મૃત્યુએ મને ખૂબ ક્ષુભિત કર્યો છે. જ્ઞાન માત્રને માથે કોઈક અભિશાપ છે તે આ જ!) જ્યોતિષ વિષયક અનુભવો હું અહીં કહેવા બેઠો નથી. પણ બચુભાઈ વિશે આગળ પણ મારે જે કહેવાનું છે તેમાં જ્યોતિષ–જ્યોતિષ પણ આવે છે. બચુભાઈ જ્યોતિષમાં આસ્થા.

અનંતના અવસાન પછી મળ્યો ત્યારે એમણે પેલો સંવાદ સંભારેલો. મારું નિરીક્ષણ છે કે અનંતના અવસાને એમના ભીતરનો એક ભાગ કોરી કાઢેલો. બીજો મોટો ભાગ કોરી કાઢ્યો હતો વર્ષો બાદ અનંતનાં માતાનાં અવસાને. મારી જાણમાં એમના નિખાલસ હાસ્યને કુદરતે બે વાર કરમાવ્યું. બીજી વાર કરમાયું તે ફરીથી ન જ પાંગર્યું.

પોતાના કામને લગતી કે બીજાઓ અંગેની નાની-મોટી બધી બાબતોમાં ખૂબ જ કાળજી, ચોકસાઈ અને ચીવટ એ રાખતા–એમની સાથે કામ કરનારાને એનો પૂરો અનુભવ હશે. નાણાંનો હિસાબ, વસ્તુઓની ગોઠવણી, ટપાલની વ્યવસ્થા, જવાબોની નિયમિતતા વગેરે ઘણું એમાં આવે. દરેક બાબતમાં સામાને કોઇ રીતે માઠું ન લાગે એનું ધ્યાન રાખવામાં પણ એમનું સૌજન્ય જ હું જોઉં છું. સેવ વેચનારાં બહેન શરીરે જાડાં હોય અને બચુભાઇ સેવ ખરીદવા જાય ત્યારે 'જાડી સેવ આપો' એમ નહિ 'મોટી સેવ આપો' એમ કહે એ એમણે અમને કહેલો કિસ્સો તો 'કુમાર'માં જ નોંધાયેલો છે. એ જ મનોવલણ સૂચવતું એમની ઑફિસનું એક પાટિયું ભાગ્યે જ કોઇના ધ્યાન બહાર ગયું હશે. બીડી પીનારાને સૂચના આપતાં એમણે લખ્યું છે: 'બીડી બહાર પીવી'—'અહીં બીડી પીવાની મનાઇ છે' એમ નહિ. એમની કહેવાની આ રીતમાં વિનમ્રતા છે. સામાના અધિકારનો સ્વીકાર છે, પણ પોતાની અગવડનો ખયાલ આપવાની મક્કમતા ય છે. એક વાર બચુભાઇને કમળો થયો હતો. કમળાની દવા બીલીમોરાથી એમને મળી રહે તે માટે મેં મારા એક મિત્રને લખ્યું હતું. દરમિયાન મારે ભાષા-વિજ્ઞાનના અભ્યાસ માટે મૈસૂર જવાનું થતાં ત્યાંથી મેં એમની ખબર પત્રથી પુછાવી. જવાબમાં એમણે લખેલું: 'બીલીમોરાથી દવા માટે કાગળ મળ્યો હતો; પણ રૂબરૂ જોયા વિના દવા નથી આપતા એમ જણાવ્યું હતું. તમારા મિત્રની કાર્યતત્પરતા પ્રશંસનીય હતી, પણ મને અહીંની દવાથી ફેર પડતો જતો હતો એ હકીકત મેં એમને આભાર સાથે જણાવી હતી.' માણસની કદર કરવાની એમની વૃત્તિ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાની ભાવના પણ અહીં દેખાય છે.

મારી ઉપરના પત્રોમાં રાજેન્દ્ર શાહ, ઉશનસ્, જશવંત લ. દેસાઇ, રતિલાલ જોગી આદિના ઉલ્લેખો એમણે જે તે વખતે તેમના સમાચાર આપવા નિમિત્તે કર્યા છે, તેમાં ય એમની ચોકસાઇ જણાઈ આવે છે. જ્યોતિષની આગાહી સાચી પડવા વિશે પણ મને લખવાનું એ ચૂક્યા નથી. 'મારી બીમારીમાં તમે મને જોવા આવેલા ત્યારે કહેલું કે ટૂંક વખતમાં પદ્મશ્રી જેવું દેશવ્યાપી કોઇ સન્માન મને મળશે. તમને જાણીને આનંદ થશે કે 'ઉદન્ત માર્તંડ' નામના પ્રથમ હિન્દી પત્રની ૧૫૦મી જયંતી પ્રસંગે બંગીય હિંદી સાહિત્ય સંમેલને ભારતના જે ચુનંદા ૧૫૦ પત્રકારોને 'પત્રકાર શિરોમણિ' પદથી નવાજ્યા તેમાં મારું નામ આવ્યું છે. તમારી આગાહી સાચી પડી.' (તા. ૨૨-૨-૭૭)

બધા પ્રસંગો નહિ નોંધું, પણ જ્યોતિષ સંબંધે જ એમનાં છેવટનાં વર્ષોમાં મને થયેલો એમનો એક અનુભવ બચુભાઈનું વ્યક્તિત્વ બરોબર પ્રકટ કરી આપે છે. એક દિવસ એમનો પત્ર આવ્યો: 'ત્રણેક અઠવાડિયાથી તબિયત સારી નથી. મોટે ભાગે ઘરે જ રહું છું. તમને મારું વર્ષફળ આપ્યું છે તેની જરૂર પડી છે. પહેલે અવકાશે પહોંચાડી જશો? સાંજે પાંચેક વાગ્યે આવશો તો અનુકૂળ રહેશે.' (તા. ૧૮-૨-'૭૮) હું મૂંઝાયો. એમનું વર્ષફળ મારી પાસે હતું જ નહિ. મને આપ્યું છે એવું એમના મનમાં શી રીતે આવ્યું તે સમજાયું નહિ. માંદા છે, એટલે મળવા તો જવું જ જોઇએ એમ થયું, પણ 'પીએચ.ડી.ના થીસિસે પુરાયેલો' હું ઘર બહાર નીકળી શકું એમ જ નહોતું. મેં તરત લખી નાખ્યું: 'અવકાશે મળવા આવીશ. મારી પાસે વર્ષફળ નથી.' એમણે બીજો પત્ર લખ્યો એમાં ફરીથી એ જ વાત કે 'તમને જ આપ્યું છે' સાથે ક્યાં ક્યારે કેવી રીતે બધું જણાવ્યું. હું ઓર મૂંઝાયો. મને થયું કે ઘરડા માણસની સ્મૃતિ બગડી છે ને મારે માથે મોટી જવાબદારી આવી છે. હવે શું કરવું? એમને તત્કાલ સંતોષવા ખાતર મેં લખ્યું કે 'હું મારી પાસે હશે તો જોઇશ, મળી આવશે તો પહોંચાડીશ. તમે પણ શોધજો. હાલ તો એ નથી જ...' વગેરે. વાત ત્યાં અટકી. પછી એકાદ વાર મળ્યો ત્યારે તે વાત એમણે સંભારી નહિ. આપણે ય ચૂપ રહ્યા. દરમિયાન વર્ષફળ તો મને ન જ મળ્યું: હોય તો મળે ને! વચ્ચેનો પત્ર અત્યારે મારી પાસે નથી. પણ ઠીક લાંબો સમય પસાર થયા બાદ એમણે મને જ પત્ર લખ્યો (તા. ૧૨-૭-'૭૯) તે હું પૂરેપૂરો ઉતારું છું:

સ્નેહી ભાઇશ્રી,

મારે તમારી ક્ષમા માગવાની છે.

મારું વર્ષફળ મળી ગયું છે. બન્યું હતું એવું કે ગયે વર્ષે હું ઇંગ્લૅન્ડ ગયો ત્યારે પ્રવાસનું મુહૂર્ત જોવડાવવા માટે એ મારાં મોટાં પુત્રીને આપેલું, તે પછી એમને ત્યાં જ પડી રહેલું. હમણાં વાત નીકળતાં એ એમને ત્યાં હોવાનું જણાવ્યું ને મને મોકલી આપ્યું છે.

આ બાબત મેં તમને નાહક ઘણી તકલીફ આપી તે માટે દિલગીર છું. આશા છે કે દરગુજર કરશો. બંને કુશળ હશો. શુ. બચુભાઈ

આની ઉપર કોઇ ટીકા-ટિપ્પણ કરવું જરૂરી ખરું? બચુભાઇ પછી, મનઃપ્રસાદ પ્રસરાવે એવી પત્રપ્રસાદી મને મુ. શ્રી વિષ્ણુપ્રસાદ પાસેથી મળે છે, જેમણે સારી સંખ્યામાં પત્રો લખ્યા છે કે લખી રહ્યા છે એવા આવા આપણા મહાનુભાવોના પત્રોનાં સંપાદન થવાં ઘટે.

જીવનદેવતા મારી ઉપર કાંઇ તૂઠ્યા હોય એમ લાગતું નથી. સતત વિરોધો અને અવરોધો ગતિ રૂંધતા હોય તેમ જ પદેપદે આકરી કસોટી થતી હોય એ અનુભવ છે. પણ એક બાબતમાં રૂઠેલા દેવેય મને ખરે જ ન્યાલ કર્યો છે. અને તે વિકટ માર્ગમાં થોડાક સજ્જનો મેળવી આપવામાં. જેના સંગે પાવન થઇ જવાય એવા મને લાધેલા તીર્થસ્થાનરૂપ સજ્જનોમાંના એક બચુભાઇ રાવત હતા. □

અનુસંધાન] **મોનાનું ખૂન** [પૃષ્ઠ ૨૯૪થી

કાર્તિકે પોતાની નવી ઑફિસમાં જઇ ફોન ઉપાડ્યો.

'ડી. આઇ. જી. પી. કાર્તિકસાહેબને મારા હાર્દિક અભિનંદન!' શર્વિલક જ હતો, 'કેમ સાહેબ, મારી વાત સાચી પડીને?'

'હા, શર્વિલક. થૅન્ક યુ, વેરી મચ. તેં મને આ કેસમાં ઘણી મદદ કરી, દોસ્ત! અને હવે તારું વેર પણ વળી ગયું ને? બીજા કોઇ બદલાની આશા રાખ્યા વિના તેં ઘણી મહેનત કરી, અને તેમાં લાભ પણ મને મળ્યો, તને તો કંઇ જ નહિને?'

'ત્યાં જ તમારી ભૂલ થાય છે, કાર્તિકસાહેબ. હું તમને પ્રશ્ન પૂછું. જે દુપટ્ટો મોના કાયમ પોતાની પાસે રાખીને ડાન્સ કરતી એ દુપટ્ટો ક્યાં છે? અને જેના કારણે મોનાનું ખૂન થયું તે હીરાની માળા? મોનાને મરેલી જોઇને હું પાછો ફર્યો ત્યારે તેની એક યાદ તરીકે હું એ દુપટ્ટો ઉપાડી લાવ્યો હતો, મદનિકાને આપવા માટે. અને એના બંને છેડે મોનાએ જે સિતારા જડાવ્યા હતા તે જોતાંજોતાં અકસ્માત ખબર પડી કે તેની આડશમાં મોનાએ દુપટ્ટાના એક છેડામાં પેલી માળા પણ સીવીને છુપાવી હતી. આને તમે મારો લાભ ગણી શકો.'

કાર્તિક તો આ સાંભળી આશ્ચર્યમાં અવાક જ બની ગયો. ત્યાં ફરી શર્વિલક બોલ્યો, 'મદનિકા પણ તમને અભિનંદન આપવા કહે છે. અને તમારો આભાર માને છે. અચ્છા ફોન મૂકી દઉં છું, જરા ઉતાવળમાં છું. મારે હજી દિલ્હીની જેલમાં પહોંચવાનું છે. ઓ.કે., ફરી મળીશું.'

'જરૂર મળજે દોસ્ત, હું હાથકડી તૈયાર રાખીશ.' અને હસતાં-હસતાં કાર્તિકે ફોન મૂકી પોતાની નવી ખુરશીમાં લંબાવ્યું. (સંપૂર્ણ)



શ્રીમતી હીરાદેવી મિશ્રા

જયશ્રી ઠક્કર

ગુરુએ તો કહેલું કે કદી ગાઈ નહિ શકે, પણ એ વિધાનને આહ્વાન ગણી મોડી રાતો સુધી રિયાઝ કરીકરી સંગીતક્ષેત્રે ગાયક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરીને પોતાની ક્ષમતા બતાવી આપનાર શ્રીમતી હીરાદેવી મિશ્રાનું નામ સંગીત-રસિકોમાં અજાણ્યું નથી. 'ગમન' ફિલ્મમાં એમણે ગાએલી બનારસી ઠુમરી – 'આજ સાંવરિયા તોહે ગરવા લગાલું', રસ કે ભરે તોરે નૈન' અને 'બનરા' – 'બડે ધૂમ ગજર સે આયો રે સૈંયા' પણ ઘણાંના કાનમાં હજી ગૂંજતાં હશે.

આ હીરાદેવીનો જન્મ બનારસમાં થએલો. સંગીતનો નાદ ઘરમાં સૌને હતો. પિતા રામસ્વરૂપસિંહ કરતાં યે માતા મૌનાદેવી સંગીતનાં વધારે રસિયાં હતાં. બે ભાઈ – કેદારનાથ અને અમરનાથ અચ્છા તબલાવાદક હતા. અમરનાથ સિંહ તો આજે હયાત નથી, પણ તેમના પુત્ર પારસનાથે પિતાના વારસાને સંભાળી લીધો છે. સાત વર્ષની વયે હીરાદેવીએ બનારસના પં. સરજુપ્રસાદના હસ્તે ગંડાબંધન કરાવ્યું, પણ એમની પાસેની તાલીમ બહુ લાંબી ચાલી નહિ. એ જ અરસામાં એમનાં મોટાં બહેન રાજમણિદેવીના ગુરુ પં. પ્રતાપ મિશ્રએ હીરાદેવીની લગન જોઈ એમને ટપ્પાની તાલીમ આપી. આગળ જતાં બહેન ખાંસા'બ ચતાખાં પાસે તાલીમ લેવા લાગ્યાં ત્યારે તેમની પાસે બેસીને હીરાદેવી જે તાલ-ઠેકા આપતાં તે તરફ ઉસ્તાદનું લક્ષ દોરાયું અને તેમણે એમને પણ તાલીમ આપવા માંડી. આમ, બારેક વર્ષની વયથી હીરાદેવીની સંગીત ઉપાસનાનો આરંભ થયો હતો. પછી તો કંઠમાધુર્યને લીધે એમને અવારનવાર મહેફિલોમાં પણ ગાવાનો મોકો મળી જતો, પણ મુંબઈમાં 'હરિદાસ સંમેલન' વખતે પહેલી વાર તખ્તા પર ગાવાની જે તક મળી તેને તેઓ હજી ભૂલ્યાં નથી. એમને મન એ એમનું સદ્ભાગ્ય હતું, મોટો શ્રોતાસમુદાય જોઈ આરંભમાં તો ક્ષોભ અનુભવ્યો, પણ જેમજેમ ગાયન આગળ વધતું ગયું અને શ્રોતાઓનો જે પ્રતિભાવ જોવા મળ્યો એથી એ રંગમાં આવી ગયાં.

પણ એમની આ સાધના નિરવરોધ તો નહોતી જ. બચપણમાં તો ગુરુનાં ટપલાં પણ ખાવાં પાડેલાં અને તબિયત બગડવાથી દાક્તરોએ એમને ગાવાની જ મનાઈ ફરમાવેલી. પરંતુ એથી હતાશ ન થતાં એમણે કાશીના રાજગાયક પં. અવન્તિકાપ્રસાદ – જેઓ એમના મીઠા અવાજને કારણે 'મીઠાઈલાલ' તરીકે ઓળખાતા, તેમના પૌત્ર ઉસ્તાદ કમલ મિશ્રા પાસે સિતારવાદન શીખવા માંડ્યું. રોજરોજના મેળાપથી આ બંને સંગીતરસિયાં વચ્ચે સ્નેહની ગાંઠ બંધાઈ અને તે લગ્નગ્રંથિમાં પરિણમી. પતિગૃહે તો સમગ્ર વાતાવરણ સંગીતમય હતું. પતિ પોતે જ સંગીતનું ઊંડું જ્ઞાન ધરાવતા હોઈ હીરાદેવીએ એમની જ પાસે પુન: ગાયનની સાધના કરવા માંડી. કમલ મિશ્રાએ ઠુમરી, દાદરા, ટપ્પા, હોરી વગેરે ગાયનપ્રકારોમાં હીરાદેવીને ઘણી તાલીમ આપી. આગળ જતાં દિલ્હીના પં. નસીરખાં અને ઉસ્તાદ અબ્દુલ રહેમાન પાસેથી એમણે ઠુમરીની વિશેષ તાલીમ પણ લીધી.

આમે ય બનારસ ઠુમરીને માટે વિખ્યાત તો છે જ. એટલે હીરાદેવી પર પણ તેનો પ્રભાવ પડે એ સ્વાભાવિક હતો. વળી, બહુધા શૃંગાર રસપ્રધાન ઠુમરીમાં નાયિકાનાં રિસામણાં-મનામણાં, ગુસ્સો અને છણકા વગેરે જેવા ભાવોને બહેલાવવાની-સાંભળવાની મઝા જ ઓર છે. હીરાદેવીને એ ગમે છે. આરંભમાં તો તેઓ ખયાલ અને ગઝલ પેશ કરતાં, પણ પતિએ એમને ઠુમરી ગાતાં કર્યાં. એમ તો હીરાદેવી ટપ્પા પણ એટલી જ સહજતા ને મીઠાશથી ગાય છે. વળી, બનારસ તો સંગીતનું ઘર. ત્યાં મોસમ અને વાર-તહેવાર તથા પ્રસંગાનુરૂપ અનેક ગાયનપ્રકારો ખીલ્યા છે. એક સમયે તો ખાસ ચૈત્ર માસમાં જ અને તે યે નદી કિનારે જ ગવાતી 'ચૈતી' ભલે આજે એના અસલ સ્વરૂપમાં નથી રહી, પણ એનું આગવાપણું હજીયે ટકી રહ્યું છે. હોળીના તહેવારોમાં 'હોરી' અને શ્રાવણમાં ગવાતી 'કજરી'નો પણ ત્યાં એવો જ મહિમા છે. સાંજે ગાય દોહવાના સમયે ગવાતા 'અહિલ' અથવા 'બિરહા' લગ્નપ્રસંગે ગવાતા 'બનરા', બાળકના જન્મ-પ્રસંગના 'સોહર' એમ અનેકવિધ ગીતપ્રકાર બનારસમાં પ્રચલિત છે. હીરાદેવી પણ એનાં ચાહક છે અને બહુ સુંદર રીતે એ ગાઈ શકે છે, પરંતુ મુંબઈ જેવા શહેરમાં એ ગાવાના મોકા ક્યાંથી મળે? પણ ઠુમરી વગેરેની એમની સાધના તો ઘણી ઊંડી છે. આરંભમાં મશહૂર બેગમ અખ્તરનો તેમના પર સારો પ્રભાવ હતો, કારણ એ એમનાં ગુરુબહેન હતાં. બીજાં એવાં જ ખ્યાત ગુરુબહેન તે નિર્મલાદેવી.

હીરાદેવીની ઘણી ચીજો રૅકૉર્ડ થઈ છે. 'ગમન'માં રજૂ થએલી ઠુમરી બદલ તો એમને 'સુરસિંગાર અકાદમી' તરફથી મિયાં તાનસેન ઍવૉર્ડ પણ મળેલો. એમની અન્ય રૅકૉર્ડબદ્ધ થએલી ચીજોમાં 'દિવાના કિયા શા'મ, ક્યા જાદુ ડારા', 'નૈનવાસે નેનવા મિલાયે જા, મિલાયે જા, ગુજરિયા હમ પરદેશી બડે દૂર કે', 'અબકે સાવન ઘર આજા', 'જીયા મોરા ના લાગે બૈરી બલમવા' વગેરે બહુ કર્ણપ્રિય છે. 'ચૂડી હરવા ચૂડી હરવા એક દિન ઔતા હમરે ઘરવા ચૂડી હરવા' એ બનારસી લોકગીતની એમની રૅકૉર્ડ પણ બહુ જાણીતી છે. 'પ્રભાત', 'દેવદાસ', 'હિન્દુસ્તાન કી કસમ', 'વિદ્યાર્થી', 'આંધિયાં' વગેરે હિન્દી તેમ જ ભોજપુરી ફિલ્મોમાં પણ એમનાં ગાયનોનો સુંદર ઉપયોગ થયો છે. ખાંસા'બ ચતાખાંની તાલીમના કારણે એમના ગાયનમાં પતિયાલા ઘરાનાનું મિશ્રણ પણ જોવા મળે છે.

હીરાદેવીને અભિનયનો યે શૉખ છે. 'વિદ્યાર્થી' અને 'ગમન' ફિલ્મોમાં એમણે અભિનય પણ આપ્યો છે.

ગાતી વેળા ચહેરાને સહેજ પણ વિકૃત બનાવ્યા વિના લય અને સૂરના સુંદર મેળ સાથે તેઓ બહુ સ્પષ્ટ ઉચ્ચારોવાળી રજૂઆત કરે છે. અને પોતાનાં શિષ્યો પાસે પણ તેઓ એવો જ આગ્રહ રાખે છે.

અનેક ખ્યાતનામ સંગીતસંમેલનો દ્વારા એમણે દેશમાં ઘણાં સ્થળે પોતાની ગાયનકળા રજૂ કરી છે. સાન્ટાક્રુઝમાં મિલન સિનેમા નજીક આનંદ એપાર્ટમેન્ટ્સમાં તેઓ રહે છે અને ત્યાં સંગીતના વર્ગો પણ ચલાવે છે. એમના શિષ્યગણમાંથી શ્રીમતી નીલા શાહ, ઉમા, શાન્તના બેનરજી, સુધા બલસાર અને છાયા ગાંગુલી વગેરેએ પણ હીરાદેવીની તાલીમને જેબ આપે એ રીતે પોતપોતાની આગવી પ્રતિષ્ઠા પ્રકટાવી છે ને માન મેળવ્યાં છે. ☐

ગુજરાતમાંથી પ્રથમવાર પ્રાપ્ત થએલી વિષ્ણુના બુદ્ધાવતારની પ્રતિમા — પ્રફુલ્લ રાવળ

વીરમગામ તાલુકામાં અધાર (અગ્રહાર?) ગામમાંથી પ્રાપ્ત બાવીસ જેટલી વિષ્ણુમૂર્તિઓ પૈકી બે મૂર્તિઓ બુદ્ધ અને કલ્કિ અવતારની મળી છે. જેમાંની બુદ્ધાવતારની મૂર્તિ આ અંકમાં પૃ. ૩૧૬ પર પ્રસ્તુત કરી છે. આજ સુધી ગુજરાતમાં વિષ્ણુના અવતાર બુદ્ધની એક પણ સેવ્યમૂર્તિ પ્રાપ્ત થઈ નથી. એથી ગુજરાતના શિલ્પવિષયક સંશોધનક્ષેત્રે એનું મૂલ્ય સવિશેષ ગણાય. વળી, આ મૂર્તિથી એ કાળે આ વિસ્તારમાં દશાવતાર પૈકીના બુદ્ધ અને કલ્કિની પૂજા થતી હોવાની અથવા એના પૂજનવિધિના પ્રારંભની નૂતન ઐતિહાસિક વિગતનો આવિષ્કાર થાય છે. શિલ્પવિધાન પરત્વે દેખીતી રીતે સામ્ય હોવા છતાં બૌદ્ધધર્મના સ્થાપક બુદ્ધ અને વિષ્ણુના અવતાર બુદ્ધની મૂર્તિને ઓળખવા માટેનું સરળને પ્રમાણિત લક્ષણ જનોઈ છે. 'દશાવતાર'-માળા (પૃ. ૩૧૬)માં પ્રસ્તુત કરેલી મૂર્તિમાં જનોઈનું અંકન સ્પષ્ટ હોઈ એ વિષ્ણુઅવતાર બુદ્ધની મૂર્તિ હોવાનું સિદ્ધ થાય છે. રૂપમંડન, બૃહત્સંહિતા, અગ્નિપુરાણ, વિષ્ણુધર્મોત્તર પુરાણ ઈત્યાદિમાં બુદ્ધમૂર્તિના અંકન વિષેના વિધાનો મળે છે, પરંતુ આ મૂર્તિ સંપૂર્ણતઃ એ વર્ણન મુજબ નથી. પદ્માસન અને દ્વિભુજા તેનાં બે મુખ્ય લક્ષણ. પ્રસ્તુત મૂર્તિમાં એ બે તો છે, છતાં ય ઉક્ત ગ્રંથોમાં દર્શાવ્યા પ્રમાણે અભય અને વરદ હસ્તનું અંકન અહીં નથી. એ દૃષ્ટિએ આ મૂર્તિની શૈલી શાસ્ત્રોક્ત વિધાનથી ભિન્ન ગણાય.

અહીં ગોળાકાર આસન પર પદ્માસન વાળીને બેઠેલા ધ્યાનસ્થ ભગવાન બુદ્ધનો દક્ષિણ હસ્ત જ્ઞાનમુદ્રા ને વામ હસ્ત ભૂમિસ્પર્શ-મુદ્રામાં છે. આ ઉભય મુદ્રાના અંકનથી શિલ્પકારના માનસમાં બૌદ્ધધર્મના સ્થાપક બુદ્ધની કલ્પના હોવાની પ્રતીતિ થાય છે, કેમકે દશાવતારમાંના બુદ્ધાવતારનું અર્ચન નહિવત્ હોવા સાથે; એની મૂર્તિપરંપરા પણ લગભગ અપ્રચલિત હોઈ શિલ્પીએ પરંપરિત બુદ્ધમૂર્તિની શૈલીનો વિનિયોગ કર્યો છે. સ્કંધ સુધી લાંબા કર્ણ, બીડેલાં નેત્રો, મસ્તકે આછા કેશ, ઉભય હસ્ત પર બાજુબંધ, કંદોરો, સમતા-સૂચક, અધરો અને સૌમ્ય મુખારવિંદવાળા અહિંસાના સંદેશક-સમર્થક વિષ્ણુના બુદ્ધાવતારની આ 'અદ્વિતીય' સેવ્ય આરસ પ્રતિમા છે.

દેહસૌષ્ઠવ અને સુડોળતા હોવા છતાં શિલ્પકળાની દૃષ્ટિએ આ મૂર્તિમાં વિશિષ્ટ કમનીયતા જોવા મળતી નથી. વક્ષઃ, સ્કંધ, કંઠ અને હસ્તના સૂક્ષ્માવલોકનથી મૂર્તિમાં સહેજ સ્થૂળતા (દેહજાડ્ય) દેખાય છે, જેમાં સોલંકીયુગની શિલ્પકળામાં ક્રમશઃ આવેલી ઓટનું દર્શન થાય છે. સોલંકીયુગની શિલ્પકળાના લક્ષણ સાચવતી પણ આછાં પરિવર્તને ભિન્ન કળાશૈલીનો પરિચય આપતી આ મૂર્તિ સમયની દૃષ્ટિએ તેરમા સૈકાની હોઈ શકે. □

અનુસંધાન] **તાકેંતો તાસો** [પૃ. ૨૯૦થી

પણ પ્રસિદ્ધિની કાંચળી તાસોએ પહેલેથી જ ઉતારી નાખી હતી. પ્રશંસા એને હવે ખુશ કરી શકે તેમ નહોતી, એટલે આવા પ્રશંસકોથી પોતાનો પંડ છોડાવવા તે તેની બહેન કોર્નોલિયાને મળવા સોરેન્તો ઊપડી ગયો, જેને વર્ષોથી તેણે જોઈ નહોતી.

ભાઈબહેને વર્ષોથી એકબીજાનાં મોં સુધ્ધાં જોયાં ન હોઈ તાસોએ પોતાની સીધી ઓળખાણ આપવાને બદલે પોતાને તાસોના સંદેશવાહક તરીકે જ ઓળખાવ્યો. એક ત્રાહિતજન તરીકે તેને તાસોની જિંદગીના એક પછી એક પ્રસંગ કોર્તેલિયા પાસે વર્ણવવા માંડયા. પરંતુ તેનું એ વર્ણન પૂરું થાય એ પહેલાં જ ભાઈ પર આવી પડેલી એક પછી એક વિપત્તિઓ સાંભળી તે બેભાન જ બની ગઈ. હવે તાસોથી તટસ્થ રહી શકાયું નહિ. બહેનને ભાનમાં આણી તેણે સત્ય જણાવી દીધું, સાથે પોતે અહીં હોવાનો ભેદ કોઈની પાસે ન ખોલવાતાકીદ પણ આપી. તાસોને માટે દુનિયામાં હવે કશું રહ્યું નહોતું જે તેની રૂંધાઈ ચૂકેલી પ્રતિભાને પુનઃ પ્રવાહિત કરે, તેના વેરાન બની ચૂકેલા દિલમાં અમીનો છંટકાવ કરે.

એવામાં એક દિવસ તાસોનું જ નામ પૂછતા આવેલા એક જણે અચાનક તેના ઘરનું બારણું ખખડાવ્યું. તાસો હાજર હોવા છતાં એ નામનો કોઈ માણસ ત્યાં રહેતો ન હોવાનું જણાવ્યું. પણ આગંતુક એક કાગળ તેના હાથમાં મૂકી ચાલતો થયો. કાગળ પર દેસ્તીનું સીલ મારેલું હતું. તે લીઓનોરાનો લખેલો હતો અને તેને ફેરારા પાછા આવી જવા નિમંત્રતો હતો, પણ તાસોએ કશો જ પ્રત્યુત્તર ન વાળ્યો. પછી બીજો કાગળ આવ્યો, પછી ત્રીજો. તાસોથી હવે રહેવાયું નહિ, ભારે હૈયે બહેનની રજા લેતો તે બોલ્યો, 'હું જાઉં છું, બહેન, ફરી કેદી બનવા'. અને પોતાની વ્યથા સ્મિતથી સંતાડતો તે ચાલી નીકળ્યો.

ફેરારા પહોંચી તેણે ડયુક આલફોન્ઝોને પોતાનાં પુસ્તકો અને કાગળિયાં સોંપી દેવાની વિનંતિ કરી, પણ ડયુકે બેરહમપણે તેને સેન્ટ આનાના પાગલખાનામાં પૂરી દીધો. અંગ્રેજ કવિ બાયરને તાસોની આ દુર્દશા પર લખેલું 'લૅમેન્ટ ઑાવ તાસો' કાવ્ય જાણીતું છે.

એ આમ પાગલખાનામાં સબડતો હતો ત્યાં તેનું યેરૂસલેમ પરનું મહાકાવ્ય તેની પરવાનગી વિના જ પ્રકટ કરવામાં આવ્યું. વસ્તુ, છંદ, ભાવ, વેગ બધી જ નજરે ઉત્કૃષ્ટ એ મહાકાવ્યે તેની પ્રસિદ્ધિ સાથે જ સારા યે યુરોપને એટલું દીવાનું બનાવી દીધું કે છ જ મહિનામાં તેની સાત આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી, યુરોપની એકેએક ભાષામાં તેનાં ભાષાંતરો થવા માંડયાં. કહેવાય છે કે કેવળ શેક્સપીઅરને બાદ કરતાં તાસોના જેવા જીવંત પાત્રાલેખનમાં અન્ય કોઈ કવિ એટલો શક્તિમાન નથી નીવડેલો. પરંતુ જેની પ્રતિભા કીર્તિની પાંખે ઝૂલતી આખા યુરોપમાં પથરાઈ ગઈ હતી એ મહાકવિનું જીવન તો પાગલ કેદીઓની ચીસાચીસ વચ્ચે ફેરારાના પાગલખાનામાં ચીમળાઈ રહ્યું હતું. એની કાવ્યપ્રસિદ્ધિનું વળતર એક પાઈ પણ તેને મળ્યું નહોતું.

આખરે માન્ચુઆના ઠાકોરની દરમિયાનગીરીથી સાત વર્ષે એ આ નરકાગારમાંથી મુક્ત થયો. મુક્ત થયા પછી તેણે 'તોરિસમોંદો' એ કરુણપ્રશસ્તિ પ્રસિદ્ધ કરી. ટીકાઓથી ત્રાસેલો ને ગેરવર્તાવથી દાઝેલો તાસો માન્ચુઆથી બોલોના, બોલોનાથી લોરેતો અને ત્યાંથી પછી રોમ, ફ્લૉરેન્સ નેપલ્સ વગેરે સ્થળે લંગર વિનાના વહાણની માફક અથડાતો જ રહ્યો. એનું પોતાનું જ જીવન એક મહાન કરુણપ્રશસ્તિ બની ગયું હતું.

દરમિયાન એણે બીજાં બે કાવ્યગ્રંથો બહાર પાડ્યા. પણ તેની તબિયત સાવ લથડી ચૂકી હતી, તે કયારે મોતને ખોળે પહોંચી જાય એ અનિશ્ચિત હતું. જીવનના એ સંધ્યાકાળે નવા પોપ કલીમેન્ટ આઠમાને તાસોના પુરોગામી મહાકવિ પેત્રાર્કની જેમ તેને યશકલગીથી નવાજવાનું મન થયું અને તાસોને એણે માનભેર રોમ નિમંત્ર્યો.

રોમમાં પોપે તેને વેટિકનમાં જ રાખી ત્યાંના મુદ્રિત અને હસ્તલિખિત પુસ્તકોનો ભંડાર તેની સામે ખુલ્લો મૂકી દીધો, તેની સઘળી મિલકત તેને પાછી સોંપાવી પોતાના તરફથી વર્ષાસન બાંધી આપવાનું વચન આપ્યું, પરંતુ તાસોને નહોતી પડી યશની કે નહોતી પડી મિલકત કે વર્ષાસનની. 'હું તો આખરે ખરવા જ તમારી પાસે આવ્યો છું' એણે પોપને કહી દીધું, અને ખરેખર જે દિવસે પોપ તરફથી તેનું જાહેર સંમાન થઈ તેના માથે તાજ (Crown of bays) મૂકવાનો હતો એને આગલે જ દિવસે ઈ.૧૫૯૫ના એપ્રિલની ૨૫મીએ માત્ર ૫૧ વર્ષની ઉંમરે ઈટાલીના એ ઉત્પીડિત મહાકવિએ આ દુનિયાની વિદાય લઈ લીધી. □

માનવીની પ્રગતિમાંથી પ્રકટેલી એક વિકટ સમસ્યા જલ-પ્રદૂષણ

જી. વી. પટેલ

પાણીનું મહત્ત્વ અગાઉના કરતાં આજે અનેકગણું વધી ગયું છે. પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિના ટકાવ માટેના આ અનિવાર્ય તત્ત્વના રોજબરોજ વધતા જતા ઉપયોગના કારણે તથા બીજી તરફ ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં ઝડપથી વધતી જતી વસ્તીને માટે પાણીની માગ વધતી જાય છે, અથવા બીજી રીતે કહીએ તો હવે તો એવો સમય આવી ગયો છે કે વપરાશની સામે પૃથ્વી પરના શુદ્ધ જળનો પુરવઠો પણ ઓછો પડવા લાગી રહ્યો છે. ઓછામાં પૂરું જીવન જરૂરિયાત ઉપરાંત, ખેતી, ઉદ્યોગો અને એવા બીજાં અન્ય અનેક ક્ષેત્રોમાં પણ પાણીની માગ વધતી જ જાય છે. પરંતુ પાણીને આમ ઉપયોગમાં લેવા સાથે માણસની બેફામ અવિચારી પ્રવૃત્તિઓ જે સુલભ છે તે પાણીને પણ દૂષિત બનાવી તેને વાપરવા યોગ્ય રહેવા દેતી નથી. જલપ્રદૂષણ એ આ યુગની એક મોટી અને ગંભીર સમસ્યા બની રહી છે, એટલું જ નહિ, પણ જો તેના પ્રત્યે ઉપેક્ષા સેવવામાં આવે તો પૃથ્વી પરની જીવસૃષ્ટિ માટે પણ એ જોખમરૂપ બની સર્વનાશના દ્વારે પહોંચાડી દે તેટલી ભયંકર છે.

જલપ્રદૂષણ એ આપણે ત્યાં ભારતમાં કંઈ નવો શબ્દ નથી. પણ તેનો સંદર્ભ હવે જુદો છે. પહેલાં તો આપણી ધાર્મિક માન્યતાઓથી પ્રેરાએલી અસ્પૃશ્યતાના ખયાલે અસ્પર્શ્ય લોકોના સ્પર્શથી જલ-પ્રદૂષિત થવાની માન્યતા જ પ્રચલિત હતી. પણ એ તો એક સામાજિક પ્રશ્ન હતો. એથી માનવીના તેમજ અન્ય જીવસૃષ્ટિના અસ્તિત્વ પર કોઈ અસર પડતી નહિ. આજનું જલપ્રદૂષણ તેનાથી તદ્દન ભિન્ન છે. અને આજે જો તેના વિષે ગંભીરતાથી વિચારવામાં ન આવે, તો આ પ્રશ્ન ભવિષ્યમાં સમગ્ર દુનિયાને હાનિ પહોંચાડવા જેટલો વ્યાપક અને વિકટ બની રહે તેમ છે.

છેલ્લી બે સદીથી ઉદ્યોગોનો જે વિકાસ થવા લાગ્યો છે, અને બીજા વિશ્વયુદ્ધ પછી તેમાં જે ઝડપી વધારો થઈ રહ્યો છે તેનાથી જલપ્રદૂષણ વધતું જ જાય છે. રંગ-રસાયણ, રાસાયણિક ખાતરો, કાપડ, લોખંડ અને પોલાદ વગેરેના મોટામોટા ઉદ્યોગોમાં વપરાઇને ગંદું અને અનેક રીતે ઝેરી કહેવાય એટલું પ્રદૂષિત થએલું પાણી, તેના નિકાલ પ્રત્યે રખાતી બેકાળજીને કારણે નદી વગેરેનાં સ્વચ્છ પાણીમાં ભળીને તેને દૂષિત કરી પીવા તથા રોજિંદા વપરાશ માટે અયોગ્ય બનાવી રહ્યું છે. કલકત્તા જેવા એક જ શહેરમાં દોઢસો જેટલાં મોટાં કારખાનાંઓ કે મિલોમાં વપરાઇને દૂષિત થએલું પાણી રોજેરોજ હુગલી નદીમાં ઠલવાઇને નીચે વાસની પ્રજાને માટે અનેક પ્રકારના રોગોનું જોખમ વધારી રહ્યું છે. અને દુનિયાના બહુ મોટા ભાગમાં આ જ રીતે શુદ્ધ પાણીને માનવી બગાડી રહ્યો છે.

કારખાનાંઓમાંથી છોડાતું દૂષિત પાણી નદીપ્રવાહ સાથે વહીને સરોવર કે દરિયામાં ઠલવાય છે ત્યારે ત્યાંના જળમાં વસતી જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે પણ એ જોખમી બની રહે છે. ભારતની દામોદર નદીનું પાણી પ્રથમ જેવું સ્વચ્છ ન રહેતાં કાળું થઈ ગયું છે. ચલમાર નદી પણ ગટર જેવી બની ગઈ છે. યમુના નદીમાં દરરોજ ૨૦ કરોડ લિટર જેટલું ગંદું પાણી છોડવામાં આવે છે. મુંબઈ નજીક ઉલ્હાસ નદી, મદ્રાસ પાસે અદ્યાર નદી અને ગુજરાતમાં મહી નદી પણ વધુ ને વધુ પ્રદૂષિત થઈ રહી છે. બિહારના બૈરોની તેલ સંશોધન કારખાનામાંથી કોઈ કારણે તેલ વહીને ગંગામાં ભળતાં એ પાણી પીવા-વાપરવા માટે જોખમી બની જવાથી તેનો ઉપયોગ કરતા મોંધીર શહેરમાં કેટલાક દિવસો સુધી નદીમાંથી પાણી લેવાનું જ બંધ રાખવું પડ્યું હતું. આ દૂષિત પાણી બંગાળના ઉપસાગરમાં ઠલવાયું હતું. ભારતની ચૌદ મોટી નદીઓના પાણીની શુદ્ધતા ઘટતી જઇને ૮૫ ટકા જેટલી ઊતરી ગઈ છે. યુરોપમાં પણ હ્રાઈન નદી છ જેટલા વિકસિત દેશોમાંથી પસાર થતાં હવે ગટર નામે જ ઓળખાવા જેટલી ગંદી બની ગઈ છે.

વહેતું દૂષિત પાણી જ્યારે સમુદ્રમાં ઠલવાય છે ત્યારે ત્યાંની જીવ-સૃષ્ટિ માટે પણ એ જોખમરૂપ બની રહે છે. જાણીતા સમુદ્રશાસ્ત્રી ડૉ. જેફ્વેસ પિકાર્ડોએ આ સામે ચેતવણી આપતાં કહ્યું છે કે, 'માનવી સમુદ્રના પાણીને એટલી હદ સુધી બગાડવા માંડ્યો છે કે તેમાં વસતા જીવોનો પણ નાશ થવા લાગ્યો છે. 'પ્લેન્કટન' નામના જીવ પર નભતી માછલીઓ, દૂષિત જળને કારણે નાશ પામતા પ્લેન્કટન વિના મરવા માંડશે. દરિયાઈ ખોરાક એ ઘણા માણસોની પણ એક પાયાની જરૂરિયાત હોઈ તેની અછત માણસને માટે પણ જોખમી બની તેમને પણ તેમના નાશ ભણી દોરી જશે.' પિકાર્ડોની આ ચેતવણી માનવીના ભાવિના સંદર્ભમાં પૂર્ણતઃ ગંભીર વિચારણા માગી લે છે.

દૂષિત પાણી અનેક રોગ ફેલાવે છે એ તો આપણે સૌ જાણીએ છીએ. એક જાપાનનું જ ઉદાહરણ જોઇએ:

જાપાનમાં ઈ. સ. ૧૯૫૩માં મિનામારાના અખાતમાં એક ભયંકર રોગ ફેલાયો. જેની અસરથી રોગીના હાથપગ અને શરીર આખું વિકૃત રીતે વાંકું વળી જતું હતું. પછી મગજની અસહ્ય બીમારી શરૂ થતી, તેમજ દરદીને પક્ષઘાત જેવાં લક્ષણો જણાતાં હતાં અસંખ્ય લોકો તેનો ભોગ બન્યા અને મરણ પામ્યા. એટલું જ નહિ, આ સમય દરમિયાન જન્મેલાં બાળકો પણ ચેતાતંતુની ખામીઓવાળાં હતાં. આ રોગની ઊંડી તપાસને અંતે જાણવા મળ્યું કે અખાતમાં ઔદ્યોગિક કચરાવાળું ગંદું પાણી ઠલવાતું હતું. આ કારણથી તેમાં પારાના સંયોજનનું પ્રમાણ વધી ગયું હતું. આ સંયોજનો અખાતનાં માછલાંઓના પેટમાં ગયાં અને આ માછલાં ખોરાક તરીકે લેવાતાં માનવીના પેટમાં પણ પારાનાં એ સંયોજનો એકઠાં થતાં ગયાં. પરિણામે મિનામારા અખાતની આજુબાજુના લોકો આ પ્રાણઘાતક રોગના ભોગ બન્યા.

ઇજિપ્તમાં પણ દૂષિત પાણીથી રોગ ફેલાયો હતો. ત્યાંની મોટી નદી નાઈલ પર 'આસ્વાન બંધ' બાંધવામાં આવ્યો. બંધની નહેરોમાં ઉદ્યોગોનું ગંદું પાણી ભેગું થયું. પછી રોગજન્ય જંતુઓનો ફેલાવો શરૂ થયો. પરિણામે આ નહેર-વિસ્તારનાં શહેરો તેમજ ગામડાંઓમાં 'સિસ્ટોમિઆસીસ' નામનો એક રોગ શરૂ થયો, જે ત્યાંના લોકોની શક્તિને હણી નાખનારો સાબિત થયો હતો.

આસ્વાન બંધની બીજી વિપરિત અસર એ પણ થઈ કે નાઈલ નદીમાં પૂર નિયંત્રણ થવાથી આજુબાજુનાં ખેતરોમાં નવો કાંપ પથરાતો બંધ થયો. અને જમીનની ફળદ્રૂપતા વધારવા માટે ઇજિપ્ત-ને રાસાયણિક ખાતરનો ઉપયોગ વધારવો પડ્યો.

બંધ બંધાયા પછી નાઈલ નદીના પાણીમાં વહી આવતાં પોષક તત્ત્વો બંધ થયાં. પરિણામે નાઈલ નદી જ્યાં આગળ ભૂમધ્ય સમુદ્રને મળે છે ત્યાંના મત્સ્ય-ઉદ્યોગમાં મોટી ઓટ આવી. અહીં અગાઉ સમુદ્રમાં માછલાં માટે પ્લેન્કટનની છત રહેતી તે હવે ઘટી ગઈ. પરિણામે માછલાંની ઉત્પત્તિમાં યે ૨૫ ટકા જેટલો ઘટાડો થયો. આ બધા પ્રશ્નો કુદરતી નહિ પણ માનવસર્જિત જ છે.

દૂષિત-ગંદા પાણીમાં રોગજનક જીવાણુઓ પુષ્કળ પ્રમાણમાં હોય

સાહિત્યસંપર્ક

આસ્વાદલક્ષી સાહિત્યઇતિહાસ

ધીરુ પરીખ

'કુમાર'માં ડૉ. મધુસૂદન પારેખે અગાઉ 'અંગ્રેજી સાહિત્યનું આચમન' કરાવ્યું હતું તે જ રીતે ત્યાર પછી ગુજરાતી સાહિત્યનો આસ્વાદલક્ષી પરિચય કરાવવાના હેતુથી 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ' એ શીર્ષકથી લેખમાળા શરૂ કરી હતી અને વાચકોને ઘણી ગમી હતી તે હવે આ પુસ્તક રૂપે પ્રકટ થાય છે ત્યારે સાહિત્યના જિજ્ઞાસુઓ, અભ્યાસીઓ, સૌને માટે આવકાર્ય સાહસ છે.

આ ગ્રંથને દસ પ્રકરણ અને બે પરિશિષ્ટોમાં વહેંચ્યો છે ને અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં 'સુધારાયુગ' કે 'નર્મદ-દલપતયુગ' તરીકે ઓળખાતા પ્રારંભિક યુગનો સવિગત અને સાધાર પરિચય કરાવવામાં આવ્યો છે. પ્રથમ પ્રકરણમાં અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઉદ્‌ગમકાળની રાજકીય સામાજિક-સાંસ્કૃતિક ભૂમિકા નિરૂપવામાં આવી છે તે સર્વથા ઉચિત છે. પછીનાં આઠ પ્રકરણોમાં નર્મદ, દલપત તેમ જ અન્ય નોંધપાત્ર સાહિત્યકારો વિશે માહિતીસભર ચર્ચા કરવામાં આવી છે. આ ચર્ચા દરમિયાન ગ્રંથકર્તાએ પોતાના સમર્થનમાં ઉપયોગી જણાયાં હોય તેવાં અન્ય સાહિત્યકારોનાં અવતરણો પણ હોંશથી રજૂ કર્યા છે. એ બધાંને આધારે પોતાને જે કંઈ કહેવાનું છે તે પણ એમણે સ્પષ્ટ છતાં ય સુમધુર રીતે કહી દીધું છે. ગ્રંથકર્તા ડૉ. પારેખ ગુજરાતીના પીઢ અધ્યાપક છે એટલે એમની સુદીર્ઘ અધ્યાપન કારકિર્દીનો અહીં સુપાક ઊતર્યો છે એમ કોઇને પણ લાગ્યા વગર રહેશે નહિ, એ સાથે સાથે એમ પણ જોઈ શકાશે કે આ ગ્રંથ કેવળ અધ્યાપકીય વિવેચન-નિરૂપણમાંથી ઊગરી ગયો છે.

ડૉ. પારેખે પ્રત્યેક સર્જકના સર્જનમાંથી એની લાક્ષણિકતા ઉપસાવી રહે તેવા સર્જનાંશો ઉદ્ધૃત કરીને આ ગ્રંથના આસ્વાદ્યતા વધારી આપી છે. આમ તો અહીં આસ્વાદ કરાવવો એ જ પ્રધાન લક્ષ્ય રહ્યું છે, એટલે આ ઇતિહાસ પ્રવાહલક્ષી બનવાને બદલે સર્જનલક્ષી બની ગયો છે. સુજ્ઞ વાચક તો, અલબત્ત, આ સર્જકલક્ષી આસ્વાદમૂલક ચર્ચામાંથી પણ તે કાળના સાહિત્યિક પ્રવાહને પામી શકશે જ એવી યે સગવડ અહીં છે જ.

ગ્રંથનું દસમું અને છેલ્લું પ્રકરણ ઘણું ઉપયોગી અને મહત્ત્વનું છે. 'ગુજરાતી સાહિત્યમાં પારસીઓનો ફાળો' નામક આ પ્રકરણમાં નર્મદ-દલપત યુગના ડઝનેક પારસી સર્જકોની સર્જનપ્રવૃત્તિનો અધિકૃત પરિચય મળી રહે છે તે ડૉ. પારેખના પારસી લેખકો પરના શોધપ્રબંધ નિમિત્તે થયેલા પરિશ્રમનું ફળ છે. મુખ્યત્વે આ પ્રકરણમાં સ્વરૂપલક્ષી ચર્ચા થયેલી છે, એટલે કે કવિતા, નાટક અને નવલકથાના ક્ષેત્રમાં પારસી સર્જકોએ આપેલા ફાળાની આટલી વિગતો આ પ્રકારના ઇતિહાસોમાં અહીં પહેલી વાર જ રજૂ થાય છે.

લેખકની લખાવટ પાંડિત્યદંભથી મુક્ત અને વિવેચનની પરિભાષાથી ઓછી ગ્રસ્ત છે. આ કારણે આ ગ્રંથ સહુ સામાન્ય વાચકોને પણ સુકર થઈ પડે તેવો છે. આ જ રાહે ડૉ. પારેખ, નર્મદ-દલપત યુગને નિરૂપતા આ ગ્રંથ પછી અર્વાચીન ગુજરાતી સાહિત્યના આગળના યુગવિકાસનો પણ શબ્દાલેખ આપે તેવી ઇચ્છા વ્યક્ત કરવાનું સહજ રીતે જ મન થઈ આવે છે.*

*'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ;' પ્રકાશક ચંદ્રમૌલી પ્રકાશન, ૨૪૫, ઈન્દ્રકોટ, ડોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પાકું પૂઠું, પૃ. ૨૯૦, રૂ. ૨૫

આવકાર

પારિતોષ પ્રકાશન
પો. બો. નં. ૩૪, ભાવનગર

વિજ્ઞાનબાબુ: અનુ. રમણલાલ સોની. પૃ. ૨૩૧, કાચું પૂઠું.

ગગનરાજ: (પુનર્મુદ્રણ) અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પૃ. ૧૭૩, કાચું પૂઠું.

દરિયાની વેળ: (પુનર્મુદ્રણ) અનુ. કાન્તિલાલ શાહ. પૃ. ૧૩૨, કાચું પૂઠું.

એંશી દિવસમાં પૃથ્વીપ્રદક્ષિણા: અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પૃ. ૧૧૧, કાચું પૂઠું.

નાનસેન: અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પૃ. ૧૨૫, કાચું પૂઠું.

ઉપરનાં પાંચે પુસ્તકોના સેટના રૂ. ૫૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રોડ, અમદાવાદ-૧

રઘુકુળતિલક શ્રીરામ: લે. દક્ષિણકુમાર જોશી. ભાગ ૧લો, પૃ. ૩૩૫, પાકું, રૂ. ૨૭. ભાગ ૨જો, પાકું પૂઠું, રૂ. ૨૮. ભાગ ૩જો, પૃ. ૩૫૧, પાકું પૂઠું, રૂ. ૩૩.

મારું દુઃખ: ફાધર વાલેસ. પૃ. ૨૦૭, કાચું પૂઠું, રૂ. ૧૦.

મારું સુખ: ફાધર વાલેસ. પૃ. ૨૦૦, કાચું પૂઠું, રૂ. ૧૦.

બાલગોવિંદ પ્રકાશન
ગાંધી રોડ, અમદાવાદ-૧

નૃત્યનાટિકાઓ: લે. અનિરુદ્ધ તન્ના. પૃ. ૭૭, કાચું પૂઠું, રૂ. ૪-૫૦.

ઝુલે વર્ન: લે. ઈશ્વરભાઈ પટેલ. પૃ. ૩૯, કાચું પૂઠું, રૂ. ૩.

આવા છે મહારાજ: લે. શિવાભાઈ ગો. પટેલ. ભાગ ૧: પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૨.

ભાગ ૨: પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

ભાગ ૩: પૃ. ૩૬, કાચું પૂઠું, રૂ. ૨-૦૦.

ભાગ ૪: પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

માનવતાના સંસ્કારો: (પુનર્મુદ્રણ) લે. બબલભાઈ મહેતા.

ભાગ ૧: પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૪.
ભાગ ૨: પૃ. ૫૬, ,, ,, રૂ. ૨.
ભાગ ૩: પૃ. ૫૬, ,, ,, રૂ. ૨.

ચણચણ બગલી: લે. અનિરુદ્ધ તન્ના. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૩.

વિચાર: લે. ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવે. પૃ. ૯૧, કાચું પૂઠું, રૂ. ૬.

આયુ પ્રકાશન
૨૧૨, સર્વોદય, સલાપસ માર્ગ, અમદાવાદ

આયુર્વેદીય રેડિયો વાર્તાલાપ: લે. શોભન. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૬-૫૦.

નિદ્રા: લે. શોભન. પૃ. ૩૫, કાચું, રૂ. ૩.

આરોગ્ય પ્રશ્નોત્તરી ભાગ-૨: લે. શોભન. પૃ. ૧૪૮, કાચું પૂઠું, રૂ. ૧૨.

આરોગ્ય અને ઔષધ: લે. શોભન. પૃ. ૨૧૬, કાચું પૂઠું, રૂ. ૨૦.

સર્વોપયોગી ઔષધપેટી: લે. શોભન. પૃ. ૨૩, કાચું પૂઠું, રૂ. ૩.

પ્રસાર
૧૮૮૮, આતાભાઈ એવન્યુ, ભાવનગર

સોરઠી બહારવટિયા: લે. ઝવેરચંદ મેઘાણી

ભાગ ૧: (પુનર્મુદ્રણ) પૃ. ૧૫૧, પાકું, રૂ. ૭.
ભાગ ૨: ,, પૃ. ૨૨૪, પાકું, રૂ. ૧૨.
ભાગ ૩: ,, પૃ. ૨૦૪, પાકું, રૂ. ૧૦.

દરિયાપારના બહારવટિયા: (પુનર્મુદ્રણ) લે. ઝવેરચંદ મેઘાણી. પૃ. ૧૧૨, કાચું, રૂ. ૬.

પરકમ્મા: (પુનર્મુદ્રણ) લે. ઝવેરચંદ મેઘાણી. પૃ. ૨૮૦, પાકું પૂઠું, રૂ. ૨૦.

આર. આર. શેઠની કંપની

મુંબઈ – અમદાવાદ

આતશ : લે. વર્ષા અડાલજા. પૃ. ૧૯૯, પાકું પૂઠું, રૂ. ૨૦.

કહેવત કથામાળા : (પુ. ૧ થી ૧૦) (પુનર્મુદ્રણ) લે. સુરેશ ઠાકર. સેટના રૂ. ૨૦.

સાહસિકોની સૃષ્ટિ : (પુનર્મુદ્રણ) અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પૃ. ૨૩૧, કાચું, રૂ. ૧૫.

પાછા ફરતાં : લે. વર્ષા અડાલજા. પૃ. ૧૯૦, પાકું પૂઠું, રૂ. ૧૮.

નહીં સાંધો નહીં રેણ : લે. વિઠ્ઠલ પંડ્યા. પૃ. ૨૧૨, પાકું પૂઠું, રૂ. ૨૦.

ઊર્ધ્વમૂળ : લે. ભગવતીકુમાર શર્મા. પૃ. ૬૩૦, પાકું પૂઠું, રૂ. ૫૧-૨૫.

એક ચહેરો અંદર : લે. વિઠ્ઠલ પંડ્યા. પૃ. ૩૧૨, પાકું, પૂઠું, રૂ. ૩૦.

ગંગા બહે નહિ રૈન : લે. શિવકુમાર જોશી. પૃ. ૧૭૧, પાકું પૂઠું, રૂ. ૧૭-૨૫.

વિવેચનની પ્રક્રિયા : લે. રમણલાલ જોશી. પૃ. ૨૮૮, પાકું પૂઠું, રૂ. ૩૫-૦૦.

જોવી'તી કોતરો અને જોવી'તી કંદરા (પૂર્વાર્ધ) : લે. શિવકુમાર જોશી. પૃ. ૩૦૪, પાકું પૂઠું, રૂ. ૨૯-૦૦.

જોવી'તી કોતરો અને જોવી'તી કંદરા (ઉત્તરાર્ધ) લે : શિવકુમાર જોશી. પૃ. ૨૮૦, પાકું પૂઠું, રૂ. ૨૭-૦૦.

સોનલ છાંય : લે. શિવકુમાર જોશી. પૃ. ૧૫૦, કાચું પૂઠું, રૂ. ૧૦-૦૦.

થીજેલા આકાર : લે. ઇલા આરબ મહેતા. પૃ. ૨૩૨, પાકું પૂઠું, રૂ. ૨૨-૫૦.

શ્યામ દુલારી : લે. સારંગ બારોટ. પૃ. ૫૫૧, પાકું પૂઠું, રૂ. ૪૫-૦૦.

પૂર્વોત્તર : લે. ભોળાભાઈ પટેલ. પૃ. ૨૪૭, પાકું પૂઠું, રૂ. ૨૫-૦૦.

તરણા ઓથે ડુંગર (પુનર્મુદ્રણ) : લે. ઇશ્વર પેટલીકર. પૃ. ૨૭૨, પાકું પૂઠું, રૂ. ૨૧-૨૫.

નીલિમા મૃત્યુ પામી છે : લે. વર્ષા અડાલજા. પૃ. ૨૭૧, પાકું પૂઠું, રૂ. ૨૫-૫૦.

લોકપ્રિય પ્રકાશન

મુંબઈ–અમદાવાદ

તરસ્યાં મોતી : લે. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ. પૃ. ૨૬૪, પાકું પૂઠું, રૂ. ૨૮.

સ્વર્ગનો અગ્નિ : લે. રામચંદ્ર પટેલ. પૃ. ૨૫૯, પાકું પૂઠું, રૂ. ૨૧.

આકાશથીય દૂર તારું ઘર : લે. અશ્વિન દેસાઈ, પૃ. ૨૪૮, પાકું પૂઠું, રૂ. ૨૪.

શબ્દને નામ હોતું નથી : લે. ઇલા આરબ મહેતા. પૃ. ૩૫૬, પાકું પૂઠું, રૂ. ૩૪.

પરિચય ટ્રસ્ટ મુંબઈ–૨

ઘર બાંધવા માટે નાણાં (પ. પુ. ૫૪૧) : લે. હસમુખ પટેલ. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

આપણાં વહેપારી મંડળો (પ. પુ. ૫૪૨) : લે. રામ પંડિત. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

ટાન્ઝાનિયા (પ. પુ. ૫૪૩) : લે. વી.જી. પેંઢારકર. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

આજની મરાઠી રંગભૂમિ : (પ. પુ. ૫૪૪) લે. જ્ઞાનેશ્વર નાડકર્ણી. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

સ્વામી અક્ષય વિવેક 'ઢોલક' કાર્યાલય

મહાત્મા ગાંધી માર્ગ, સુરેન્દ્રનગર

હું રાહ ચીંધું છું : પૃ. ૨૭, કાચું, રૂ. ૨-૫૦.

અંતરનાદ : પૃ. ૩૬, કાચું, રૂ. ૨-૫૦.

ધ્યાન શીખો : પૃ. ૩૬, કાચું, રૂ. ૩.

શીખો, વિચારતાં શીખો : પૃ. ૩૨, રૂ. ૨૫-૦.

ચારે પુસ્તકના લે. ભગવાન રજનીશ.

પ્રકીર્ણ

અને હવે ઇતિહાસ : લે. વિનોદ ભટ્ટ. પ્ર૦ વોરા ઍન્ડ કંપની, ગાંધી માર્ગ, અમદાવાદ. પૃ. ૧૦૪, કાચું પૂઠું, રૂ. ૯.

કર્મયોગ : લે. સ્વામિ શિવાનંદ. પ્ર૦ ગુજરાત દિવ્ય સંઘ, રાજકોટ. પૃ. ૩૦૪, કાચું પૂઠું, રૂ. ૧૫.

ભારતદર્શન ભાગ ૨ – મધ્યકાલીન ઇતિહાસ : લે. રસેશ જમીનદાર, મનુભાઈ પંચોલી અને ભોગીલાલ ગાંધી. પ્ર૦ સરદાર પટેલ યુનિ૦, વલ્લભ વિદ્યાનગર. પૃ. ૨૩૬, પાકું પૂઠું, રૂ. ૩૦.

જીવનસંઘર્ષમાં વિજયી બનો : લે. મુકુન્દ શાહ. પ્ર૦ કુસુમ પ્રકાશન, નારાયણનગર, અમદાવાદ-૭. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૪.

જયપ્રકાશ : સં. નારાયણ દેસાઈ અને કાન્તિ શાહ. પ્ર૦ યજ્ઞ પ્રકાશન, હુજરાત પાગા, વડોદરા-૧. પૃ. ૫૬૦, પાકું, રૂ. ૭૦.

અમદાવાદની તીખી તરુણાઈના ક્રાન્તિના તેજીલા તોખાર પર સવારી : સં. અશોક ઠાકોર, ખાડિયા વોર્ડ રાષ્ટ્રીય ઇતિહાસ સમિતિ, ખાડિયા, અમદાવાદ-૧. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

યોગાસન માર્ગદર્શિકા : લે. સ્વામી ચિદાનંદ સરસ્વતી. પ્ર૦ સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિ, પંચનાથ પ્લૉટ, રાજકોટ. પૃ. ૧૦૫, કાચું પૂઠું, રૂ. ૫.

મને ગામ જડયું ગોકિળિયું : લે. વ્રજ માતરી . પ્ર૦ નક્ષબ અલવી, ૯/A, જસ્માઈન એપાર્ટમેન્ટ્સ, ખાનપુર, અમદાવાદ. પૃ. ૮૮, કાચું પૂઠું, રૂ. ૧૨.

એકાંતવાસ : લે. સતીશ ડણાક. પ્ર૦ આદર્શ પ્રકાશન, રાયખડ, અમદાવાદ-૧. પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૧૦.

પરિવ્રાજકનું પાથેય : લે. જ્યોતિ થાનકી. પ્ર૦ આદર્શ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પૃ. ૨૬૪, પાકું પૂઠું, રૂ. ૨૫-૫૦.

તાજમહાલ શાયરી : લે. કિશોરસી કક્કડ. પ્ર૦ પોતે C/o ડૉ. ડી. સી. કક્કડ. આરસી ક્લીનીક, માધવપુર (ઘેડ). પૃ. ૨૯, કાચું, રૂ. ૩.

આપણી આંખો : પ્ર૦ નેત્રરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ, જયન્ત સોસાએટી, રાજકોટ-૪. પૃ. ૧૬, કાચું પૂઠું, રૂ. ૦-૫૦.

કાનુડાની બાળક્રીડા : લે. ખોડિદાસ પરમાર. પ્ર૦ ગુજરાત રા. લલિતકળા અકાદમી, ગાંધીનગર. પૃ. ૬૦, કાચું પૂઠું,

મારો ગરબો ઘૂમ્યો : સં. કલ્લોલિની હઝરત. પ્ર૦ શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ-૨૦ અને ડૉ. મધુરી શાહ એજ્યુકેશન ફાઉન્ડેશન, અનુપમ, ૧૧ માનવ મંદિર રોડ, મુંબઈ-૬. પૃ. ૩૧૨, પાકું પૂઠું, રૂ. ૫૦.

દયારામ રસધારા ભાગ ૫ : સં. કે. કા શાસ્ત્રી અને જીવણલાલ છ. જોશી. પ્ર૦ ગુ. સા. સભા, ગુ. સંશોધન મંડળ, અમદાવાદ-૭. પૃ. ૧૩૬, કાચું પૂઠું, રૂ. ૫.

દયારામ રસધારા ભાગ ૬ : સં. અને પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૫.

સાસુમાની ઝાલરી : લે. રતુભાઈ દેસાઈ. પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન, 'પાર્વતી', હનુમાન રોડ, વીલે પાર્લે, પૂર્વ, મુંબઈ-૫૭. પૃ. ૭૪, કાચું પૂઠું, રૂ. ૧૦.


પગરવ : લે. લક્ષ્મીનારાયણ મો. પંડ્યા. પ્ર૦ પોતે. ૪૯, જતવાળા બિલ્ડિંગ, તુલસીવાડી, તારદેવ, મુંબઈ-૩૯. પૃ. ૨૫૨, પાકું પૂઠું, રૂ. ૨૧.

સ્મૃતિભંગ : લે. વિષ્ણુકુમાર મહેતા. પ્ર૦ હરિહર પુસ્તકાલય, ટાવર રોડ, સુરત. પૃ. ૩૮૪, પાકું પૂઠું, રૂ. ૨૫-૫૦.

તાતાં તીર : લે. આધ્યાપક તરુલતા પટેલ. પ્ર૦ પોતે, રેવાકુંજ, સ્ટેશન પાછળ, ટુંડેલ રોડ, નડિયાદ, પૃ. ૧૫૫, પાકું પૂઠું, રૂ. ૧૫.

ભીની માટીની સુગંધ : લે. નાથાલાલ દવે. પ્ર૦ કવિતા દવે, સાધનાપથ પ્રકાશન, કૃષ્ણનગર, ભાવનગર. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૪.





ગળે વીંટાળ્યા જે કર, અરર તેના જ નખથી
વલૂરાયાં હૈયાં, શબ્દ અવળો એક પડતાં,
વિલાયાં વા મૌને, દિન દિન તણી એ જ કથની,
ભર્યું શું આયુષ્યે? અણસમજ ને ગેરસમજો.

—ઉમાશંકર જોશી

તેજસ્વી પીઢ પત્રકાર સ્વર્ગસ્થ યજ્ઞેશ શુક્લ

ગુજરાતી પત્રકારત્વની વાડીમાં પોતાની નિષ્ઠાભરી કાર્યરતતાનું સતત સિંચન કરી તેને પલ્લવિત કરનાર જૂજ પત્રકારોમાંના એક યજ્ઞેશ હ. શુક્લનું ગઈ તા. ૧૩ ડિસેમ્બરે અવસાન થતાં આ ક્ષેત્રમાં છેલ્લા સાડા પાંચ દાયકાથી વહેતો રહેલો એક પ્રેરણાસ્રોત લુપ્ત થઈ ગયો.

ઈ. ૧૯૦૯ની ૧૩ માર્ચે વલસાડમાં એમનો જન્મ. એમની બે વર્ષની વયે જ પિતા હરિહર ગણપતરામનું અવસાન થતાં માતા વિજયાબેનની છત્રછાયામાં ઊછરી એમણે ૧૯૨૫–'૨૬માં મૅટ્રિકની પરીક્ષાઓ આપી, પણ બે વાર નિષ્ફળ જતાં મુંબઈમાં પિતરાઈ મોટાભાઈ જયકૃષ્ણ પાસે રહી દાવર્સ કૉલેજ ઑવ કૉમર્સમાં અભ્યાસ આદર્યો. પરંતુ વ્યાપાર કરતાં વાચનલેખનમાં વધુ રસ હોઈ તેમણે તે છોડી દીધો. દરમિયાન સામયિકોમાં લેખ-વાર્તા આદિ લખવા માંડેલાં. ૧૯૨૭માં તેઓ મુંબઈના પ્રસિદ્ધ સાપ્તાહિક 'ગુજરાતી'માં જોડાયા. અહીં તેમને સનાતનની સાક્ષર ને સાહિત્યના અભ્યાસી પીઢ પત્રકાર અંબાલાલ બુલાખીરામ જાની પાસેથી પત્રકારત્વની તાલીમ મળવા માંડી.

'ગુજરાતી' પછી તેઓ 'હિન્દુસ્તાન-પ્રજામિત્ર', 'જન્મભૂમિ' અને 'વંદેમાતરમ્'માં ઉત્તરોત્તર પ્રગતિ કરતા ગયા, જેમાં સામળદાસ ગાંધી પાસે 'જન્મભૂમિ' અને 'વંદેમાતરમ્'માં ખરો પલોટ મળ્યો. સામળદાસે જ્યારે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ સામે 'આરઝી હકૂમત'ની નેતાગીરી લીધી ત્યારે એમણે એકલે હાથે 'વંદેમાતરમ'નું તંત્ર સંભાળ્યું હતું. પણ સામળદાસના અવસાન પછી 'વંદેમાતરમ્' બંધ થયા બાદ 'જામે જમશેદ'ના માલિકોએ એમના તંત્રીપદ તળે 'પ્રજામત' નામે એક દૈનિક શરૂ કર્યું, પણ તેના ત્રીજા જ દિવસે હૃદયરોગના હુમલાથી તેઓ પથારીવશ બનતાં એ પત્ર ત્યાં જ અટકી પડ્યું.

આ બીમારીમાંથી ઊઠ્યા બાદ એમને 'મુંબઈ સમાચારે' ઝડપી લીધા અને ૧૯૫૫ની ૨૪ ઑગસ્ટથી આરંભાયેલી એ કામગીરી ૧૯૫૮ની ૨૫ એપ્રિલે તે પત્રના અગ્રલેખ-લેખકના ટોચ સ્થાને સ્થિર થઈ, અને ત્યારથી છેક છેલ્લી ઘડી સુધી તેઓ એ પત્ર સાથે સંકળાએલા હતા. નિયમિતતા, ચીવટ અને ચોકસાઈના તેઓ એટલા આગ્રહી હતા કે બહારગામથી કે માંદગીના બિછાનેથી પણ તેઓ પોતાના અગ્રલેખ લખી મોકલતા. એમના એ વિશદ અને વિસ્તૃત અગ્રલેખોમાં રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કારિક આદિ અનેકવિધ ક્ષેત્રોનો એમનો અભ્યાસ અને એમનો સાહિત્યરસ પ્રકટ થતો. વાર્તા, નવલકથા આદિનાં એમનાં અગિયાર જેટલાં પુસ્તકો છે, જેમાંના 'ઈર્ષાની આગ', 'સુનીતા ઓફ એમ. એ.', 'જીવતા સોદા' એ નવલકથાઓ તથા 'તૂટેલાં બંધન', 'એ પત્ની કોની?', 'ગરીબની ગૃહલક્ષ્મી' એ અનુવાદિત નવલો પાછલી પેઢીનાં ઘણાંએ વાંચી હશે. 'અધૂરું અંગ', 'ષોડશી', 'હૈયાસૂની' વગેરે એમના વાર્તાસંગ્રહો પણ જાણીતા છે. સ્ત્રીઓના શિક્ષણ અને સંસ્કારજીવનમાં યે એમને ઊંડો રસ હતો. ૧૯૨૯થી એકાદ દાયકા સુધી એમણે 'ગુણસુંદરી' સ્ત્રી-માસિકનું સંપાદન પણ કરેલું. જ્ઞાતિની 'વિદ્યોત્તેજક સભા' અને મુંબઈના 'સમસ્ત મોઢ બ્રાહ્મણ સમાજ'ની પ્રવૃત્તિઓ સાથે પણ તેઓ સક્રિય રીતે સંકળાએલા હતા.



પણ એમનું લોહી તો પત્રકારનું જ. એમણે લખેલાં 'એક વ્યવસાયી પત્રકારની ઘડતર કથા' તથા 'અર્ધી શતાબ્દીની અખબાર-યાત્રા' પુસ્તકોમાં પોતાની ઘડતરકથા સાથે એમણે પત્રકારત્વક્ષેત્રની અનેક વિશિષ્ટ વ્યક્તિઓ તથા ઘટનાઓ વણી લઇને આ ક્ષેત્રે એક અત્યુત્તમ અર્પણ કર્યું છે. ઈ. ૧૯૬૮માં ઉત્તર મુંબઈની રોટરી ક્લબે એમના સંસ્કારની છાંટવાળા માહિતીસભર અને નીડરતાભર્યા અગ્રલેખોની કદર કરીને 'સ્વ. બેન્જામિન ગાઈ હૉર્નિમૅન'ના નામનો, વર્ષના શ્રેષ્ઠ પત્રકારને અપાતો પુરસ્કાર આપ્યો હતો, જે પત્રકારત્વ ક્ષેત્રની એમની ઉમદા સેવાને સર્વથા યોગ્ય હતો.

છેલ્લા કેટલાક લાંબા સમયથી તેઓ હરીફરી શકતા નહોતા, પરંતુ એમની સજગ નજર અને એમની કલમનું તેજ ઘટ્યું નહોતું. એમનું જીવન એ મૅટ્રિક પણ પાસ નહિ કરી શકેલા એક તરુણના પોતાની કારકિર્દી ઘડવા માટેના પરિશ્રમ અને પુરુષાર્થની એક પ્રેરણાસભર કથા સમું હતું અને રહેશે.

'કુમાર'સાથેનો એમનો વર્ષો જૂનો સંબંધ યાદ કરવા સાથે એમનાં કુટુંબીજનો પરની આ આપત્તિ પ્રત્યે અમે અમારી પૂરી દિલસોજી વ્યક્ત કરીએ છીએ અને એમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

–તંત્રી

કાશીના ગંગાજળની અપવિત્રતા

આ અંકમાં માનવસર્જિત જલ–પ્રદૂષણના લેખને પુષ્ટિ આપતા તાજેતરના એક સમાચાર ઘણાંએ કદાચ વાંચ્યા હશે. બનારસ યુનિવર્સિટીના ડૉ. બી. ડી. ત્રિપાઠીએ ગંગાના પ્રદૂષણનો અભ્યાસ કરતાં જણાવ્યું છે કે એકલા કાશીનગરમાંથી જ દર વર્ષે ૩૦૦૦ જેટલાં અર્ધ બળેલાં માનવશબો ગંગામાં વહેતાં મૂકી દેવામાં આવે છે. આ શબો દ્વારા ૧૪૦ થી ૨૦૦ ટન માંસની સાથે ૨૦૦ થી ૩૦૦ ટન જેટલી રાખ પણ ગંગાજળમાં ભળે છે. મોજણીમાં એ પણ જણાયું છે કે આ ઉપરાંત, ૧૦૦૦ જેટલાં મરેલાં-સડેલાં ઢોરને પણ ગંગામાં હડસેલી દેવામાં આવે છે. ૧૫૦૦ જેટલા ઉદ્યોગો પણ પોતાના અનેક પ્રકારના ઔદ્યોગિક કચરાનો નિકાલ ગંગામાં જ કરે છે, અને હજારો ગેલન મળમૂત્ર તેમાં ભળે છે એ તો વધારામાં. આમ, ગંગાનું પાણી જે રીતે સતત દૂષિત થતું રહે છે તેના પરિણામે, અહીં આસપાસમાંથી લીધેલા ગંગાજળની ચકાસણીમાં અનેક પ્રકારનાં ઝેરી રસાયણો તથા રોગોત્પાદક જીવાણુઓ પણ હવે જોવા મળે છે. કાશીથી આણેલી પવિત્ર ગંગાજળની લોટીઓમાં હવે શ્રદ્ધા રાખવી જોખમી બની રહી છે.



હિન્દુ ધર્મમાં કૃષ્ણાવતારનું સવિશેષ પ્રભુત્વ છે. કૃષ્ણ એકથી વિશેષ હોવાનું મહાભારત પરથી પ્રતીત થાય છે, જેમાં કૃષ્ણનું અત્યંત તેજસ્વી ચરિત્ર નિરૂપણ થએલું છે. યદુવંશી વાસુદેવ વિષ્ણુના અવતારી તરીકે પૂર્ણાવતાર રૂપ છે. સંભવતઃ યાદવો મૂળ ગોપજાતિના હશે, પરંતુ કૃષ્ણના પરાક્રમે તેમનું સ્થાન આદિત્યોની શ્રેણીમાં સ્થિત થયું હશે. પૂર્ણાવતાર કૃષ્ણ માનુષી હોવા છતાં કર્મે પુરુષોત્તમ–પરમેશ્વર રૂપે ખ્યાત થઈ તેમનું જીવન ભારતીય જનસમાજ ને સંસ્કૃતિમાં ઓતપ્રોત બની ગયું છે. એમના વિવિધ જીવનપ્રસંગોથી પરિપ્લાવિત પ્રજામાનસમાં એમની ભક્તિની જે લહર પ્રકટી તેમાં સમગ્ર પ્રજાને અજંપામાંથી ઉગારનાર તરીકેનું તેમનું વ્યક્તિત્વ નીખરી ઊઠે છે.

'મહાભારત'ના શાન્તિ-પર્વમાં યુધિષ્ઠિરે કરેલી સ્તુતિ પરથી કૃષ્ણ–વિષ્ણુનું એકત્વ જણાય છે. ઈ. પૂર્વેના મનાતા સંસ્કૃત નાટ્યકાર કવિ ભાસે કૃષ્ણ-જીવનને અનુલક્ષીને લખેલાં નાટકોમાં શંખ-ચક્ર-ગદા-પદ્મ–ધારી કૃષ્ણની સ્તુતિ પણ મળે છે. અતઃ કૃષ્ણ અવતારી તરીકે પ્રાચીનકાળથી સિદ્ધ થયેલા હશે. ઈ. સ.ના પાંચમા શતકમાં ગોવર્ધનધારી કૃષ્ણની પૂજા થતી હશે તેમ તે કાળની પ્રાપ્ય મૂર્તિ પરથી ફલિત થાય છે. 'ગીતગોવિંદ'માં કૃષ્ણને આરાધ્ય ગણી તેનું સ્તવન કરાયું છે. એમાં કૃષ્ણને સ્થાને બલરામનો ઉલ્લેખ છે.

કૃષ્ણની અવતાર-મૂર્તિઓ ભિન્નભિન્ન સ્વરૂપની કંડારાય છે. દશાવતારમાં બહુધા વેણુવાદક દ્વિભુજ કૃષ્ણ જોવા મળે છે, પરંતુ ચતુર્ભુજ મૂર્તિ હોવાનું પણ જણાયું છે. (જુઓ : 'સ્વાધ્યાય' પુ. ૧૮, અંક ૪) કૃષ્ણનું અદિતિવંશ સાથેનું અનુસંધાન ઉત્તરકાલીન લાગે છે. □




વિષ્ણુના નવમા અવતાર બુદ્ધ મનાય છે. પુરાણ–ભાગવત ઇત્યાદિમાં બુદ્ધને વિષ્ણુના અવતાર માન્યા છે. આ બુદ્ધ બૌદ્ધધર્મ-સ્થાપક બુદ્ધ નહિ, પરંતુ વિષ્ણુ-અવતાર બુદ્ધ હોય તેમ લાગે છે. બુદ્ધ એ જ વિષ્ણુ. કવિ જયદેવની દશાવતાર–સ્તવન રૂપ માલવ રાગમાં રચાએલી પ્રથમ અષ્ટપદીના નવમા શ્લોકની 'કેશવ ધૃતબુદ્ધશરીર' એ પંક્તિ પરથી બુદ્ધ એ વિષ્ણુના અવતાર જ હોવાનું સમર્થન મળે છે.

દશાવતાર વિભાવનામાં બુદ્ધનો સમાવેશ ઉત્તરકાલીન લાગે છે. 'વાયુપુરાણ'માં બુદ્ધનો ઉલ્લેખ નથી. અવતારવાદનો કાળક્રમ મુજબનો સ્પષ્ટ આલેખ દર્શાવવો જરા કઠિન છે. તદુપરાંત હિન્દુ ધર્મમાં નવા ધર્મ–સ્થાપક પુરુષોને પણ અવતારી તરીકે સ્વીકાર્યા છે. આ રીતે બૌદ્ધ ધર્મ-સ્થાપક બુદ્ધને વિષ્ણુના અવતાર ગણ્યા હોવાની સંભાવના થઈ શકે.

અવતારી બુદ્ધ અને બૌદ્ધધર્મ–સ્થાપક બુદ્ધની પ્રતિમાઓમાં માત્ર એક તફાવત છે. વિષ્ણુ-અવતારી બુદ્ધની મૂર્તિ યજ્ઞોપવીતધારી હોય છે. અહીં નિર્દિષ્ટ મૂર્તિમાં તે સ્પષ્ટ દેખાય છે. (આ પ્રતિમા વિષે એક જુદી નોંધ પૃ.૩૧૦)

અહિંસાના સંદેશક-સમર્થક કરુણાસાગર બુદ્ધ વિષ્ણુના અવતાર લેખાય તેમાં યુગભાવનાનો આવિષ્કાર છે. અગ્નિપુરાણ, બૃહત્સંહિતા, રૂપમંડન અને વિષ્ણુધર્મોત્તરમાં બુદ્ધપ્રતિમાનાં વિધાનો મળે છે. □



અવતારોની સંખ્યા પરત્વે તેમ જ રૂઢ બનેલાં દશાવતારનાં નામો પરત્વે સામંજસ્ય ન હોવા છતાં પ્રત્યેક સ્થાને મુખ્ય દશ અવતારોમાં કલ્કિનો ઉલ્લેખ ભવિષ્યમાં થનાર અવતાર રૂપે છે. ભાગવત, મહાભારત, હરિવંશ, મત્સ્ય પુરાણ, ભવિષ્યપુરાણ, કલ્કિપુરાણ ઈ૰માં કલ્કિ ભવિષ્યમાં થનાર અવતાર રૂપે વર્ણિત છે. આ સર્વ ઉલ્લેખોના અન્વયે સમજાય છે કે ભગવાન વિષ્ણુ વિષ્ણુયશસ્ કે વિષ્ણુયશાસ નામના બ્રાહ્મણને ત્યાં શમ્ભલગ્રામ નામના નગરમાં મ્લેચ્છોના વિનાશાર્થે કે બૌદ્ધધર્મનું પ્રાબલ્ય તોડવા અર્થે કલ્કિરૂપે અવતાર લેશે. આમ, પુરાણાદિમાં કલ્કિ ભવિષ્યમાં અવતાર લેનાર તરીકે વર્ણવાયેલ છે. પરન્તુ પુરાણાદિના આ ઉલ્લેખોના સંદર્ભે જ ડૉ. દેવદત્ત ભાંડારકર કલ્કિ તે પુષ્યમિત્ર શૃંગ એવું પ્રતિપાદન કરે છે, ને ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલ એ મતને પુષ્ટિ આપે છે. ડોલરરાય માંકડ કલ્કિને વિશાખયૂપનો સમકાલીન લેખે છે તેમ જ બૌદ્ધ ધર્મ પછી પુનઃ બ્રાહ્મણધર્મને સંસ્થાપિત કરવા માટે કલ્કિને સહાયરૂપ થનાર માને છે, એટલું જ નહિ, પરન્તુ 'મૃચ્છકટિક'નો સર્જક શૂદ્રક તે જ કલ્કિ હોવાની સંભાવના સૂચવે છે.

કલ્કિની મૂર્તિ અંગે વિવિધ ગ્રંથોમાં વિધાનો ઉપલબ્ધ છે. 'વૈખાનસાગમ'માં માનવ-શરીર ને અશ્વમુખયુક્ત કલ્કિમૂર્તિ હોવાનું નિર્દેશાયું છે. 'અગ્નિપુરાણ'માં તે અશ્વારૂઢ ખડ્ગ, શંખ, ચક્ર ને બાણથી યુક્ત છે એમ નોંધાયું છે. 'વિષ્ણુધર્મોધર' મુજબ કલ્કિ દ્વિભુજ હોય છે. આ મૂર્તિ અશ્વારૂઢ કલ્કિની સંભવતઃ એકમાત્ર પ્રાપ્ય પ્રતિમા છે. □

પ્રફુલ્લ રાવલ









બાળકોની દૃષ્ટિએ નાતાલ• **આ** વર્ષની નાતાલ નિમિત્તની બ્રિટનની ટપાલટિકિટ પર ત્યાંનાં બાળ-કલાકારોની આ પાંચ કૃતિઓ રજૂ થઈ છે. તેમાંની પહેલી પરના સાન્ટા ક્લોઝનું મોકળા હાથે કરેલું ચિત્ર ૫ થી ૧૬ વર્ષની વયના બાલ કલાકારોની સ્પર્ધામાં વિજેતા બનેલ સામન્થા બ્રાઉનનું છે. બીજી ટિકિટ પરનું જિસસ ક્રાઈસ્ટનું સ્ટેઈન્ડ ગ્લાસના જેવી પારદર્શક રંગ-ભભકવાળું ચિત્ર ચૌદ વર્ષની ટ્રૅસી જેનકિન્સે મોઝેઈકની રીતે કરેલું છે. ત્રીજું ચિત્ર શુભ સમાચાર લાવતા દેવદૂતને તારામંડિત આકાશમાં ઊડતો દર્શાવે છે. છ જ વર્ષની વયની લ્યુસિન્ડા બ્લૅકમોરની એ કૃતિ છે. ચોથી ટિકિટ પર બેથ્લેહૅમ આવી પહોંચેલા ઇસુનાં માતાપિતા મેરી અને જૉસેફને આલેખનાર છે સોળ વર્ષનો સ્ટીફન, તથા પાંચમી ટિકિટ પર બાળ ઇસુના દર્શને આવતા પૂર્વના દેશોના ત્રણ રાજવીઓને આલેખ્યા છે આઠ વર્ષની સોફી શાર્પે. ઇસુના જન્મ સમયે આકાશમાં નવોદિત તેજસ્વી તારકને પણ બાળકો ભૂલ્યાં નથી એ છેલ્લી ત્રણે ટિકિટોમાં જોઈ શકાય છે. જમણી બાજુ આ પૂર્ણરંગી ખાસ ટિકિટો બહાર પડી તે દિવસની રદ્દીકરણની બે ખાસ છાપ છે, જેમાંની ઉપરની બેથ્લેહૅમમાં અને નીચેની એડિનબરામાં વપરાઈ હતી. (પ્રેષક: રમણિકલાલ સોલંકી–લંડન)

ઇતિહાસ-ધારા

—અશોક હર્ષ

ઈ. ૧૮૫૭ના વિપ્લવના નેતા નાનાસાહેબ માટે ઇંગ્લૅંડની પ્રજાને ખૂબ કુતૂહલ હતું. એની છબિ જો છાપવામાં આવે તો પોતાના પત્રનો ફેલાવો ખૂબ વધી જાય એવું લાગતાં 'ઇલસ્ટ્રેટેડ લડન ન્યુસ'ના તંત્રીએ પોતાના ખાસ પ્રતિનિધિને ભારત મોકલી આપ્યો.

ભારત આવી તે બૅરિસ્ટર લૅંગને મળ્યો અને નાનાસાહેબની તસવીર મેળવવા સંબંધે વાત કરી. લૅંગે એ અશક્ય જણાવ્યું એટલે એ પ્રતિનિધિએ બીજે તપાસ શરૂ કરી. એમાં નિરાશ થઈ એ પાછો લૅંગને મળ્યો ત્યારે લૅંગના ટેબલ પર એક તસ્વીર પડેલી જોઈ. લૅંગને પૂછતાં તેણે જણાવ્યું કે એ તસવીર જેનો કેસ ત્યારે તેના હાથમાં હતો એ તેના એક અસીલ અજોધ્યાપ્રસાદની હતી.

'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ'ના પ્રતિનિધિએ એ તસ્વીરની માગણી કરતાં બૅરિસ્ટર લૅંગને ખૂબ નવાઈ લાગી પ્રતિનિધિએ જવાબ આપ્યો. 'ઇંગ્લૅંડના લોકોએ ક્યાં નાનાસાહેબને જોએલા છે? કોઈ પણ હિન્દી માણસની તસવીર નાનાસાહેબની તસવીર તરીકે છાપતાં તેઓ તે સાચી જ માની લેશે!'

અને ખરેખર, અજોધ્યાપ્રસાદની એ તસવીર નાનાસાહેબની તસવીર તરીકે 'ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ'માં છપાઈ અને એ જ તસવીર અધિકૃત ગણાઈ ઇતિહાસગ્રંથોમાં છપાતી રહી.

મલ્હારરાવ હોળકરના અવસાન પછી ઇંદોરની રાજ્યધુરા અહલ્યાબાઇએ હાથ લીધી. ત્યારે માળવા પર ચડી આવેલા રાઘોબાએ જાણ્યું કે હોળકરનો લગભગ સોળ કરોડનો ખજાનો અહલ્યાબાઇના હાથમાં છે, એટલે એણે કહી મોકલાવ્યું કે પેશવાના લશ્કરને પૈસાની ખૂબ જરૂર છે માટે રાજ્યનો ખજાનો મોકલી આપવો. અહલ્યાબાઇએ તેમ કરવાની ના પાડતાં રાઘોબાએ ઈંદોર પર ચડાઈ કરવાની ધમકી આપી છતાં અહલ્યાબાઇએ દાદ ન આપી અને તે ખરેખર ઈંદોર પર ચડી આવ્યો.

અહલ્યાબાઇને આની જાણ થતાં તે રાજમહેલની સર્વ દાસીઓ અને અન્ય સ્ત્રીવર્ગ સાથે હથિયાર સજી રાઘોબા સામે યુદ્ધના મેદાનમાં પહોંચી. રાઘોબાના સૈન્યે આ જોઈ હથિયાર હેઠાં મૂકી દીધાં કે 'સ્ત્રીઓ સામે લડવાનો આપણો ધર્મ નથી', પરિણામે રાઘોબાને શરમિંદા બની અહલ્યાબાઈની માફી માગી પાછા વળવું પડ્યું. □

પરને પીડીને વાંછે પોતાનું સુખ આગવું,
ફસ્યો જે વેરચક્રાવે તેને મુક્તિ ન વેરથી.

—(ધમ્મપદ)—

છપ્પન વર્ષની ઉંમરે ભગવાન બુદ્ધે પોતાનો પરિચારક નીમવાનું ઇચ્છયું. સારિપુત્ર, મહામોગ્ગાલાન વગેરે જેવા અનેક પ્રિય શિષ્યોએ એ પદ માટે કરેલી વિનતિ પણ ભગવાને નકારી ત્યારે દૂર શાન્ત ઊભેલા આનંદને કોઈએ કહ્યું, 'ભગવાનના ઉપસ્થાનનો અધિકાર તો તું માગી લે'. તેને આનંદે ઉત્તર દીધો, 'માગ્યે મળે એનો અર્થ શો? ભગવાન મને જુએ છે જ. તેમને ઉચિત લાગશે તો મને આપશે'. અને જ્યારે ભગવાને આનંદને જ પસંદ કર્યો ત્યારે તેણે કહ્યું, 'મારી ચાર વિનતિ છે: આપનું ઉત્તમ ચીવર મને ન આપવું. ભિક્ષા ન આપવી, એક ગન્ધ કુટિરમાં નિવાસ ન આપવો અને આપનાં નિમંત્રણોમાં મને સાથે ન લઈ જવો; નહિતર કોઈ માનશે કે હું લાભની લાલચે આપનો પરિચારક થયો છું.' ભગવાને આ શરતો સ્વીકારીને કહ્યું, 'આનંદ સેવા માટે સહજ અધિકારી બને છે.'

કહેવતોના અર્થ: 'ઉપર વાઘા ને માંહે નાગા.'-વગર પૈસે ડોળ કરનારાઓને માટે વપરાતી આ કહેવતને મળતી તો ઘણી કહેવતો છે: 'ભરમ ભારી ને ખીસ્સાં ખાલી'; 'ઠાલો ચણો વાગે ઘણો'; 'ઊંચી દુકાન ને ફિક્કાં પકવાન'; 'ઢમઢોલ ને માંહે પોલ' વગેરે.

ગણિતગમ્મત

કોઈ પણ બે આંકડા લો (દા. ત. ૫ અને ૯). આ બે આંકડાથી બનતી રકમો બનાવો (૫૯ અને ૯૫). બંને રકમોનો સરવાળો કરો. (૫૯+૯૫=૧૫૪). મૂળ ધારેલા બંને આંકડાનો સરવાળો કરો (૯+૫=૧૪) અને તેના વડે બે રકમોનો જે સરવાળો (૧૫૪) છે તેને ભાગો. (૧૫૪÷૧૪) જવાબ ૧૧ જ આવશે.

એ જ રીતે કોઈ પણ ત્રણ આંકડા લો (૬, ૭, ૮). આ ત્રણે આંકડાથી બનતી રકમો બનાવો. છ રકમ બનશે. (૬૭૮, ૭૬૮, ૭૮૬, ૮૭૬, ૮૬૭ અને ૬૮૭). આ છ રકમનો સરવાળો કરો (૪૬૬૨ થયો). મૂળ ધારેલા ત્રણે આંકડાના સરવાળા (૬+૭+૮=૨૧)થી છ રકમોના સરવાળાને ભાગો (૪૬૬૨÷૨૧). જવાબ હમેશાં ૨૨૨ જ આવશે.

આ જ રીતે ચાર આંકડા ધારી તેના વડે બનતી બધી રકમોના સરવાળાને, મૂળ ધારેલા ચારે આંકડાના સરવાળાથી ભાગતાં જવાબ હમેશાં ૬૬૬૬ જ આવશે. આ જ રીતે આગળ અજમાયશ કરી જોજો. —ભરત પાલ

क्रोधस्य कालकूटस्य
विद्यते महदन्तरम् ।
स्वाश्रयं दहति क्रोधः
कालकूटो न चाश्रयम् ॥

ક્રોધ અને કાલકૂટ (વિષ)માં મોટો તફાવત છે: ક્રોધ તો પોતાના આશ્રયને બાળી મૂકે છે, જ્યારે કાલકૂટ પોતાના આશ્રયને બાળતો નથી. આમ ક્રોધ ઝેર કરતાં પણ ભયાનક હોય છે.

હજારો વર્ષથી નાઈલ નદીના પૂર પર ઇજિપ્તવાસીઓની ફસલનો આધાર રહેતો હતો, અને આકાશમાં 'વ્યાધ'નું પ્રથમ દર્શન એ તેમના નૂતન વર્ષનો પ્રારંભ ગણાતો. મનાય છે કે ૬૨૧૬ વર્ષ પહેલાં (આજની ગણતરી પ્રમાણે ઈ. સ. પૂર્વે ૪૨૩૬ની ૧૯ જુલાઈએ) આ બંને ઘટના એક જ સાથે બની અને તેની તેમણે મોટી ઉજવણી કરી, અને ત્યારથી નૂતન વર્ષ-દિનની ઉજવણીનો આરંભ થયો. વર્ષમાં વ્યાધનું પ્રથમ દર્શન અને નાઈલમાં પૂર આવે તેવો યોગ ૧૪૬૦ વર્ષે માત્ર એક જ વાર આવતો.

વીસ કરોડ વર્ષ પછી યે ઉત્ક્રાંતિક્રમમાં જળકાચબાની દેહરચનામાં ખાસ કોઈ ફેરફાર થયો નથી.



કલાકણિકા : ભૂમધ્ય સમુદ્રમાં આવેલા ક્રીટ ટાપુમાંથી મળી આવેલું આજથી લગભગ ૩૫૦૦ વર્ષ પહેલાંનું આ સુશોભિત પાત્ર તે કાળની એ પ્રદેશની સંસ્કૃતિની ઉચ્ચ કક્ષા દર્શાવે છે.



'જ્યારે હું શીર્ષાસન કરું ત્યારે મારી ખોપરીમાં લોહી ધસી આવે છે, તો પછી હું ઊભો હોઉં ત્યારે પગમાં કેમ નથી ધસી આવતું?'

'એટલી યે ખબર નથી? જ્યાં ખાલી જગ્યા હોય ત્યાં જ એ ભરાયને?'

સ્વર્ગમાં જવું હોય તો આપણે સૌ પ્રથમ શું કરવું જોઇએ?'

સૌ પ્રથમ તો 'મરવું જોઇએ'.

આજકાલના એક સમાચાર: એક અજાણ્યો માણસ આપઘાત કરવા ગાડીના પાટા વચ્ચે સૂઈ રહેલો, અંતે એ ભૂખતરસથી મરી ગયો.

વકીલ: ઊલટ તપાસમાં તમે બરાબર જવાબો આપતા હતા. શું તમને અગાઉનો અનુભવ છે?

અસીલ: સાહેબ, મને પરણ્યાને એક દસકો વીતી ગયો છે.

શહેરમાંથી ગ્રામપ્રદેશમાં પર્યટને આવેલા વિદ્યાર્થીઓમાંનો એક બસમાંથી ઊતરતાં જ આશ્ચર્યથી બોલી ઊઠ્યો, આહ! આહ! આહ!

શિક્ષિકા: કેમ, શું જોઇને તને આટલી બધી નવાઈ લાગી?

વિદ્યાર્થી: અરે બેન, જુઓ તો ખરાં! આ ગામડાવાળાને કેટલું બધું મોટું આકાશ છે!

પતિ: નશો કર્યા પછી તું કેટલી ડાહી અને સુંદર લાગે છે!

પત્ની: મેં નશો કર્યો જ નથી.

પતિ: મેં કર્યો છે.

ઇતિહાસ એટલે એ કાળની કથા જેમાં તેનો લેખક હતો જ નહિ.

બે હતભાગીઓ એક બગીચાને બાંકડે એકઠા થઈ ગયા.

પહેલો: મેં મારાં સગાંઓની સલાહ ન માની ને મારા આ હાલ થયા.

બીજો: મેં મારાં સગાંઓની સલાહ માની અને મારા આ હાલ થયા.

કોઈ પણ પ્રકારના ટંટાફિસાદ માટે ઓછામાં ઓછાં બે જણ તો જોઇએ જ, ને જુઓ તો ખરા, લગ્ન માટે પણ બે જ જણ જોઇએ!

विपत्तिष्वव्यथो दक्षो, नित्यमुत्थानवान्नरः।
अप्रमत्तो विनीतात्मा, नित्यं भद्राणि पश्यति ॥

જે પુરુષ વિપત્તિમાં પણ શાંત રહેનારો,
ચતુર, સદા ઉદ્યોગી, પ્રમાદ વગરનો તથા
વિનયવાળો છે, તે સદા કલ્યાણને જ પામે છે.

ધી ઇન્ડિયન પ્લાયવૂડ મૅન્યુફૅક્ચરિંગ કંપની લિમિટેડ

૯, વૉલેસ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૦૧